
સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૨૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# હાંસલપુરમાં મારુતિ ઈ-વિટારાનું લોન્ચીંગ કરતા મોદી

## સુઝુકીની ઈલેક્ટ્રીક કારના લોન્ચીંગ સાથે બેટરી પ્લાન્ટનું ઉદ્દ્‌ઘાટન કરતા વડાપ્રધાન : ઈ કારની જાપાન સહિતના ૧૦૦ દેશોમાં નિકાસ કરાશે



હાંસલપુરમાં, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાંસલપુર સ્થિત મારુતિ સુઝુકી કંપનીની પહેલી ઈલેક્ટ્રિક કાર મારુટી ઈ વિટારાનું લોન્ચિંગ અને બેટરી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. ભારતમાં બનેલી મારુતિ સુઝુકીની આ પહેલી ઈલેક્ટ્રિક કાર જાપાન સહિત ૧૦૦થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે. આ કાર સિંગલ ચાર્જમાં ૫૦૦ કિલો મીટર ચાલશે. ઓટો મોબાઈલ હબ બનવા તરફ આ ગુજરાતનું સૌથી મોટું પગલું છે.

PM મોદીએ ૨૫ ઓગસ્ટે નરોડા હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ સુધી રોડ શો કર્યો હતો. રોડ શો પૂર્ણ કરી તેઓ સભા સ્થળે પહોંચ્યા અને ૫૪૭૭ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ-ખાત મુહૂર્ત કર્યા હતા. ત્યાર બાદ જાહેર સભા સંબોધી હતી.

મારુતિ સુઝુકીના મહેસાણાના ડીલર અને વિજાપુરના પૂર્વ ધારાસભ્ય રમણ પટેલે જણાવ્યું કે મારુતિ ઉદ્યોગ લિમિટેડ દ્વારા જે મારુતિનું પ્રોડક્શન હરિયાણામાં હતું એની જગ્યાએ ગુજરાતમાં પણ ચાલુ કર્યું છે અને એમાં ઈ-ગાડીનું અહીં જ્યારે ઉત્પાદન કરવાનું છે ત્યારે ચોક્કસથી એવું કહી શકાય કે આ સમયની માંગ છે. જે પેટ્રોલ ડીઝલની અછત ન થાય અને ભવિષ્યમાં ઈલેક્ટ્રિકથી ગાડીઓ ચાલે અને પોલ્યુશન ઓછું થાય એના માટે મારુતિએ હંમેશા એગ્રેસિવ રહીને આ ગાડીનું ઉત્પાદન કરવાનું કર્યું છે.

વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન હતું કે ગુજરાતમાં ઉદ્યોગો ડેવલપ થાય અને ગુજરાતમાં યુવાનોને રોજગારી મળે, ગુજરાત આગળ વધે એ માટે જ્યારે ગુજરાતમાં પ્લાન્ટ નાખ્યો છે ત્યારે ૧૦૦% આપણા વિસ્તારને આ પ્લાન્ટથી ખૂબ મોટો ફાયદો થયો છે અને રોજગારી પણ મળી રહી છે.અત્યારે સમયની માંગ પ્રમાણે ઈ-વ્હીકલની ડિમાન્ડ ખૂબ છે. થોડી કોસ્ટલી પડે, પરંતુ ગવર્મેન્ટ એમાં થોડી સબસીડી પણ આપવા જઈ રહી છે અને આપી રહી છે આરટીઓ રજીસ્ટ્રેશનમાં એટલે લોકોની ડિમાન્ડ ખરેખર ખૂબ સારી રહેશે.અત્યારે હાલ મારુતિની ગ્રાન્ડ વિટારા માં ઈ-વ્હીકલ તરીકેનું મોડેલ લોન્ચ થવાનું છે,જે આવનારા ટૂંક સમયમાં આ ગાડી લોન્ચ થશે.આ ભવિષ્યમાં મારુતિ બધા જ મોડેલોમાં આ ઈ-વ્હીકલ આવશે એવું ચોક્કસ કહી શકાય.

# ભારત પર ૫૦ ટકા ટેરિફ અંગે ટ્રમ્પ તંત્રનું જાહેરનામું


## અમેરિકા સામે ભારતે મક્કમ વલણ અપનાવતા હવે નવા વ્યાપાર -યુદ્ધના મંડાણ

નવી દિલ્હી, તા. ૨૬

કૃષી અને ડેરી પ્રોડકટસમાં અમેરિકી ઉત્પાદનો માટે ભારતના દરવાજા નહી ખોલવા મોદી સરકારે મકકમતા દર્શાવતા અને રશિયન ક્રુડતેલ ખરીદીમાં પણ ફકત અમેરિકી દબાણ આગળ નહી મુકવાનો સંકેત આપી દેતા ટ્રમ્પ શાસને ભારત પર ૨૫+૨૫=૫૦% ટેરીફ તા.૨૭થી અમલી બની જતું જાહેરનામું બહાર પાડી દીધું છે.

અમેરિકી સમય મુજબ તા.૨૭ના ૧૨.૦૧ કલાકથી ૫૦% ટેરીફનો અમલ શરૂ થશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે તા.૬ ઓગષ્ટના જે એકઝીકયુટીવ ઓર્ડરને ૧૪૩૨૯ પર સહી કરી હતી તેનો અમલ કરવા અમેરિકાના હોમલેન્ડ સિકયોરિટી વિભાગ તથા અમેરિકી કસ્ટમ અને બોર્ડર પ્રોટેકશન વિભાગ દ્વારા કરવામાં આવશે.

આ ૫૦% ટેરીફ ભારતથી અમેરિકામાં થતી નિકાસ પર લાગશે. જો કે હાલ અમેરિકી હિતો જોતા ફાર્માસ્યુટીકલ, સેમીકંધડકટર તથા ઉર્જા સાધનો પર આ



વધારાના ટેરીફ લાગશે નહી પણ અગાઉ જે નિયમીત ટેરીફ હેઠળ જ તે અમેરિકામાં નિકાસ થશે.

રશિયા દ્વારા અમેરિકા પર જે ‘ભય’ છે તેના સંદર્ભમાં ૨૫% વધારાના ટેરીફ લદાયા હોવાનું આ નોટીફીકેશનમાં જણાવાયું છે. અમેરિકી ટેરીફથી ભારતમાં ખાસ કરીને રોજગાર સાથે જોડાયેલા ટેક્ષટાઈલ- જેમ્સ જવેલરી લેધર, રસાયણ, ઓટો પાર્ટસ, કેમીકલ પર સૌથી મોટી અસર થશે.

ઘર આંગણે નાના ઉદ્યોગો જે આ નિકાસ પર આધારિત છે તેને માટે અમેરિકામાં ડયુટી વધતા તે સ્પર્ધાત્મક બજાર ગુમાવશે. ઘરઆંગણે રોજગારી-ઉત્પાદન પર તેની મોટી અસર થશે.અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેની ટ્રેડ-વાટાઘાટમાં હવે પ્રગતિ ન થાય તો વધુ મોટા પગલાની ધમકી આપી છે. ખાસ કરીને રશિયન ક્રુડતેલ ભારત જે ખરીદે છે તેની સામે અમેરિકાને વાંધો છે. અમેરિકા આ ટેરીફથી રશિયા પર દબાણ વધારવા માંગે છે જેથી તે યુક્રેન યુદ્ધમાં સમાધાનની ભૂમિકા પર આવે તેમાં ટ્રમ્પનો ઈરાદો છે. જો કે ભારતે સ્પષ્ટ કર્યુ છે કે રાષ્ટ્રીય હિતો સાથે કોઈ સમાધાન નહી કરે. વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે ક્રુડતેલ આયાત સહિતના મુદે ભારતના વલણનો બચાવ કર્યો છે.વાસ્તવમાં ચીન અને યુરોપીયન સંઘ ભારત કરતા ક્રુડતેલ-ગેસ સહિતના પેટ્રો ઉત્પાદનો વધુ ખરીદે છે તો ડેરી-કૃષી ઉત્પાદનોમાં અમેરિકા ઈચ્છે છે કે

અનુસંધાન પાના ૭ પર

### ટ્રમ્પ દ્વારા વધુ ઉંચો ટેરીફ લાદવા વિવિધ દેશોને ધમકી

નવી દિલ્હી, તા. ૨૬

ભારત પર ઉંચા ટેરીફ સાથે હવે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી ટેક. કંપનીઓ પર ડીજીટલ ટેક્ષ નાખનાર દેશ પર વધારે ઉંચા ટેરીફ લાદવાની ધમકી આપી છે. અમેરિકી સોશ્યલ મીડીયા કંપનીઓ ઉપરાંત નાણાકીય અને અન્ય ડિજીટલ સેવા આપતી કંપનીઓ જે ભારત સહિતના દેશોમાં મોટો ડીજીટલ વ્યાપાર કરે છે. ડેટા વિ. પણ મેળવે છે.ગુગલ-મેટા સહિતની કંપનીઓ જાહેરાતની પણ મોટી કમાણી કરે છે. ટ્રમ્પે ટૂથ-સોશ્યલ પર આ પ્રકારે એક પોસ્ટમાં જણાવ્યુ કે જે દેશો ડિજીટલ ટેક્ષ- કાનૂન અથવા નિયંત્રણો લાદે છે અથવા લાદવા માંગે છે.

અનુસંધાન પાના ૭ પર

# આપના નેતા સૌરભ ભારદ્વાજના ઘર સહિત ૧૪ સ્થળો પર ઈડીના દરોડા

### હોસ્પિટલના નિમાર્ણમાં દિલ્હીના પૂર્વ મંત્રી ભારદ્વાજે રૂ. ૫૫૯૦ કરોડના ગોટાળો કર્યો હોવાનો આરોપ

નવી દિલ્હી, તા. ૨૬

આમ આદમી પાર્ટીના નેતા અને પુર્વ મંત્રી સૌરભ ભારદ્વાજના ઘર સહીત જુદા જુદા સ્થળે ઈડીએ દરોડા પાડયા છે. આ કાર્યવાહી હોસ્પિટલના નિર્માણમાં થયેલા ગોટાળાને લઈને કરાઈ છે. ઈડીના અધિકારીઓએ જણાવ્યું છે કે ઈડીની ટીમે હોસ્પિટલના નિર્માણમાં અનિયમીતતા સાથે સંકળાયેલ મની લોન્ડરીગ કેસમાં ભારદ્વાજના ઘેર દરોડા પાડવામાં આવ્યા છે.

ગત જુન ૨૪ના રોજ ‘આપ’ સરકારના સ્વાસ્થ્ય મંત્રી રહેલા સત્યેન્દ્ર જૈન અને સૌરભ ભારદ્વાજની વિરૂધ્ધ હજારો કરોડથી વધુના કથિત હોસ્પિટલ કૌભાંડની તપાસને ઉપરાજયપાલ વી.કે.સકસેનાએ મંજુરી આપી દીધી હતી. તપાસ માટે ભાજપ નેતા વિજેન્દ્ર ગુપ્તાએ ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના ફરીયાદ લીધી હતી.

તત્કાલીન મંત્રી સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈન પર મીલીભગત કરીતે સ્વાસ્થય વિભાગમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો આરોપ લગાવાયો હતો. આમ આદમી પાર્ટીએ આ આરોપોનો

અનુસંધાન પાના ૭ પર

### ઓપરેશન સિંદુર પછી પ્રથમવાર

# તાવી નદીમાં પુર અંગે માનવતા માટે ભારતે પાક.નો સંપર્ક કર્યો

### પાક.ને અપાયેલી ચેતવણી અંગે ભારતના વિદેશ મંત્રાલયની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા. ૨૬

ભારતે જમ્મુ અને કાશ્મીરમાં તાવી નદીમાં પૂરની સ્થિતિ અંગે માનવતાવાદી ધોરણે પાકિસ્તાનને જાણ કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પગલું ફક્ત માનવતાવાદી સહાયના હેતુથી લેવામાં આવ્યું છે.

ઈસ્લામાબાદ સ્થિત ભારતીય હાઈ કમિશને રવિવારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયને પૂર વિશે માહિતી આપી હતી. આ પહેલી વાર છે જ્યારે હાઈ કમિશન દ્વારા આવી માહિતી શેર કરવામાં આવી હોય.

સામાન્ય રીતે, સિંધુ જળ સંધિ હેઠળ, બંને દેશોના જળ કમિશનરો વચ્ચે પૂરની ચેતવણીઓ શેર કરવામાં આવતી હતી. આ વર્ષે મે મહિનામાં ભારતના ઓપરેશન સિંદૂર પછી, બંને દેશો વચ્ચે વાતચીત લગભગ બંધ થઈ ગઈ છે.

રવિવારે સવારે ૮:૩૦ વાગ્યા સુધી ૨૪ કલાકમાં જમ્મુમાં ૧૯૦.૪ મીમી વરસાદ પડ્યો હતો, જે છેલ્લા ૧૦૦ વર્ષમાં ઓગસ્ટ મહિનામાં બીજો સૌથી વધુ વરસાદ છે. અગાઉ, ૧૯૨૬ ના ઓગસ્ટ મહિનામાં ૨૨૮.૬ મીમી વરસાદ પડ્યો હતો, જે છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી વધુ છે.

પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો હતો કે ભારતે સંધિ હેઠળ માહિતી પૂરી પાડી હતી આજે, પાકિસ્તાની મીડિયા અહેવાલોમાં

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાનો ધ્વજ સળગાવનારને જેલમાં ધકેલી દેવા ટ્રમ્પનો આદેશ

### કેશલેસ જમીનનો કાયદો નાબુદ કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ

નવી દિલ્હી, તા. ૨૬

સોમવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે બે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. પહેલા ઓર્ડરમાં, પૈસા જમા કરાવ્યા વિના આરોપીઓને મુક્ત કરવાની સિસ્ટમ (કેશલેસ જામીન) નાબૂદ કરવામાં આવી હતી. જ્યારે બીજા ઓર્ડરમાં, અમેરિકન ધ્વજ સળગાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, અમેરિકન ધ્વજ સળગાવનારાઓને જેલમાં ધકેલી દેવા જોઈએ અને જો તેઓ ઈમિગ્રન્ટ્સ હોય, તો તેમને દેશમાંથી દેશનિકાલ કરવાનો ઉલ્લેખ કરાયો છે.

૧૯૮૯માં યુએસ સુપ્રીમ કોર્ટે ૫-૪ના બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે ધ્વજ સળગાવવો એ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર છે, પરંતુ ટ્રમ્પે એટર્ની જનરલ પામ બોન્ડીને એવો કેસ શોધવા કહ્યું છે જે આ ચુકાદાને પડકારી શકે.

વ્હાઈટ હાઉસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, બે

અનુસંધાન પાના ૭ પર

### પર્વતીય રાજ્યોમાં હજુ અતિભારે વરસાદ

# હિમાચલમાં ભૂસ્ખલનથી મણિ મહેશ યાત્રામાં ૮૦૦ યાત્રી ફસાયા

### હિમાચલ, કાશ્મીર, ઉત્તરાખંડમાં સતત થતું ભૂસ્ખલન

નવી દિલ્હી, તા. ૨૬

પહાડી રાજયોમાં સતત વરસાદના કારણે જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે. હિમાચલ, જમ્મુ-કાશ્મીર અને ઉતરાખંડમાં અનેક જગ્યાએ વરસાદના કારણે ભૂસ્ખલનથી રસ્તાઓ બંધ થઈ ગયા છે. હિમાચલમાં મણિ મહેશ યાત્રાએ ગયેલા ત્રણ શ્રદ્ધાળુઓના મૃત્યુના ખબર છે. જમ્મુ-કાશ્મીરના ૮ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ હિમાચલમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે પ્રસિધ્ધ મણિ મહેશ યાત્રા પર ગયેલા પંજાબના ત્રણ યાત્રાળુઓની ઓકિસજનની કમીના કારણે મોત થયા છે.

હિમાચલમાં હવામાન વિભાગના એલર્ટ બાદ ચંબા પ્રશાસને હાલ મણિ મહેશ યાત્રા સ્થગીત કરી દીધી છે. મણીમહેશ યાત્રામાં હડસરથી માંડીને ડલ સુધી લગભગ ૮૦૦ યાત્રાળુઓ ફસાયા છે.કાંગડા જિલ્લામાં પોંગ ડેમનું જલસ્તર વધી ગયું છે. બિલાસપુર-સ્વાટઘાટ પાસે ચંદીગઢ-મનાલી એનએસ પર છડોલમાં ભૂસ્ખલનની ઝપટમાં બે વાહનો આવ્યા હતા. ભારે વરસાદની હવામાન વિભાગની ચેતવણીના પગલે ચંબા, મંડી, કાંગડા અને ઉના જિલ્લામાં આજે પણ બધી સ્કુલો અને આંગણવાડીઓ બંધ રહેશે.

બીજી બાજુ જમ્મુ-કાશ્મીરમાં કયાંક મુશળધાર તો કયાંક હળવો વરસાદ વરસી રહ્યો છે. હવામાન

અનુસંધાન પાના ૭ પર

# રૂના ભાવ ૪ ટકા તૂટતા કોટન કોર્પોરેશન ખરીદી કરવા તૈયાર

### કોટન કોર્પોરેશન ટેકાના ભાવે અમર્યાદીત પ્રમાણમાં રૂની ખરીદી કરશે

નવી દિલ્હી, તા. ૨૬

અમેરિકાનાં ૫૦ ટકા ટેરીફને પગલે ભારતીય ગારમેન્ટ-ટેકસટાઈલ નિકાસકારો સ્પર્ધામાં ટકી શકે તે માટે કેન્દ્ર સરકારે આયાત પર ૩૦ સપ્ટેમ્બર સુધીની જકાત મુકિત જાહેર કરી છે તેની અસરે ભાવમાં ગાબડુ પડયું છે. સરકારી એજન્સી કોટન વેચાણભાવ ઘટાડવાની સાથોસાથ અમર્યાદિત ધોરણે ટેકાના ભાવે કપાસની ખરીદી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ભારત સરકારે ૩૦ સપ્ટેમ્બર સુધી ૪૧ દિવસ માટે કપાસ પરની આયાત જકાત નાબુદ કરી છે. આંતર રાષ્ટ્રીય માર્કેટની સરખામણીએ ભારતમાં રૂના ભાવ ૯ થી ૧૦ ટકા ઉંચા હતા. વૈશ્ર્વિક માર્કેટને ધ્યાને રાખીને આયાત જકાત મુકિત જાહેર કરવામાં આવી હતી.

કોટન એસોસીએશન ઓફ ઈન્ડિયાના કથન મુજબ આયાત જકાત મુકિત જાહેર થયા બાદ ભારતીય માર્કેટમાં ભાવ રૂા.૨૦૦૦ ઘટીને ૫૫૦૦૦ થઈ ગયા છે. કોટન કોર્પોરેશને પણ ભાવમાં ૧૧૦૦ નો ઘટાડો કર્યો છે અને તેના ભાવ ૫૪૦૦૦ થયા છે.

નિકાસ વિન્ડોને સમયગાળો વધારવા માટે ગારમેન્ટ-ટેકસટાઈલ્સ ક્ષેત્રના વિવિધ સંગઠનોએ સરકારમાં રજુઆત કરી છે. આયાત જકાત મુકિતના

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં ઔદ્યોગિક પ્રમોશન પેકેજ ૨૦૨૫ જાહેર કરતા નિતીશ કુમાર

પટણા, તા. ૨૬

બિહાર સરકારે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે બીજું એક મોટું પગલું ભર્યું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે મંગળવારે 'બિહાર ઔદ્યોગિક રોકાણ પ્રમોશન પેકેજ ૨૦૨૫' (BIPPP-૨૦૨૫) ની જાહેરાત કરી. રાજ્યમાં રોકાણ આકર્ષવા અને યુવાનોને મોટા પાયે રોજગારી પૂરી પાડવાની દિશામાં આ યોજના મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, "બિહારમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, સરકારે હવે મૈંછ્રઢછ એમ્નેસ્ટી પોલિસી ૨૦૨૫ પછી નવું બિહાર ઔદ્યોગિક રોકાણ પ્રમોશન પેકેજ ૨૦૨૫ લાગુ કર્યું છે."

મુખ્યમંત્રીએ કહ્યું કે આ યોજના હેઠળ, ઉદ્યોગો સ્થાપનારાઓને ૪૦ કરોડ રૂપિયા સુધીની વ્યાજ સબસિડી આપવામાં આવશે. તે જ સમયે, નવા ઔદ્યોગિક એકમોને ૧૪ વર્ષ માટે ચોખ્ખા જીય્જી ના મંજૂર પ્રોજેક્ટ ખર્ચના ૩૦૦ ટકા સુધીની ભરપાઈ કરવામાં આવશે. આ ઉપરાંત, સરકાર ૩૦ ટકા સુધીની મૂડી સબસિડી પણ આપશે.

તેમણે એ પણ જાહેરાત કરી કે નિકાસ પ્રમોશનની મર્યાદા ૧૪ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ૪૦ લાખ રૂપિયા હશે. આ ઉપરાંત, કૌશલ્ય વિકાસ, પર્યાવરણીય સંરક્ષણ, નવીનીકરણીય ઉર્જાનો ઉપયોગ, સ્ટેમ્પ ડ્યુટી અને જમીન રૂપાંતર ચાર્જની ભરપાઈ, ખાનગી ઔદ્યોગિક ઉદ્યાનોને ટેકો, પેટન્ટ નોંધણી અને ગુણવત્તા પ્રમાણપત્ર માટે સહાય આપવામાં આવશે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પણ માહિતી આપી હતી કે નવા ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ હેઠળ રોકાણને પ્રોત્સાહન આપવા માટે મફત જમીન ફાળવવામાં આવશે. ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ રોકાણ કરનારા અને ૧૦૦૦ થી વધુ સીધી નોકરીઓ બનાવનારા ઔદ્યોગિક એકમોને ૧૦ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે. ૧૦૦૦

અનુસંધાન પાના ૭ પર

## નવા ઉદ્યોગોને રૂ. ૪૦ કરોડ સુધીની વ્યાજ સબસીડી સરકાર ચુકવશે



# વોટ અધિકાર યાત્રામાં રાહુલ ગાંધી સાથે પ્રિયંકા પણ જોડાયા

### તેલંગાણાના મુખ્યમંત્રી રેડ્ડી પણ બિહાર યાત્રામાં સામેલ

નવી દિલ્હી, તા. ૨૬

બિહારમાં વોટર અધિકાર યાત્રાના ૧૦મા દિવસે, રાહુલ ગાંધીને તેમની બહેન પ્રિયંકાનો સાથ મળ્યો છે. એક દિવસના વિરામ પછી, મંગળવારે સુપૌલથી યાત્રા ફરી શરૂ થઈ છે. પ્રિયંકા ઉપરાંત, તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડી પણ તેમાં સામેલ છે.

વિપક્ષના નેતા તેજસ્વી યાદવ, પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ અને સીપીઆઈ(એમએલ) નેતા દીપાંકર ભટ્ટાચાર્ય પણ ગાડીમાં છે. રાહુલનો કાફલો સુપૌલમાં આઈટીઆઈ કોલેજ ગ્રાઉન્ડથી આગળ વધ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# વરસાદી રોગચાળામાં ૧૫ લોકોનો ભોગ લેવાયો : આપ

## સુરતમાં સંભવિત રોગચાળાની પરિસ્થિતિ અટકાવવા વિપક્ષ નેતા પાયલ સાકરિયા મેદાને

સુરત, તા.૨૬

સુરત મહાનગરપાલિકાના વિસ્તારોમાં ચોમાસા તથા ખાડીપુરને ધ્યાને લઇ શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રિમોન્સુનની કામગીરી સહિત આરોગ્ય વિભાગની કામગીરી માત્ર '' કાગળ પરના વાઘ સમાન '' કરવામાં આવેલ હોવાથી તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર અત્યંત ઝેરી રસાયણોવાળા વિવિધ ઔધોગિક મીલોના અને તપેલા ડાઈંગના કેમીકલયુકત ગંદા પાણીનો ભરાવો તેમજ દુષિત પીવાના પાણીના કારણે પાલિકાના વિવિધ વિસ્તારોમાં ઝાડા તથા ઉલ્ટીના તેમજ ટાઈફોઈડ તથા ડેંગ્યુના જીવલેણ રોગચાળાએ છેલ્લાં એક માસથી માથુ ઉચકતા માત્ર ૧ માસના ટુંકાગાળામાં ૬ બાળકો સહિત ૧૬ નિર્દોષ નાગરિકોના જીવ ગયેલ જે ખુબ જ દુઃખદ ઘટના સહિત નિષ્ઠુર શાસકો તથા કુંભકર્ણની નિંદ્રામાં આરૂઢેલ વહીવટીતંત્રની બિનસંવેદનશીલ નીતિનું પરિણામ છે. આ મુદ્દે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મનપા કમિશ્નરને તાકીદ કરતા જણાવ્યું હતું કે, દર વર્ષે આ રોગચાળાની ઘટનામાં નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાતો હોવા છતાં વહીવટીતંત્ર તેમજ શાસકો આગોતરૂ આયોજન કરવામાં સદંતર નિરસતા દાખવતા આવેલ છે. હાલમાં સમગ્ર શહેરમાં ડેંગ્યુ, ટાઈફોઈડ, મેલેરીયા તેમજ કમળા સહિત ઝાડા-ઉલટીના કેસો ખુબ જ મોટી સંખ્યામાં આવી રહેલ છે જેમાં મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ પણ ઝપેટમાં આવેલ છે જેથી સુરત સીવીલ હોસ્પિટલ તથા સ્મીમેર હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં દર્દીઓનો ધસારો થતા દર્દીઓને સમયસર બેડ ન મળવાની બુમો ઉઠવા પામી છે ત્યારે તમામ બાબતે માત્ર સરકારી રાહે આંકડા દર્શાવીને સંતોષ માણવાથી પરિસ્થિતિ વધુ ભયાવહ બની શકે એમ છે.

પાયલ સાકરિયાએ મનપા કમિશ્નરને શહેરના વિવિધ વિસ્તારોમાં સરકારી સહિત ખાનગી હોસ્પિટલો, ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ધર્માદા હોસ્પિટલો, વિવિધ લેબોરેટરીઝ, સરકારી આરોગ્ય કેન્દ્રો તેમજ હોસ્પિટલ્સના વિવિધ રોગના દર્દીઓના આંકડાઓ મેળવી અસરગ્રસ્ત વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વે ટીમ મોકલીને આરોગ્યની ચકાસણીઓ હાથ ધરીને અસરગ્રસ્તો ઓળખીને તેમને સારવાર પુરી પાડવા સહિત યુઘ્ધના ધોરણે પાણી તેમજ મચ્છરજન્ય બીમારીઓને પ્રસરતા અટકાવવા તળિયાઝાટક સફાઇ કરીને દવાના છંટકાવ સહિત પીવાના પાણીના સેમ્પલ મેળવીને તેમજ પીવાના પાણીને દુષિત કરતા પરિબળોને શોધીને દુર કરી રોગચાળા પર નિયંત્રણ મેળવવા વ્યવસ્થા ગોઠવી સદર બાબતે થનાર કાર્યવાહીની માહીતી ૧૦ દિવસમાં આપવા જણાવ્યું હતું. તેમજ છેલ્લા ત્રણ માસમાં સમગ્ર શહેરમાં સરકારી, ખાનગી, ધર્માદા હોસ્પિટલો તેમજ વિવિધ લેબોરેટરીઓ ખાતેની ડેંગ્યુ, ટાઈફોઈડ, મેલેરીયા તેમજ કમળા સહિત ઝાડા-ઉલટીના કેસોની સંખ્યા તથા મૃત્યુની ઘટનાઓના આંકડા દર્શાવતી માહિતી યુઘ્ધના ધોરણે સંકલિત કરીને ૩ દિવસમાં આપવા જણાવ્યું હતું .



# ભટારમાં શ્રી ઠાકોરજી સેના સમિતિ દ્વારા ભવ્યતિભવ્ય ગણેશ ઉત્સવ

## ગણેશ ઉત્સવમાં લેઝર શો દ્વારા રામાયણના જીવંત દ્રશ્યોનું પ્રસારણ કરાશે

સુરત, તા.૨૬

શ્રી ઠાકોરજી સેવા સમિતિ દ્વારા સને ૧૯૯૮માંથી નિરંતર ગણેશોત્સવનું ધામધૂમથી આયોજન કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારનાં સ્પોન્સર વિના સંસ્થાનાં ૧૦૦ જેટલા સ્વયં સેવકોએ જ ગણેશોત્સવનો તમામ ખર્ચ ઉઠાવતાં હોય છે. આ સિવાય ભટાર જેવા અત્યંત વ્યસ્ત વિસ્તારમાં ગણેશોત્સવનાં આયોજન દરમિયાન કોઈપણ પ્રકારની ટ્રાફિકની સમસ્યા ન ઉદભવે તે માટે પણ મંડળનાં સ્વયં સેવકો દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવતાં હોય છે. શ્રી ઠાકોરજી સેવા સમિતિ દ્વારા દેવાધિદેવ શ્રીજીની પ્રતિમા ભારે શ્રદ્ધા સાથે મુંબઈનાં કારીગરો પાસે બનાવવામાં આવે છે અને પ્રતિમાને અંતિમ ઓપ આપ્યા બાદ સમિતિનાં સ્વયં સેવકોનાં હસ્તે જ બાપ્પાની પ્રતિમાનું કલરકામ કરવામાં આવતું હોય છે. દુંદાળા દેવની સ્થાપના બાદ સંભવતઃ સુરતનું આ એક જ મંડળ છે જેના દ્વારા ગણેશોત્સવ દરમિયાન નિત્ય મંગળા આરતીનું પણ આયોજન કરાય છે. જેમાં સ્વયં સેવકોની સાથે – સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આરતીનો લાભ લેતાં હોય છે. સામાજીક અને ધાર્મિક સહિત રાષ્ટ્રવાદની થીમ પર શ્રી ઠાકોરજી સેવા સમિતિ દ્વારા દર વર્ષે અલગ – અલગ થીમ રાખવામાં આવે છે. આ વર્ષે પણ ઠાકરોજી મહેલની થીમ પર મંડળ દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લેઝર શો દ્વારા રામાયણનાં દ્રશ્યો જીવંત કરવામાં આવશે. આ સિવાય સેનાનાં અદમ્ય સાહસ અને શૌર્ય પરાક્રમ રૂપી ઓપરેશન સિંદુરનો પણ લેઝર શોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને શ્રીજીનાં દર્શન માટે આવનારા ભક્તો માટે મંડળ દ્વારા રોજ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં પ્રતિદિન ૧૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ મહાપ્રસાદનો લાભ લે છે.



# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ની વિદ્યાર્થિનીને ભરતનાટ્યમમાં ગોલ્ડ મેડલ

## કલા ક્ષેત્રે યુનિ.નું ગૌરવ વધારતી રાધા અંજલી ગઢવી

સુરત, તા.૨૬

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ની MTB આર્ટ્સ કોલેજમાં M.A. (Psychology) નો અભ્યાસ કરતી તેમજ સર્વજનિક યુનિવર્સિટીમાંથી M.P.A. (Bharatanatyam) અભ્યાસ કરતી વિદ્યાર્થિની રાધા અંજલી અજીતસિંહ ગઢવીએ તાજેતરમાં કલા ક્ષેત્રમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિની અલંકાર (M.A. Bharatanatyam) પરીક્ષામાં, કલા ગુરુ શ્રીમતી પાયલબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ, આખા ગુજરાતમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ પ્રાપ્તિ દ્વારા તેણે પોતાનું નામ તો ઉજ્જવળ કર્યું જ છે, સાથે સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પણ ગૌરવ વધાર્યું છે. રાધા અંજલી અજીતસિંહ ગઢવીએ આ પહેલાં પણ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિસ્પર્ધાઓમાં પ્રતિભા દેખાડી છે. ઈન્ટરનેશનલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચૂક્યા છે.યુથ ફેસ્ટિવલમાં બે વખત વિજેતા રહી છે, તેમજ ઈન્ટર-કોલેજ અને યુનિવર્સિટી સ્તરની વિવિધ સ્પર્ધાઓમાં અનેક પુરસ્કારો પોતાના નામે કર્યા છે. તેમની આ સિદ્ધિઓ એ સાબિત કરે છે કે તે અભ્યાસ અને કળા બંને ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. તેમની સફળતાયુનિવર્સિટી અને સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવની બાબત ગણાઈ રહી છે. તેણીની સફળતા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેણીને શુભેચ્છાઓ પાઠવે છે.

# અંબિકા યુવક મંડળના શ્રીજી મહારાજની ભવ્ય શોભાયાત્રા

ખેરગામ, તા.૨૬

ખેરગામ દાદરી ફળિયાના અંબિકા યુવક મંડળ દ્વારા વરસતા વરસાદમાં વિઘ્નહર્તા ગણપતિનો આગમનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.શરૂઆત બાબાસાહેબ આંબેડકર સર્કલ શ્રીજીને દર્શન માટે ખુલ્લા મુકાયા હતા.અને ડીજેના સથવારે તેમજ નાસિક ઢોલ સાથે ગાંધી સર્કલ મેઈન બજારના મુખ્ય માર્ગ ઉપર ધાર્મિક ગીતો ઉપર ગણેશ ભક્તો મોટી સંખ્યામાં નૃત્ય ગરબા ઘૂમીને નગરના મુખ્ય માર્ગ ઉપર ફરી ભવ્ય ઉત્સવ ઉજવ્યો હતો.તેમજ



ખેરગામના વેણ ફળિયાના ગણેશ ભક્તોએ પણ ભવ્ય શોભાયાત્રા ડીજેના તાલે કાઢી હતી.



# જામનપાડા ડેપ્યુટી સરપંચ તરીકે ધીરુ મહલાની બિનહરીફ વરણી

ખેરગામ, તા.૨૬

ખેરગામ તાલુકાના જામનપાડા ગામના ડેપ્યુટી સરપંચ પદે ભારતીય જનતા પાર્ટીના ખૂબ જ જુના અને કર્મઠ કાર્યકર્તા એવા ધીરૂભાઈ મહાલાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.જેમાં મહિલા સરપંચ કોકીલાબેન પટેલ, સરપંચ પતિ કરસનભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્યશ્રીઓ ઉપસ્થિત રહી સાથે ખેરગામ ભાજપ પ્રમુખ લિતેશભાઈ ગાંવિત, મહામંત્રીઓ ચેતનભાઈ પટેલ અને વિજયભાઈ રાઠોડ અને યુવા મહામંત્રી સુરજ પટેલ ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી.

# અલખયાત્રામાં ૨૧૦૦થી વધુ વાહનો સાથે હજારો ભક્તો સતાધાર પહોંચ્યા

## ૨૧ ગામોમાં ભવ્ય સ્વાગત રંગોળી, પુષ્પવર્ષા અને પ્રસાદ સાથે ભાવિકોએ યાત્રાળુઓનું સન્માન કર્યું



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા, સૌરાષ્ટ્રના પાંચ પંથકોને જોડતી ધર્મજાગરણ સમન્વય સમિતિ, સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા સોમવારે ભાદરવા સુદ બીજના પાવન દિવસે એક ભવ્ય 'અલખયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા સાવરકુંડલાથી શરૂ થઈને સત્તાધાર ખાતે પૂરી થઈ હતી. જેમાં ૨૧૦૦થી વધુ વાહનો, ૧૦૦ થી વધુ સંતો અને હજારોની સંખ્યામાં ધર્મપ્રેમી ભક્તો જોડાયા હતા.આ યાત્રાનો પ્રારંભ સવારે ૮ વાગ્યે સાવરકુંડલા ખાતે પૂજ્ય કાનજીબાપુની જગ્યાએથી થયો હતો. આ યાત્રામાં સાવરકુંડલાની મુખ્ય યાત્રા ઉપરાંત અમરેલી અને બગસરાથી પણ વાહનો જોડાયા હતા, જે વિસાવદર ખાતે એકસાથે મળીને સત્તાધાર પહોંચ્યા હતા. આ યાત્રામાં રથ, અશ્વો, ડી.જે., અને ઢોલ-નગારાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અલખયાત્રા સાવરકુંડલાથી શરૂ થઈને નેસડી, ઈંગોરાળા, કમી, કેરાળા, ચલાલા, મીઠાપુર, ડુંગરી, ઝર, મોરઝર, છતડીયા, ધારી, પ્રેમપરા, માલસીકા, વેકરીયા, લાલપુર, જેતલવડ, ખીસરી, કાલસારી, વિસાવદર, અને જીવાપર જેવા ૨૧ ગામોમાંથી પસાર થઈ હતી. આ યાત્રાના માર્ગ પર આવતા ગામોના લોકોએ

# નવસારીમાં ડીજે વાહનમાંથી પટકાતા બાળકનું મોત થયું

## અકસ્માતમાં અન્ય એકને સામાન્ય ઈજા

નવસરી, તા.૨૬

નવસારીના આશાબાગ વિસ્તારમા રાધે કૃષ્ણા મંદિર આગળ ડીજે લોડેડ વાહન પર ઉભા રહેલા બાળક નીચે પટકાતા મોત નીપજ્યુ છે.અને અન્ય એક યુવાનને સારવાર માટે દવાખાને ખસેડવામા આવ્યો છે. સૂત્રો પર થી મળતી માહીતી મૂજબ ગણદેવીના માણેકપોર ગામનુ ડીજે ગણેશ આગમનનો ઓર્ડર પર નવસારી આવી રહ્યો હતો. જેમાં વાહન બેસેલ બાળક નયન હળપતિ અચાનક નીચે પટકાતા તેને દવાખાને લઈ જવામા આવ્યો હતો.. જ્યાં તે મૃત થયો હોવાની માહીતી મળી હતી. તેમજ અન્ય એક ઈજા પામેલને જેની તબિયત સારી હોવાની માહીતી મળી. સ્થાનિક પોલીસ તંત્ર ઘટનાને લઈને વધુ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.




# ચેમ્બરમાં બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગ વિથ એક્સપર્ટ ટોક યોજાયું

## બિઝનેસમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ પર રસપ્રદ ગોષ્ઠિ

સુરત, તા.૨૬

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીય્ઝૈં બિઝનેસ કનેક્ટ દ્વારા ગુરુવાર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સેમિનાર હોલ એ, સરસાણા, સુરત ખાતે એસ.બી.સી. ૧.૦ અને ૨.૦ સંયુક્ત બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગ વિથ એક્સપર્ટ ટોકનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા એવા અર્થપૂર્ણ મંચના નિર્માણમાં માને છે, જ્યાં બિઝનેસ અને જ્ઞાનનો સમન્વય થાય. આજે એઆઈનો જમાનો છે અને બિઝનેસમાં એઆઈના ઉપયોગ અંગેનો આ કાર્યક્રમ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને બહુ ઉપયોગી બની રહેશે. સોફ્ટવેરની જેમ, દરેક બિઝનેસે આજે નહીં તો કાલે, એઆઈનો ઉપયોગ અપનાવવો જ પડશે. "બિઝનેસમાં એઆઈનો ઉપયોગ" વિષય પર શ્રી ભૌતિકકુમાર વઘાસિયાનું નિષ્ણાત પ્રવચન આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પોતાનો દ્રષ્ટિકોણ શેર કરતાં તેમણે કહ્યું હતું કે "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે ભવિષ્યનો ટ્રેન્ડ નથી, તે આજની બિઝનેસની વાસ્તવિકતા છે. જેઓ એઆઈને સ્વીકારશે તેઓ માત્ર કામગીરીને શ્રેષ્ઠ બનાવશે એટલું જ નહીં પરંતુ નવીનતા અને સ્પર્ધાત્મકતાના નવા માર્ગો પણ ખોલશે. શ્રી વઘાસિયાએ સેશનને જીવંત અને ઈન્ટરએક્ટિવ બનાવતા આ વિષય પર પૂછાયેલા

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડ ટ્રાન્સમિશન સંદર્ભના

# પાવર ગ્રીડના જાહેરનામામાં ખોટી માહિતી હોવાની રાવ

## ગુજરાત ખેડૂત સમાજ દ્વારા ઉપ મહેસુલ સચિવને લેખિત રજૂઆત

સુરત, તા.૨૬

ખોટી અને અધૂરી માહિતી ધરાવતુ અને કોઈ ચોક્કસ જૂથને લાભકરાવનારું જાહેરનામું રદ કરવા બાબતે ગુજરાત ખેડૂત સમાજ દ્વારા રાજ્યના ઉપ મહેસુલ સચિને કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, આપની કચેરી તા. ૧૧-૦૮-૨૦૨૫ ના ક્રમાંક અમ-મ-૨૦૨૫-૫૨૯ - જસત-૨૦૨૫-૯૬૫-ઘ અને માહિતિ કમાંક માહિતિ :-સુરત/૬૮૯/૨૦૨૫ થી તારીખ : ૨૦-૮-૨૦૨૫ નાં દિવ્ય ભાસ્કર દૈનિકપત્રમાં જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસન નાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિનિયમ ૨૦૧૩ મુજબનાં જાહેરનામા દ્વારા ''પાવરગ્રીડ સાઉથ ઓલપાડ ટ્રાન્સમિશન ૭૬૫ કે.વી.સબ સ્ટેશન'' નાં આંતરમાળખાકીય પ્રોજેકટ માટે સબ સ્ટેશન બાંધવા માટે મોજે ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરતની કુલ્લે ક્ષેત્રફળ ૪૬-૦૭-૮૬ ચો.મી. જમીન સંપાદન કરવા માટે જમીન સંપાદન કાયદો ૨૦૧૩ની કલમ ૧૧(૧) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર જાહેરનામાંની અંદર જે સંપાદિત થનાર જમીન અંગેની માહિતી દર્શાવવામાં આવેલ છે. જેમાં જમીનનો વિસ્તાર (ક્ષેત્રફળ) અને જમીન અંગેની અન્ય વિગત બાબતની માહિતી અધૂરી અને ખોટી રીતે દર્શાવવામાં આવેલ હોય એવું જમીન અંગેને દસ્તાવેજો ચકાસતા દેખાઈ આવે છે. એવા સંજોગોમાં જમીન સંપાદન કાયદાનાં પ્રાવધાન મુજબ સાચી અને ચોકકસ માહિતી દર્શાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવું ખૂબ જરૂરી હોય

અનુસંધાન પાના ૭ પર

# પર્યુષણ મહા પર્વે જશ રેસિડન્સી વેસુમાં સૌ પ્રથમવાર મહાપૂજા

સુરત, તા.૨૬

મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણમાં જશ રેસિડેન્સી, વેસુ, સુરત ખાતે સૌવ પ્રથમવાર અદભુત અલોકીક ભવ્યાતિભવ્ય મહાપૂજાના યોજાઈ હતી જેમાં સામૂહિક પાપ કરવાથી નર્કમાં શું થાય એ થીમ આધારિત નાના ભૂલકાઓ દ્વારા નાટીકા દ્વારા રજુ કરવામાં આવ્યું હતું સાથે સમૂહ પુણ્ય કરવાથી સુ પ્રાપ્તિ થાય એની બાળકો દ્વારા રજુઆત કરવામાં આવી સાથે પ્રાચીન દેરાસરોની સ્પર્શનાની ઝાંખી કારવતી મહાપુજામાં કરવામાં આવી હતી જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શન કરવા પધાર્યા હતા ફકત પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના જ કરવાથી બધું સુમેળે પાર નહીં થાય. સુશ્રાવક ધર્મના વાર્ષિક ૧૧ કર્તવ્યોની પૂર્તિ



પણ એટલી જ જરુરી છે અને એમાંનું એક કર્તવ્ય છે મહાપૂજા આ મહાપૂજા ની વિશેષતામાં દિવડાઓની ભવ્ય ઝગમગાટ, નયન રમ્ય પુષ્પોનો શણગાર રંગભરી રંગોળી-ગહુલી સાથે પ્રભુની ભવ્ય સુવર્ણ આંગીના દર્શન નો લાભ જૈન સમાજે મોટી સંખ્યામાં લીધો હતો.

# આઈટીઆઈ- પલસાણા ખાતે પ્રવેશ મેળવવાની સુવર્ણ તક

સુરત, તા.૨૬

આઈ.ટી.આઈ-પલસાણા ખાતે ચાલુ વર્ષે ફીટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, કોમ્પ્યુટર ઓપેરેટર પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, વેલ્ડર, મિકેનિક ડીઝલ, સોલાર ટેકનિશિયન, હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ ટ્રેડોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ધોરણ ૮ કે તેથી વધુ પાસ ઉમેદવારોએ તા.૩૦/૦૮/૨૦૨૫ સુધીમાં આ સંસ્થા ખાતેથી અથવા ઓન લાઈન ફોર્મ ભરવા સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા- પલસાણાના આચાર્યની યાદીમાં જણાવવામાં આવે છે.

# વ્યારા કોલેજ ખાતે અંગદાન અંગે જાગૃતિ સેમિનાર યોજાયો



## શિક્ષણની જેમ અંગદાન જાગૃતિ માટે સૌએ પ્રયાસો કરવા પડશે : દિલીપભાઈ દેશમુખ

સુરત, તા.૨૬

શિક્ષાની જેમ અંગદાન જાગૃતિ માટે પણ આપણે પ્રયાસ કરવા પડશે, અંગદાન નહીં કરવા સમાજમાં પ્રવર્તતી માન્યતાઓથી ઉપર ઉઠીને અંગદાન જાગૃતિ માટે કાર્ય કરીએ જેથી અંગોની પ્રતિક્ષા કરતા લોકોને નવું જીવન મળી શકે. " - આદરણીય શ્રી દિલીપ ભાઈ દેશમુખ ( દાદા) તા.૨૩/૦૮/૨૦૨૫ ના રોજ અંગદાન જન જાગૃતિ અભિયાનના પ્રણેતા આદરણીય શ્રી દિલીપદાદા દેશમુખના માર્ગદર્શનથી શ્રી ૨.ફ. ગાબુ કેળવણી મંડળ સંચાલિત IQAC Cell ઉપક્રમે શ્રીમતી આર.પી ચૌહાણ એન્ડ શ્રીમતી જે.કે શાહ એન્ડ શ્રીમતી કે.ડી શાહ કોમર્સ

અનુસંધાન પાના ૭ પર



એપીએમસી ખાતે ઝિમ્બામ્બવેના વાઇસ પ્રેસિડેન્ટ Mr.Conatantino Chewenga અને તેમની સમગ્ર ટીમ એ મુલાકાત લીધેલ હતી અને એપીએમસીની કાર્યપધ્ધતિ થી ઘણા પ્રભાવિત થયા હતા સુરત એપીએમસીના સત્તાધીશોને ઝીમ્બામ્વે આવી તેમણે સુરત એપીએમસીના નિયમો અને માળખાગત સુવિધાઓ તથા ખેડૂતો અને વેપારીઓ વચ્ચે ની એપીએમસીની મધ્યસતા તથા સુવિધાઓ વિષે જાણકારી આપવા બદલ આમંત્રિત કરેલ છે આ પ્રસંગએ સુરત એપીએમસીના ચેરમેન અને ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ તથા વાઇસ ચેરમેન ડિરેક્ટર હર્ષદ પટેલ ,ડિરેક્ટર અને ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ ગાંધીનગર ના ડિરેક્ટર બાબુ શેખ, સંસ્થાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ચેસ્ટ ફિજિયોથેરાપી : મસલ્સ મજબુત

## ફિજિયોથેરાપીની કસરત ખાલી પેટે કરવાની નિષ્ણાંતોની સલાહ

કાર્ડિયેક સર્જરી પહેલા અને બાદ ચેસ્ટ ફિજિયોથેરોપીના કારણે હાર્ટ મસલ્સને મજબુતી મળે છે અને સાથે સાથે રિક્વરીમાં પણ મદદ મળે છે. ફિજિયોથેરોપીની કસરત પણ ખલી પેટ કરવામાં આવે તે જરૂરી છે. જો ભોજન કરી લેવામાં આવ્યુ છે તો બે કલાક બાદ કસરત કરવાની જરૂર હોય છે. સ્પોટ્ર્સ ઈન્જરીમાં પણ રાહત મળે છે. ફિજિયોથેરાપીની મદદથી હાથ પગની માંસપેશિયાઓને મજબુત કરવામાં આવે છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત બિમારીથી બચવામાં મદદ મળે છે. આમાં ડાયફ્રામ અને કોસ્ટલ બ્રિથિંગનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત રજિસ્ટરીવ રેસ્પેરેટરી મસલસ ટરેનર પણ સામેલ છે. આ કસરત ફેફસા અને હાર્ટને મજબુતી પ્રદાન કરે છે. આનાથી બ્લડ સરકયુલેશન અને ઓક્સીજનનુ સ્તર યોગ્ય રહે છે. આવી કેટલીક ફિજિયો એક્ટિવિટી છે જેને હાર્ટ સર્જરી પહેલા અથવા તો બાદમાં કરી શકાય છે. આના કારણે ઝડપથી રિકવરી થાય છે. કેટલીક પ્રકારની પરેશાનીથી પણ બચી શકાય છે. ત્રણ સપ્તાહમાં રિક્વરી થાય છે તેવો દાવો નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી રહ્યો છે. કાર્ડિયેક સર્જરી બાદ નિયમિત ફિજિયોથેરોપી કરવાના કારણે ત્રણ સપ્તાહમાં રિકવરી થાય છે. પિડા ઘટતી જાય છે. સર્જરી બાદ સ્ટ્રેથનિંગ પ્રોગ્રામ જેમ કે સાયકલિકંગ, રનિંગ, ટ્રેડમિલ, બોલ, બેલેન્સ ટ્રેનર કરાવે છે. આ સ્પોર્ટસ સર્જરી પણ ખુબ અસરકારક સાબિત થાય છે. મોટા ભાગે લિગામેન્ટ ઈન્જરી હોય છે. નિયમિત ફિજિયોથેરોપી કરવાના કારણે ત્રણથી ચાર સપ્તાહની અંદર રિક્વરી થઇ જાય છે. છ માસમાં પૂર્ણ રીતે આરામ મળી જાય છે. કોઇ પણ એક્ટિવિટી નિષ્ણાંતની સલાહ વગર છોડવી જોઇએ નહી. તેમની યોગ્ય સલાહના આધાર પર જ આ પ્રકારની પ્રવૃતિને છોડવાની જરૂર હોય છે. પોતાની ઈચ્છાથી કોઇ પણ પ્રવૃતિ છોડી દેવાની સ્થિતીમાં મસલ્સ રિક્વરી રોકાઇ જાય છે. જરૂર હોય તો કસરતમાં ફેરફાર પણ કરવા જોઇએ. ફિજિયોથેરોપી તો હમેંશા ખાલી પેટ કરવામાં આવે તો વધારે ફાયદો થાય છે. જો ભોજન કરી લેવામાં આવે તો બે કલાક પછ આ કસરત કરવી જોઇએ. આ સ્ટેપને ૧૦ સેકન્ડ સુધી કરવામાં આવે તે જરૂરી છે. કસરત નિયમિત રીતે સવાર અને સાંજે કરવામાં આવે તે જરૂરી છે. બેઠતી વેળા પગ જમીન પર નહી હોવાની સ્થિતીમાં કમરમાં દુખાવા હોઇ શકે છે. યુવામાં હાલના સમમાં કમરમાં દુખાવાની ફરિયાદ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે. કમરમાં પિડા થવા માટેના કારણ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવા માટેનુ છે. એવુ ન કરવાની સ્થિતીમાં પગ પર સ્ટ્રેસ આવવાની સ્થિતીમાં કમરમાં દુખાવો થાય છે. ખુરશી વધારે આરામદાયક હોવાની બાબત પણ સારી રહેલી નથી. ખોટી રીતે વજન ઉઠાવવાથી પણ કમરમાં દુખાવો થઇ શકે છે. કોમ્પ્યુટર પર કામ કરતી વેળા સ્ક્રીન માથાથી નીચે રહે તે જરૂર છે. સાથે સાથે હાથની દુરી પર રહે તે જરૂરી છે. ચેસ્ટ ફિજિયોથેરોપીથી હાર્ટના મસલ્સ મજબુત બને છે. હાલના સમયમાં લોકો હાર્ટ અને કમરના દુખાવાની ફરિયાદને લઇને લોકો વધારે રજૂઆત કરી રહ્યા છે.જાણકાર ફિજિયોથેરાપિસ્ટ કહે છે કે નિયમિત રીતે શરીરની કસરત અનેક પ્રકારની તકલીફથી બચાવી લેવામાં ભૂમિકા અદા કરે છે. જુદી જુદી થેરોપી રહેલી છે પરંતુ નિષ્ણાંત લોકો તરફથી સલાહ બાદ ઉપયોગ કરવાની જરૂર છે .

# તાલિસ્કર બે - સ્કોચ વધુ સારી કે સૌંદર્ય?



સ્કોટલેન્ડની લીલોતરી અત્યંત પરિચિત લાગતી હતી અને તેના માટે કરન જોહરની ફિલ્મો પણ ખાસ જવાબદાર હતી. હિંદી ફિલ્મોનાં લોકેશન હોવાના કારણે યુરોપનાં અઢળક સ્થળો પર ભારતનાં મુલાકાતીઓનો દરેક સિઝનમાં સતત મારો ચાલુ જ રહે છે, પણ સ્થળોને તેના કારણે ઘણીવાર જોવાનો અને અનુભવવાનો દષ્ટિકોણ મર્યાદિત બની જાય છે. અમે મર્યાદિત દષ્ટિકોણનું જોખમ લેવા તૈયાર ન હતાં, એટલે જ આયલ ઓફ સ્કાય જતાં ઘણાં બોલીવૂડ લોકેશન્સ આવવાનાં હતાં, પણ અમે તેમાં પણ સ્કોટિશ ઝલક જોવા પર જ ધ્યાન આપીશું એવા પ્રેશર સાથે સ્કાય ટાપુ તરફ આગળ વધ્યાં.

સ્કાય બ્રિજથી લોખ આલ્શ ક્રોસ કરવામાં વેજિટેશન, પાણી અને વાતાવરણ જોઈને હવે અમે સ્કોટલેન્ડમાં નહી, આઇસલેન્ડમાં હોઇએ તેવું લાગવા માંડ્યું હતું. અને ખરેખર આ સ્કોટિશ ટાપુઓ વેધર અને જિયોગ્રાફીની દષ્ટિએ આઈસલેન્ડથી જ વધુ સામ્ય ધરાવે છે. સ્કાય બ્રિજની ડિઝાઈન દૂરથી જ અત્યંત આધુનિક લાગતી હતી. અને કેમ ન હોય. હજી છેક ૧૯૯૦ના દશકમાં આ બ્રિજ બન્યો ત્યાં સુધી સ્કાયના ટાપુથી મેઈનલેન્ડ આવતો મોટાભાગનો ટ્રાફિક બોટથી જ આવતો હતો. સ્કાય જવાના રસ્તા ભલે મર્યાદિત રહ્યા હોય, ત્યાં ટૂરિસ્ટની કદી કમી નથી રહી.

સ્કાય પહોંચ્યા પછી અચાનક જ હોલીડે સ્પોટ પર આવી ગયાં હોઈએ તેમ વાતાવરણ વધુ મજેદાર બની ગયું. તે દિવસે પવન અને ઠંડી એવાં હતાં કે કારનો દરવાજો ખોલતા જ ફંગોળાઈ જતો હતો. પણ સાથે હળવો તડકો પણ હતો એટલે ત્યાં પહાડો પર સ્પ્રિંગનો પોપટી કલર ચમકી રહ્યો હતો. ઉનાળા તરફ જતાં સ્કોટલેન્ડમાં પહાડો પરથી બરફ ઓગળ્યા પછી વેજિટેશન ટેકઓવર કરી લેતું હતું.

સ્કાય પર અમારે બે દિવસમાં ઘણાં ઠેકાણાંઓને ન્યાય આપવાનો હતો. ફોર્ટ વિલિયમની હોસ્ટને લાગ્યું હતું કે સ્કાયને માત્ર બે જ દિવસ આપીને અમે અન્યાય કરી રહ્યા હતાં. મે તેમને શાંતિથી સમજાવ્યું કે અમે અહી સ્કોટલેન્ડમાં એક ફાસ્ટ ટ્રેક ટ્રિપ પર છીએ અને પછી જ્યાં પણ બહુ મજા આવશે ત્યાં ફરી લાંબા સમય માટે આવીશું. તેણે સામે કહ્યું કે સ્કોટલેન્ડમાં તો બધે જ બહુ મજા આવશે. તે વાતનો કોઈ જવાબ ન હતો. પણ તેના માટે થઈને પણ અમે સ્કાયને જરાય અન્યાય ન કરી બેસીએ તે ધ્યાન રાખવાનું હતું. તેણે અમને ક્યાં ક્યાં જવું તેનું મોટું લિસ્ટ પકડાવેલું. અમે બતાવ્યું કે અમને પહેલેથી જ ઘણાં મિત્રો પોતાનાં લિસ્ટ આપી ચૂક્યાં છે. મિત્રો જ નહી, અમારા જર્મન ફેમિલી ડૉક્ટર શ્રુલિટનહાર્ટનું પણ સ્કોટલેન્ડ અને ખાસ તો સ્કાય એટલું માનીતું છે કે તેમણે પણ શરદીની દવા આપતા પહેલાં અડધો કલાક સ્કાયમાં ક્યાં ક્યાં ફરજિયાત જવુંનું લેક્ચર આપ્યું હતું.

ટાપુ પર પહોંચીને માત્ર ત્યાં કાર ડ્રાઈવ જ અણસાર આપી રહી હતી કે આ કોઈ સાધારણ હોલીડે સ્પોટ નથી. આ તો પરીકથાઓ, ભૂતકથાઓ અને મર્ડર મિસ્ટ્રીની રાજધાની છે. જોકે સ્કોટલેન્ડમાં વાર્તાઓથી પણ વધુ મહત્ત્વનું દુનિયાને કંઈ લાગતું હોય તો તે સ્કોચ છે. હવે સારી સ્કોચમાં કોને રસ ન હોય. તેમાંય આઈલ ઓફ સ્કાય પર જાઓ તો તાલિસ્કર ગયા વિના ન આવશો એવું બધી તરફથી સાંભળવા મળેલું. મારે જાતે જઈને ત્યાં મૂલ્યવાન સમય વિતાવવો કે નહીં તે નક્કી કરવું હતું એટલે પહેલાં અમે સીધાં તાલિસ્કર તરફ નીકળી પડ્યાં. અને તાલિસ્કરે જરાય નિરાશ કર્યાં નહીં. હજી સ્પ્રિંગમાં ટૂરિસ્ટ સિઝન શરૂ નહોતી થઈ એટલે અમને ટૂરમાં સ્થાન મળી ગયું, બાકી વેકેશન સમયે અગાઉથી બૂકિંગ કરાવવું જરૂરી છે.

આ તાલિસ્કર ગામનું નહીં, માત્ર ડિસ્ટીલરી અને ગામની પાછળ આવેલા અખાતનું નામ છે. મોટા ભાગની સ્કોચ વ્હિસ્કીની માફક તાલિસ્કર પણ ડિસ્ટીલરીના કારણે જ તેના ગામને જાણીતું બનાવે છે. બાકી તે ગામ કારબોસ્ટમાં થોડાં ઘરો સિવાય બીજું કશું જ નથી. હવે તાલિસ્કર ડિસ્ટીલરીમાં પહેલો સ્કોચ એક્સપિરિયન્સ કરવો એ વાત યોગ્ય લાગી. અમે આઈલિન કાસલમાં પૂરતો સમય વિતાવી ચૂકેલાં એટલે જમવાનો સમય પણ થઈ જ ગયો હતો. હવે બપોરના સમયે ત્યાંનું લોકલ પબ બંધ હતું અને તાલિસ્કરમાં માત્ર ફિંગર ફૂડ જ હતું. આઈલિક કાસલ પર કંઈક ખાઈ લીધું હોત તો સારું હતું એમ લાગવા માંડ્યું.

એક વાર તાલિસ્કરની ટૂર શરૂ થઈ પછી ભૂખ ભુલાઈ ગઈ અને સ્કોચ બનાવવાની પદ્ધતિ સમજાવા લાગી. સારી સ્કોચ બનાવવા સાથે સ્કોટિશ લોકોને સારી રીતે વાર્તા કરતાં પણ આવડે છે તેમાં અમને જરા પણ શંકા હોય તો તે દૂર થઈ ગઈ હતી. ૪૫ મિનિટની ટૂરમાં તો વ્હિસ્કી સંબંધિત દરેક પ્રકારની જાણકારી ત્યાં મળી ગઈ હતી. તે પછીના દિવસોમાં લીધેલી બધી ટૂરમાં પ્રોસેસ તો મોટા ભાગે એક સરખી જ હતી, પણ ગાઈડની સ્કોટિશ રિજન પ્રમાણે વાત કહેવાની સ્ટાઈલ બદલાયા કરતી હતી.

ડિસ્ટીલરીની પાછળ જ બેય ઓફ તાલિસ્કર છે અને ત્યાંથી જે વ્યુ જોવા મળે છે તે પછી કદાચ હું પાણી જ આ નજરે પહેલી વાર જોઈ રહી હોઉં તેવું લાગતું હતું. આઈલ ઓફ સ્કાયના બીચ અને ખડકોની આ પહેલી ઝલક હતી. અહીંની હવા અને કુદરતની ઈફેક્ટ એવી હતી કે અહીં તો રહી જઈને જિંદગીનો દરેક દિવસ વિતાવવામાં આવે તો પણ ઓછો પડે. અને અહીં સ્કોચ કરતાં પણ કુદરતના વ્યુ વધુ મજા કરાવે તેવા છે. અને તાલિસ્કર ખરેખર સૌથી સારી સ્કોચના લિસ્ટમાં ઘણી આગળ છે. અમારો પહેલો સ્કોચ ટેસ્ટિંગ અનુભવ તો લોખ હારપોર્ટ, તાલિસ્કર બેય, આકાશ અને ટેકરીઓએ ઓવર શેડો કરી દીધો હતો. આઈલ ઓફ સ્કાય પર હજી બીજાં ઘણાં કાલ્પનિક હોય તેવાં વાસ્તવિક દશ્યો જોવાનાં બાકી હતાં.

**એક વાર તાલિસ્કરની ટૂર શરૂ થઈ પછી ભૂખ ભુલાઈ ગઈ અને સ્કોચ બનાવવાની પદ્ધતિ સમજાવા લાગી. સારી સ્કોચ બનાવવા સાથે સ્કોટિશ લોકોને સારી રીતે વાર્તા કરતાં પણ આવડે છે તેમાં અમને જરા પણ શંકા હોય તો તે દૂર થઈ ગઈ હતી. ૪૫ મિનિટની ટૂરમાં તો વ્હિસ્કી સંબંધિત દરેક પ્રકારની જાણકારી ત્યાં મળી ગઈ હતી. તે પછીના દિવસોમાં લીધેલી બધી ટૂરમાં પ્રોસેસ તો મોટા ભાગે એક સરખી જ હતી, પણ ગાઇડની સ્કોટિશ રિજન પ્રમાણે વાત કહેવાની સ્ટાઇલ બદલાયા કરતી હતી. ?**



# નિયમિત યોગથી બીપીમાં પણ રાહત

આમાં કોઇ શંકા નથી કે યોગથી મોટા ભાગની બિમારીની સારવાર શક્ય છે. જો કોઇ વ્યક્તિ નિયમિતરીતે યોગાભ્યાસ કરે છે તો તે રોગમુક્ત રહે છે. સાથે સાથે કેટલીક બિમારી જો તેને પહેલાથી જ રહી ચુકી છે તો તે બિમારી પણ ધીમે ધીમે દુર થવા લાગી જાય છે. શરીરને રોગમુક્ત રાખવા માટે નિયમિત યોગ કરવાની સલાહ નિષ્ણાંત લોકો દ્વારા આપવામાં આવી રહી છે. દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે. સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઇ શકે છે. પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે. માઇગ્રેનથી પણ યોગથી રાહત મળે છે. નિષ્ણાંત કહે છે કે માઇગ્રેનનુ મુખ્ય કારણ દિમાગ સુધી લોહી નહીં પહોંચવાનુ છે. પુરતા પ્રમાણમાં જ્યારે લોહી પહોંચતુ નથી ત્યારે આઈ સમસ્યા ઉભી થઇ જાય છે. યોગની મદદથી સરળતાથી મગજ સુધી લોહી પહોંચી જાય છે. માઇન્ડમાં ફ્રેશનેસ બની રહે છે. માઇગ્રેન હોવાની સ્થિતીમાં શિર્સાસિન અને હેડ સ્ટેન્ડ કરવાથી ફાયદો થાય છે. સુર્યનમસ્કાર કરવા માટેની પણ સલાહ આપવામાં આવે છે. પીઠના નિચલા હિસ્સામાં પીડા થવાની બાબત કષ્ટદાયક હોય છે. પ્રોફેશનલ અને કામકાજી લોકોને આ તકલીફનો સામનો સામાન્ય રીતે કરવો પડે છે. આવી સ્થિતી થવાની સ્થિતીમાં કેટલાક યોગ આસાન કરવાથી લાભ થાય છે. જેમાં શલભ આસન, સરળ ભુજંગ આસન, મર્કેટ આસનનો સમાવેશ થાય છે. યોગથી ડિપ્રેશનને પણ દુર કરી શકાય છે. યોગ મારફતે ફીલ ફ્રેશર ફેક્ટર આવે છે. કોઇ પણ વ્યક્તિ લાઇફને નવેસરથી ફ્રેશ રીતે આગળ વધારી દેવા ઇચ્છુક લોકોએ યોગની સાધના થોડાક સમય સુધી કરવી જોઇએ. ડિપ્રેશનમાં સિંહાસન, કરટક ક્રિયા અને જળ નિતી ક્રિયા જેવા યોગ ઉપયોગી સાબિત થાય છે. ઓફિસમાં વર્કલોડ અમને હાઇપર ટેન્શનનો શિકાર બનાવે છે. આના કારણે યોગથી ફાયદો થાય છે. હાઇ બ્લડ પ્રેશર કેટલીક બિમારીની જડ તરીકે છે. જો હાઇપર ટેન્શનને નિયંત્રિત કરી લેવામાં આવે તો કેટલીક બિમારી તો એમ જ દુર થઇ શકે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીશથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીશથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીશ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. વિશ્વ યોગ દિવસની ઉજવણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભારતમાં યોગ દિવસની ઉજવણી જોરદાર રીતે કરવાની તૈયારી ચાલી રહી છે. યોગ દિવસને ચાર વર્ષ પહેલા જ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળ્યા બાદ તેનુ મહત્વ દુનિયાના દેશોમાં વધી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે યોગને લઇને ખુબ ગંભીર છે. મોદી નિયમિત રીતે સવારમાં યોગ અભ્યાસ કરે છે. હાલમાં તેમના વિડિયોના કારણે પણ લોકોમાં તેમની ચર્ચા જોવા મળી હતી.

# સેલ્ફી એટલે સેલ્ફ મર્ડર?



જગતમાં જેટલી શોધો થાય છે એ માણસ જાતના ભલા માટે થતી હોય છે, પણ જો તેનો વ્યવસ્થિત ઉપયોગ ન કરી શકાય તો એ જીવલેણ પણ સાબિત થતી હોય છે. હાલમાં સ્માર્ટ ફોનમાં રખાયેલા કેમેરા દ્વારા દરેક લોકો પોતે જ પોતાના ફોટા પાડી શકે એવી સિસ્ટમ એટલે કે સેલ્ફી પૂરી દુનિયામાં લોકપ્રિય થતી જાય છે. પેલા લોકો કેમેરો લઈને બહાર નીકળતા, પછી એ કપલ હોય કે ગ્રુપ હોય, યાદગીરી માટે દરેક સભ્યનો સાગમટે ફોટો પાડવો હોય તો રસ્તે જતી બીજી વ્યક્તિને વિનંતી કરવી પડતી. એ ફોટો ક્લિક કરે અને સાથે માર્ગદર્શન પણ આપતી કે કેવી રીતે ઊભા રહેવું, કેટલે અંતરે ઊભા રહેવું વિગેરે વિગેરે. જેથી સારામાં સારો ફોટો ખેચી શકાય. પણ હવેના ઉપરકણોમાં તમો પોતે તમારો કે તમારા આખા ગ્રુપ નો ફોટો અન્ય કોઈની મદદ વિના પાડી શકો છો. આ સેલ્ફીમાં વધુમાં વધુ લોકોનો ફોટો પાડી શકાય એ ઉદ્દેશથી હવે સેલ્ફી સ્ટીક નામની લાકડીનો પણ ઉપયોગ થાય છે. આ લાકડીમાં કેમેરા વાળો ફોન ભેરવી તેને ફોટાની જરૂરત મુજબ આગળ પાછળ કરીને અંતર વધારી કે ઘટાડી શકાય છે.

જોકે, આ સેલ્ફી હવે લોકોની શેલ્ફલાઈફ ઘટાડતી જાય એવા બનાવો વધતા જાય છે. જેમ જેમ કેમેરા અને સેલ્ફી સ્ટીકની રેન્જ વધતી જાય છે, તેમ તેમ ફોટો લેનાર વ્યક્તિનું સાહસ (કે જોખમ? ) પણ વધતું જાય છે અને તેની સાથે મૃતકોની સંખ્યા પણ વધતી જાય છે. તમારા માનવામાં કદાચ નહી આવે પણ ઑક્ટોબર ૨૦૧૧થી નવેંબર ૨૦૧૭, આ છ વર્ષમાં ૨૫૯ લોકો આ સેલ્ફી લેવાના ચક્કમાં મૃત્યુ પામ્યા છે. હવે એક મેડિકલ જર્નલના જણાવ્યા પ્રમાણે આટલા સમયમાં દરિયામાં શાર્ક માછલીએ કરેલા હુમલાથી ૫૦ જણાનાં મૃત્યુ થતાં હોય છે. લ્યો બોલો, આવડો અમથો સેલ ફોન અને તેની સેલ્ફીઝ પેલી મસમોટી કાયા ધરાવતી શાર્ક કરતા પાંચ ગણો જોખમી બની ગયો છે.

સૌથી મોટુ દુઃખ તો એ છે કે જુવાનજોધ છોકરાઓ આમાં હોમાઈ જાય છે. જેટલા મૃત્યુ થયા છે તેમાં ૭૫ ટકાથી વધુ લોકો યુવાન હતા જે વધુ પડતું સાહસ કરવા જતા જાન ખોઈ બેઠા હતાં.

હવે આઘાતજનક વાત એ છે કે સેલ્ફીના ચક્કમાં સૌથી વધુ કોઈનો ભોગ લેવાતો હોય તો એ છે આપણા ભારતીયો. વિચાર કરો છ વર્ષોમાં જે ૨૫૯ લોકો મર્યા તેમાંના ૧૫૯ લોકો તો આપણા દેશના છે.

## તંત્રી લેખ...-

**મંગળવાર, તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૫**

# જયશંકરની સફળ રૂસયાત્રા : અમેરિકાને સ્પષ્ટ સંદેશ

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ બોમ્બ ફોડયા પછી પણ ભારત પ્રત્યેનું વલણ સખત બનાવ્યું છે, ત્યારે નવી દિલ્હીએ ખુમારીપૂર્વક અમેરિકાને અરીસો દેખાડી દીધો છે. વિદેશમંત્રી એસ. જયશંકરે ચીન પછી રશિયા સાથે સંવાદ રચ્યો. દોસ્તીની વાતો થઇ, અમેરિકાને સ્પષ્ટ સંદશો આપ્યો, એ સાથે વોશિંગ્ટન સાથે વાત સાવ બગડી જાય નહી એ બાબતનો ખ્યાલ રાખતાં વિદેશમંત્રીએ કહ્યું છે કે ટ્રમ્પ જુદા પ્રકારના પ્રેસિડેન્ટ છે. તેઓ પરંપરાગત શૈલીને બદલે પોતાના વિચારો મુજબ આગળ વધે છે. ભારતે અમેરિકા સાથે વાતચીત જારી રાખવાનોય સંકેત આપ્યો છે. વ્યૂહાત્મક રીતે ભારત તેના જૂના મિત્ર રશિયા સાથેનો સહયોગ મજબૂત બનાવી રહ્યું છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારતયાત્રાની તૈયારી શરૂ થઇ છે. જયશંકરે તાજેતરની રૂસયાત્રા દરમ્યાન મોસ્કો ખાતે આયોજિત ભારત - રૂસ બિઝનેસ ફોરમમાં રૂસી કંપનીઓને ભારતીય કંપનીઓને સાથે હાથ મિલાવીને કામ કરવાનું કહ્યું. તેમનું એ કહેવું યોગ્ય છે કે ભારત એક વિશાળ બજાર છે. રૂસી કંપનીઓ માટે અહીં અનેક તક છે. ભારતનું ઝડપથી વિકસતું અર્થતંત્ર રૂસી કંપનીઓ માટે સુવર્ણ અવસર બની શકશે. યુક્રેન પર હુમલા પછી રશિયા પશ્ચિમી દેશોના પ્રતિબંધનો સામનો કરી રહ્યું છે. ભારતે પોતાની અલાયદી વિદેશનીતિને અનુસરતાં રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ચાલુ રાખી છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ જો બાયડનના કાર્યકાળમાં કંઇ વાંધો ન આવ્યો, પણ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવતાં તેમણે અમેરિકા કેન્દ્રિત પગલાંઓ લેવાનું શરૂ કર્યું છે અને ભારત પર રૂસી પાસેથી ખનિજતેલ ખરીદવાના મુદ્દે આકરા કર લગાડી દીધા છે. જોવાનું એ છે કે રૂસ પાસેથી છાને ખૂણે અમેરિકાનો વેપાર ચાલુ છે. કેટલાક યુરોપીય દેશોનો પણ... ચીન તો ભારત કરતાંય વધુ ક્રૂડ રૂસ પાસેથી ખરીદે છે. વાંકદેખા ટ્રમ્પને આ કંઇ દેખાતું નથી, પણ ભારતને ઉપરાઉપરી નિશાન બનાવી રહ્યા છે... મોસ્કોમાં જયશંકરે ચોખ્ખું કહ્યું કે ટ્રમ્પ ચીન ઉપર ટેરિફ શા માટે નથી લાદતા ? ભારતે અમેરિકાના વિકલ્પે બીજા દરવાજા ખોલવાના પ્રયત્ન આદર્યા છે. રશિયા સાથે દ્વિપક્ષીય વેપાર વધી રહ્યો છે. જયશંકરે ભારતે રૂસ સાથેનો વેપાર વૈવિધ્યપૂર્ણ અને સંતુલિત બનાવવા પર ભાર મૂક્યો છે. જૂના મિત્ર રશિયાએ પણ પરિસ્થિતિ પારખીને ભારતની પડખે રહેવાની તત્પરતા દર્શાવી છે. રૂસી ઉપરાજદૂતે મહત્ત્વપૂર્ણ ટિપ્પણીમાં કહ્યું કે ભારતને અમેરિકી બજારમાં માલ - સામાન વેચવામાં મુશ્કેલી થઇ રહી છે, તો રશિયાના દરવાજા ખુલ્લા છે. અમે ભારતીય નિકાસનાં સ્વાગત માટે તૈયાર છીએ. વોશિંગ્ટનને મોસ્કોનો આ સંદેશ છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પના ધમપછાડા અને ધાકધમકી છતાં રૂસ પાસેથી ભારતની તેલની ખરીદીમાં કોઇ ફરક નથી પડયો. રશિયા ભારતને પાંચ ટકા ઓછા ભાવે તેલની નિકાસ કરે છે. જયશંકરે રશિયાના વિદ્વાનો અને નીતિ ઘડવૈયાઓ સાથે ભારત - રૂસ સંબંધો તથા બદલાતાં ભૂ - રાજનૈતિક પરિદશ્ય અને ભારતના દૃષ્ટિકોણ અંગે વિસ્તૃત ચર્ચા કરી. બંને વિદેશમંત્રીએ સંયુક્ત પત્રકાર પરિષદે સંબોધી. ટૂંકમાં, વૈશ્વિક ઊથલપાથલ વચ્ચે એસ. જયશંકરની રશિયાયાત્રા દુનિયાને બંને દેશની ગાઢ મૈત્રીનો સ્પષ્ટ સંદેશ છે.

# વોલ-ટુનું યોગદાન અમીટ

આંતરરાષ્ટ્રીય ક્રિકેટની પીચ ઉપરથી ચેતેશ્વર પૂજારા પેવેલિયનમાં જઈ રહ્યા છે. તેમના હાથમાં રહેલું બેટ ઊંચું છે અને સૌરાષ્ટ્રવાસીઓના, દેશના ક્રિકેટપ્રેમીઓના મસ્તક ઉન્નત છે ગૌરવથી. ચેતેશ્વરને ધ વોલ એવું બિરુદ ચાહકોએ આપ્યું હતું. આ 'દીવાલની મજબૂતી' સૌએ નજરે નિહાળી છે. નિવૃત્તિની તેમની ઘોષણા અલબત્ત ચાહકો માટે વસમી છે. ભારતીય ક્રિકેટનો ઈતિહાસ જો કે, આ નામને વર્ષો સુધી સાચવશે. વિવેચકો-તજજ્ઞોએ, સાથી ક્રિકેટર્સે તેમની કારકિર્દી વિશે ઘણું કહ્યું છે, હજી કહેવાશે. રાજકોટવાસી આ ક્રિકેટ સિતારાની ઓળખ એક લીટીમાં આપવી હોય તો એવું કહેવાય કે, તેની આ સફર તળેટીથી શિખર સુધીની રહી, પરિશ્રમપૂર્ણ, નિષ્ઠાથી ભરપૂર અને આવડતથી છલકાતી. ભારતીય કે વિશ્વ ક્રિકેટના અનેક વિક્રમો સાથે ચેતેશ્વર અરવિંદભાઈ પૂજારાનું નામ જોડાયેલું રહેશે. એક જ ઈનિંગમાં ૫૦૦થી વધારે દડાનો સામનો કરનાર તે માત્ર એક ભારતીય બેટર. ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ૧૯ બેવડી સદી, ટેસ્ટમેચના પાંચેય દિવસ બેટિંગ.. આવું ઘણુ બધું. ૧૦૩ ટેસ્ટ મેચ, ૧૭૬ ઈનિંગ, ૭૧૯૫ રન, ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૬૬ સદી, ૮૧ અર્ધ સદી. ચેતેશ્વરના આ રેકોર્ડ છે. નિષ્ણાતો કહે છે, રાહુલ દ્રવિડ પછી ટેકનિકલી પરફેક્ટ હોય તેવો ભારતનો તે એકમાત્ર ક્રિકેટર. ૨૦૦૫માં સૌરાષ્ટ્રની ટીમ વતી રણજી ટ્રોફીમાં પ્રવેશ, ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય સ્તરે કૌશલ્ય બતાવવાનું શરૂ કર્યું. પિતા ક્રિકેટર અને કોચ પણ ખરા. કાકા બિપીન પૂજારાની પણ રણજીમાં કારકિર્દી. રાજકોટની સ્વ. રમેશભાઈ છાયા સ્કૂલનો વિદ્યાર્થી ચેતેશ્વર આજે વિદાયવેળાએ એવું લખે કે, બાળપણથી મેં સિતારાઓને જોયા અને ધ્યેય નક્કી કર્યાં હતાં. મેદાન ઉપર રાષ્ટ્રગાન ગાવું, ભારતીય ક્રિકેટ ટીમની જરસી પહેરવી આ બધું વર્ણવવું મુશ્કેલ છે. ચેતેશ્વરની કારકિર્દી પણ એમ તો ટૂંકમાં વર્ણવવી ક્યાં સહેલી છે! વિશ્વક્રિકેટમાં, ક્રિકેટના વિશ્વમાં જેનું નામ ચમકે છે તે ચેતેશ્વરને 'ફૂલછાબ એવોર્ડ'થી પણ સન્માનિત કરાયા છે. ક્રિકેટ કોચ ગૌતમ ગંભીરે સાચું જ લખ્યું કે, તોફાન જ્યારે આવ્યું ત્યારે ચેતેશ્વર અડગ રહ્યો હતો. ક્રિકેટ કે કોઈ પણ સ્પોર્ટ્સ હોય તેમાં પરિશ્રમ હોય એટલે સામાન્ય રીતે ખેલાડીઓ માંસાહાર કરતા હોય, પરંતુ ચેતેશ્વર પૂજારા શાકાહારી રહ્યા. તેમનું આધ્યાત્મિક જોડાણ પણ પૂ. હરિચરણદાસજી સાથે રહ્યું. આ તમામ બાબતો પણ આજે તેમની નિવૃત્તિ વેળાએ નોંધપાત્ર છે. ભારતીય ક્રિકેટનો એક અગત્યનો કાળખંડ, એક નોંધપાત્ર તબક્કો નામે ચેતેશ્વર પૂર્ણ થયો છે, પરંતુ તેઓ જ્યારે 'ઈનિંગ ઓફ ધ ઈનિંગ્સ' પૂર્ણ કરીને જઈ રહ્યા છે, ત્યારે બધેથી તાળીના ગડગડાટ સંભળાઈ રહ્યા છે.

**આપેલ ચુકાદાનો ઉલેખ કરીને જસ્ટિસ રેડ્ડી અર્બન નકસલ સમર્થક હોવાનો દાવો કરાયો છે.**

# સલવા જુડૂમનો બચાવ કઈ રીતે થઈ શકે ?

## રાજ્ય સરકારને બંધારણીય જોગવાઈઓ પ્રમાણે પોલીસ ફોર્સને નકસલવાદ સામે લડવા માટે ઉતારવાની સલાહ આપી હતી

આપણે ત્યાં ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી બહુ નિરસ હોય છે કેમ કે માત્ર સંસદસભ્યો જ મતદાર હોય છે. સંસદમાં જેની પાસે બહુમતી હોય તેનો ઉમેદવાર જીતતો હોય છે તેથી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જરાય ગરમાગરમી જોવા મળતી નથી પણ આ વખતે માહોલ અલગ છે ને તેનું કારણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કરેલા આક્ષેપો છે. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના સી.પી. રાધાકૃષ્ણન સામે કૉંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના બી. સુદર્શન રેડ્ડી ઊભા છે.શાહે આક્ષેપ મૂક્યો છે કે, જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડી નકસલવાદના સમર્થક છે અને સુપ્રીમ કોર્ટના જજ તરીકે તેમણે ડાબેરી ઉગ્રવાદ અને નક્સલવાદને સમર્થન આપતો ચુકાદો આપ્યો હતો. શાહના કહેવા પ્રમાણે, જસ્ટિસ રેડ્ડીએ સલવા જુડૂમ વિદ્ધ ચુકાદો ન આપ્યો હોત તો ૨૦૨૦ સુધીમાં ડાબેરી ઉગ્રવાદનો અંત આવી ગયો હોત અને નકસલવાદનો ખાતમો બોલી ગયો હોત.શાહના આક્ષેપના પગલે ભાજપ પણ કૂદી પડ્યો છે. ભાજપે એક વીડિયો બનાવીને સોશ્યલ મીડિયામાં ફરતો કર્યો છે કે જેમાં સુપ્રીમ કોર્ટના જજ તરીકે જસ્ટિસ સુદર્શન રેડ્ડીએ આવા બીજા ચુકાદાની પણ વાતો કરીને જસ્ટિસ રેડ્ડી ભારતવિરોધી માનસિકતા ધરાવે છે એવો દાવો કરાયો છે. જસ્ટિસ રેડ્ડીએ તેમના કાર્યકાળ દરમિયાન ભોપાલ ગેસ દુર્ઘટના, આર્મી મેડિકલ કોલેજમાં એડમિશન સહિતના કેસોમાં

આપેલ ચુકાદાનો ઉલેખ કરીને જસ્ટિસ રેડ્ડી અર્બન નકસલ સમર્થક હોવાનો દાવો કરાયો છે.જસ્ટિસ રેડ્ડીએ ૨૦૨૪માં ઈઝરાયલમાં થતી ભારતની તમામ નિકાસ રોકવાની માગ કરીને હમાસ તરફ સહાનુભૂતિ દર્શાવી હતી એવો દાવો કરાયો છે તો સાથે સાથે ભારત વિરોધી માનસિકતા ધરાવતાં લોકો સાથે તેમની સાંઠગાંઠ હોવાનો દાવો પણ કરાયો છે. જસ્ટિસ રેડ્ડી પોતાને કોઈ પક્ષ સાથે લેવાદેવા નથી એવું કહે છે પણ વાસ્તવમાં એ કૉંગ્રેસના કાર્યકર તરીકે વર્તતા રહ્યા છે એવો પણ ભાજપનો દાવો છે. આ બધા દાવાઓનો સાર એ છે કે, જસ્ટિસ રેડ્ડી દેશના ઉપરાષ્ટ્રપતિ બનવાને જરાય લાયક નથી અને કૉંગ્રેસ તેમને આગળ કરીને દેશવિરોધી માનસિકતા બતાવી રહી છે.

ભાજપનો આઈટી ડિપાર્ટમેન્ટ કુપ્રચાર અને જૂઠાણાં ફેલાવવામાં માહિર છે તેથી ભાજપ દ્વારા આવા વીડિયો ફરતા કરાય તેથી આશ્ચર્ય થતું નથી પણ દેશના ગૃહ મંત્રી આ પ્રકારની વાતો કરે ત્યારે આશ્ચર્ય પણ થાય અને આઘાત પણ લાગે. અમિત શાહની વાતનો સાર એ છે કે, જસ્ટિસ રેડ્ડીએ સેલવા જુડૂમ અંગેનો ચુકાદો આપીને દેશવિરોધી કૃત્ય કર્યું છે કેમ કે સેલવા જુડૂમ અંગેના ચુકાદાથી નકસલવાદીઓને રક્ષણ મળી ગયું. આ વાત સાચી નથી કેમ કે સેલવા જુડૂમ પર પ્રતિબંધ મૂકીને સુપ્રીમ કોર્ટે કશું ખોટું કર્યું નહોતું. બલ્કે દેશને જંગલ રાજ તરફ જતો બચાવ્યો હતો, બંધારણીય જોગવાઈઓનું જતન કર્યું હતું. આ વાતને સમજવા માટે સેલવા જુડૂમ કઈ બલા છે એ પહેલાં સમજવું પડે.સલવા જુડૂમ નકસલવાદથી સૌથી વધારે પ્રભાવિત છત્તીસગઢમાં ૨૦૦૫માં શરૂ કરાયેલું એક સંગઠન હતું અને તેનો ઉદ્દેશ માઓવાદી ઉગ્રવાદીઓ સામે લડવાનો હતો. છત્તીસગઢના આદિવાસીઓની ગોંડી ભાષામાં સલવા જુડુમનો અર્થ શાંતિ અભિયાન થાય છે પણ આ સંગઠન શાંતિ માટે નહી પણ જંગ માટે રચાયું હતું. ભાજપ સરકારે બનાવેલા આ સંગઠનમાં આદિવાસી યુવાનોની ભરતી કરીને તેમને 'સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ' (SPO) બનાવી દેવાયા હતા. આ યુવાનોને બંદૂકો સહિતનાં શસ્ત્રો અને હથિયારો આપીને નકસલવાદીઓ સામે લડવા માટે મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા હતા.

માઓવાદીઓ અને નક્સલવાદીઓ સામે લડવા માટે બનાવાયેલું આ સંગઠન ગેરબંધારણીય હોવાનો આક્ષેપ કરીને કેટલાક માનવાધિકારવાદીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને સલવા જુડૂમની રચના અને તેની પ્રવૃત્તિઓની બંધારણીય માન્યતા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડી અને જસ્ટિસ એસ.એસ. નિજ્જરની ખંડપીઠે ડિસેમ્બર ૨૦૧૧માં સલવા જુડૂમને ગેરબંધારણીય અને ગેરકાયદેસર જાહેર કરતો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં ટિપ્પણી કરી હતી કે, આદિવાસી યુવાનોની સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ તરીકે નિયુક્ત ભરતી કરીને તેમને હથિયારો આપવાં ભારતીય બંધારણની સમાનતાનો અધિકાર આપતી કલમ ૧૪ અને જીવન અને યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર આપતી કલમ ૨૧નું ઉલ્લંઘન કરે છે.ચુકાદામાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે, નક્સલવાદ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે રાજ્ય સરકારે બંધારણીય રીતે બનાવેલા કાયદેસરનાં પોલીસદળોનો ઉપયોગ કરવો જોઈએ, નાગરિકોને હથિયારો પકડાવીને બનાવેલા સંગઠનનો ઉપયોગ ના કરી શકાય. કોર્ટે સલવા જુડૂમ અને તેના સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ પાસેથી શસ્ત્રો પાછાં લઈને સલવા જુડૂમનું વિસર્જન કરવા પણ આદેશ આપ્યો હતો. જસ્ટિસ રેડ્ડીની ખંડપીઠે આર્થિક અસમાનતા અને સામાજિક અન્યાયને દૂર કરવા પર ધ્યાન આપવા કહેલું કે જેથી નકસલવાદ બંધ થાય.સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં ખોટું શું હતું? કંઈ જ નહી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને બંધારણીય જોગવાઈઓ પ્રમાણે પોલીસ ફોર્સને નકસલવાદ સામે લડવા માટે ઉતારવાની સલાહ આપી હતી અને આ સલાહ સો ટકા સાચી હતી. ભારતમાં કોઈ પણ રાજ્યની આંતરિક સુરક્ષાની જવાબદારી પોલીસની જ છે ને છત્તીસગઢ ભારતમાં જ છે તેથી આ વાત છત્તીસગઢને પણ લાગુ પડે જ. માનો કે, નકસલવાદ સામે લડવા માટે પૂરતા પ્રમાણમાં પોલીસ ના હોય તો નવી ભરતી કરવી જોઈએ.સલવા જુડૂમમાં જેમને 'સ્પેશિયલ પોલીસ ઓફિસર્સ' બનાવી દેવાયા એ આદિવાસી યુવકોની પોલીસમાં ભરતી કરીને તેમને કાયદેસર રીતે શસ્ત્રો આપી જ શકાય કે નહીં? રાજ્ય સરકારે તેના બદલે સામાન્ય લોકોને હથિયારો આપીને પોલીસને સમાંતર એક ફોર્સ જ બનાવી દીધી. આ ફોર્સને હથિયારો અપાયાં પણ તેમની જવાબદારી શું એ નક્કી ના કરાયું. જેની જવાબદારી નક્કી ના હોય એવું સશસ્ત્ર સંગઠન આ દેશમાં ઊભું જ કઈ રીતે થઈ શકે ?નકસલવાદ ગંભીર સમસ્યા છે એ વાત સાચી, તેની સામે લડવા વધારે સજજ થવું પડે એ વાત પણ સાચી પણ તેના માટે થઈને લોકોને હથિયાર થોડાં આપી દેવાય ? સરકારે આપેલાં હથિયારોનો ઉપયોગ નકસલવાદ સામે લડવાને બદલે વ્યક્તિગત હિસાબો સરભર કરવા થવા લાગેલો ને તેનો ઉપાય પણ સરકાર પાસે નહોતો. સલવા જુડૂમ એક રીતે સ્ટેટ સ્પોન્સર્ડ ટેરરિઝમ હતું ને એટલે જ સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ઠેરવી દીધું હતું. કમનસીબે સલવા જુડૂમનાં કરતૂતોની વાત કરવાના બદલે અત્યારે સારા ને સાચા ચુકાદાની ટીકા થઈ રહી છે.

**ચાલો જાણીએ, આખરે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સનું મહત્ત્વ શું છે?**

# આ 'કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ' વળી શું છે?

- આજની તારીખમાં કોઇને એવો લીડર નથી જોઇતો, જે માત્ર બોસિંગ કરે. સ્ટાફને એવો લીડર જોઇએ છે જે ટીમના સભ્યોને સમજે અને એમને આપસમાં જોડી રાખવા સકારાત્મક વલણ અપનાવે.

કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ એટલે માત્ર વાતચીત કરવાની સ્માર્ટનેસ જ નહી, પરંતુ એથી વિશેષ સફળ સંબંધ, યોગ્ય નેતૃત્વ અને વ્યાવસાયિક વિકાસનો પાયો છે અને એટલે જ એ કોર્પોરેટ જગતનું માનીતું બની રહ્યું છેપઆજના ઝડપથી બદલાતા અને વૈશ્વિક બની રહેલા કોર્પોરેટ જગતમાં તમારી પાસે માત્ર ટેક્નિકલ સ્કિલ કે ડિગ્રી હોય તે પૂરતું નથી. આજે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ એક એવી કાર્યકુશળતા બનીને સામે આવી રહી હોવાની સાથે સાથે કોઈ પણ શૈક્ષણિક ડિગ્રી કરતા વધુ પ્રભાવશાળી સાબિત થઈ રહી છે અને એથી જ મોટી કંપનીઓ આજે એવા વ્યાવસાયિકોને પ્રાથમિકતા આપી રહી છે, જે માત્ર પ્રભાવશાળી ઢબે પોતાની વાત કહી શકવા ઉપરાંત પોતાના જૂના નવા ક્લાયન્ટસ -ગ્રાહકો સાથે સરળતા અને સહજતાથી સંવેદનશીલ રીતે સંવાદ કરવાની પણ ક્ષમતા ધરાવતા હોયપ

વાસ્તવમાં કોર્પોરેટ જગતને હવે સમજાઈ ગયું છે કે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ માત્ર વાતચીત કરવાની સ્માર્ટનેસ જ નથી, પરંતુ એ સફળ સંબંધ, યોગ્ય નેતૃત્વ અને વ્યાવસાયિક વિકાસનો પાયો છે. આજ કારણ છે કે હવે કંપનીઓ આવા વ્યાવસાયિકને પ્રાધાન્ય આપે છે. આવી કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ ધરાવતી વ્યક્તિ ક્લાયન્ટને સંતુષ્ટ કરવા ઉપરાંત સાથી કર્મચારીઓ સાથે વધુ સારા સંબંધ વિકસાવવામાં પણ કાબેલ હોય છે.આજે કોર્પોરેટ વર્લ્ડમાં વ્યક્તિની ઓળખ માત્ર એના જ્ઞાનથી જ નહી, પરંતુ એ અન્ય સાથે કેવી સહજતાથી સંવાદ સાધે છે તેના પરથી થાય છે. આજ કારણે કોર્પોરેટ જગતમાં પ્રવેશવા માટે તમામ પ્રકારના ઈન્ટેલિજન્સમાં કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સનું મહત્ત્વ અદકેં છે. આજકાલ કોર્પોરેટ જગતને ક્લાયન્ટ અને કસ્ટમર સાથે સીધો મતલબ એટલે કે સંબંધ હોય છે. આવામાં જો કંપનીનો કર્મચારી ગ્રાહક સાથેની વાતચીતથી એની મનોદશા, અપેક્ષા અને ચિંતાનું કારણ જાણી લઈને પ્રતિક્રિયા આપે તો કંપની સાથેના ગ્રાહકના સંબંધ વધુ મજબૂત બને છેપ જેને કારણે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ કેટલું અસરકારક અને પ્રભાવશાળી છે તે પણ પુરવાર થાય છે. આજ કારણસર આજકાલ કોર્પોરેટ જગત એવી વ્યક્તિને કંપનીમાં સ્થાન આપવામાં પ્રાથમિકતા આપે છે જે સારું નેતૃત્વ પૂરું પાડવાની સાથેસાથે સારો વક્તા પણ હોય. આવી વ્યક્તિ પોતાની વાત સ્પષ્ટ, પ્રેરક અને સંતુલિત રીતે રજૂ કરી શકે છે.આજે એક સારો ટીમ લીડર એ જ થઈ શકે છે જે સાથીકર્મચારીઓ સાથે પ્રભાવશાળી સંવાદ સાધી પોતાની વાત મનાવી લે અને પોતે જે ઈચ્છે એ રીતે કંપનીને ફાયદો કરાવી દેપ

આજની તારીખમાં કોઈને એવો લીડર નથી જોઈતો, જે માત્ર બોસિંગ કરે. સ્ટાફને એવો લીડર જોઈએ છે જે ટીમના સભ્યોને સમજે અને એમને આપસમાં જોડી રાખવા સકારાત્મક વલણ અપનાવે.ટીમનું મનોબળ, તાલમેલ અને પ્રદર્શન ચોક્કસ હદ સુધી ટીમ લીડરના વ્યવહાર અને ટીમના સભ્યો સાથે સંવાદ સાધવાની એની ક્ષમતા પર નિર્ભર કરે છે. આજ કારણે કોઈપણ કોર્પોરેટ લીડર માટે સંવાદની કલામાં પારંગત બનવું જરૂરી બની ગયું છે.

જે વ્યક્તિ સારી રીતે સંવાદ સાધી શકે છે એ કોઈપણ પરિસ્થિતિમાં કોઈને પણ પોતાની વાત સહજતાથી સમજાવી શકે છે. કોર્પોરેટ વાતાવરણમાં રોજબરોજના કામકાજમાં ઘણીવાર મતભેદ, તણાવ અને અસહમતીની સ્થિતિનો સામનો કરવો પડે છે. આવા માહોલમાં એવા લોકો ખૂબ જ કામના પુરવાર થાય છે જે વાતચીત કરવામાં માહેર હોય .વાસ્તવમાં કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ ધરાવતી વ્યક્તિ શાંતિપૂર્ણ ઢબે વાતને સમજીને યોગ્ય શબ્દો અને ટોનમાં સમાધાન કરાવવાની કળા જાણે છે. આવી વ્યક્તિ ભડકાઉ સ્થિતિમાં આગ લગાડવાને બદલે વિવાદની આગ ઓલવવાની કળામાં પાવરધી હોય છે.કોર્પોરેટ જગતમાં કોઈ વ્યાવસાયિક વ્યક્તિગત રીતે ઈન્ટેલિજન્સ પર્સનાલિટી નથી હોતી. એ જે કંપનીના સંબંધિત ગ્રૂપ સાથે જોડાયેલી હોય છે તે એનો એક જરૂરી ચહેરો હોય છે. આ કારણે જ કોર્પોરેટ પ્રોફેશનલ વ્યક્તિ પ્રત્યેક ક્ષણ પોતાની કંપનીનું પ્રતિનિધિત્વ કરતો ચહેરો અને ઍમ્બેસેડર હોય છે.જો વ્યક્તિ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર હોય તો એ એની સંવાદ સાધવાની, રજૂઆત કરવાની કળાથી ગ્રાહકો સાથે સોદો પાર પાડવા પર સકારાત્મક પ્રભાવ પાડી શકે છે અને તેથી જ આવી વ્યક્તિ પોતાની કામગીરીમાં સફળ નીવડે છે અને કંપનીને પણ સફળતા અપાવે છે.પ્રોફેશનલ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર વ્યક્તિ માત્ર પોતાનું જ ગૌરવ નથી વધારતી, પરંતુ કંપનીના કામકાજના વાતાવરણને પણ શાનદાર કલ્ચરમાં પલટી નાખે છે. આવી વ્યક્તિ ખુલ્લા દિલની, વ્યવહારમાં પારદર્શી હોય છે અને સહયોગીની કામગીરીને જોઈતું પ્રોત્સાહન આપે છે જેને કારણે કંપનીમાં સકારાત્મક વાતાવરણ ઊભું થાય છે.કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે સમસ્યા સર્જાય ત્યારે આવી માહેર વ્યક્તિ એ બંને વચ્ચે સંવાદની સકારાત્મક કડી બની જાય છે અને સમસ્યાનું તાત્કાલિક નિવારણ કરે છે. આવી વ્યક્તિ કંપની માટે મહત્ત્વની પુરવાર થાય છે.કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર વ્યક્તિ ગજબના સોદાબાજ હોય છે. વાટાઘાટના ટેલ પર હંમેશાં બાજી પોતાની તરફેણમાં જ રહે છે, કેમ કે એ ગેમ ચેન્જર નેગોશિયેટર હોય છે.ખરેખર તો કોઈ પણ સોદો માત્ર ધનરાશિનો આધાર નથી હોતો, પરંતુ વાટાઘાટના સંવાદનું સુખદ પરિણામ હોય છે અને જે વ્યક્તિ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં કુશળ હોય છે તે નેગોશિયેશનના મામલે હંમેશાં માસ્ટર સાબિત થાય છે. આવી વ્યક્તિ ક્યારેક શબ્દોની હેરાફેરી કરીને કે ક્યારેક મૌન રહીને બાજી પોતાની તરફેણમાં કરી લે છે.કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ માત્ર સંવાદ સાધવાની ક્લા જ નથી હોતી, પરંતુ એમાં કોઈપણ બગડેલા કામને સુધારી લેવાની ક્ષમતા હોય છે. સંવાદ સાધવાની ક્લાને કારણે આવી વ્યક્તિ પોતાની આસપાસના વાતાવરણને સહજ અને સકારાત્મક બનાવી લે છે, જેનો ફાયદો તમામ લોકોને થાય છે.

**બીજો પ્રશ્ન એ થાય કે જો મોટા ભાગના લોકો અમેરિકન્સ જ હોય તો એ લોકો સરકારી શેલ્ટર હોમ્સમાં રહેવા શા માટે નથી જતા?**

# અમેરિકન સત્તાવાળાને પજવે એક પ્રશ્નઃશહેરોમાં વધી રહ્યા છે..

## ન્યૂયોર્ક અને લોસ એન્જલસ જેવા ઈન્ટરનેશનલ મહત્ત્વ ધરાવતા મેગા સિટીઝ જ નહિ, પણ એરિઝોનાના ફિનીક્સ સિટીમાં પણ આ જ પ્રકારના પ્રશ્નો માથાનો દુખાવો બની ચૂક્યા છે.

માણસની મૂળભૂત જરૂરિયાત એટલે રોટી, કપડા ઔર મકાન. અમેરિકાના ગ્લેમરસ શહેરોમાં આ ત્રણેય ચીજની જબરદસ્ત તંગી છે. એ સિવાયની બીજી આનુષંગિક સમસ્યાઓ ય એટલી ઝડપે ફેલાઈ રહી છે કે શહેરના અમુક વિસ્તારો નર્કસમાન બનતા જાય છે. થોડા વર્ષો પછી કેવી પરિસ્થિતિ પેદા થશે એની કલ્પના ય મુશ્કેલ છે. સ્થાનિક સત્તાવાળા જે પ્રયત્ન કરે છે એ હજી અપૂરતા જ છે.

ન્યૂ યોર્કમાં ડ્રગ્સનું સેવન કરનારાઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. અંગત જીવનમાં વધી રહેલો તણાવ, સામાજિક સમસ્યાઓ અને પરિવારનો અભાવ વધુને વધુ ડ્રગ એડીક્ટ્સ પેદા કરવામાં નિમિત્ત બને છે. 'ધી સ્ટ્રીટ્સ ઓફ ન્યૂયોર્ક એટ નાઈટપ' ડોક્યુમેન્ટરી નશાની હાલતમાં ઝોમ્બીની જેમ શહેરની સડકો પર ફરતા ઢગલો લોકોની દશા વર્ણવે છે.

પહેલા આ બધું રાતના સમયે દેખાતું, હવે દિવસની પ્રકાશમાં પણ લથડિયા ખાતા કે ફૂટપાથ પર પડી રહેલા લોકો દેખાય છે. સૌથી મોટો પ્રશ્ન છે સેંકડો લોકોનું બેઘર હોવું. રીઅલ એસ્ટેટના ભાવો એટલા ઊંચા છે કે લોકોની વાસ્તવિક કમાણી સાથે એનો મેળ જ ખાય એમ નથી. ઉચ્ચ મધ્યમવર્ગ હવે મધ્યમવર્ગ બની રહ્યો છે અને મધ્યમ વર્ગ લગભગ ગરીબીની રેખા નીચે ધકેલાઈ રહ્યો છે.શહેરની મધ્યમાં આવેલ બિઝનેસ હબ સમાન વિસ્તાર વિદેશોમાં ડાઉનટાઉન' તરીકે ઓળખાય છે, પણ લોસ એન્જલસ ડાઉનટાઉનનો સેન્ટ્રલ ઈસ્ટ વિસ્તાર હવેસ્કીડ રો' (જીૈદ્ઘ ઇું) ગરીબોના વિસ્તાર તરીકે કુખ્યાત થઇ ગયો છે. એલએ જેવા ગ્લેમરસ સિટીનું ડાઉનટાઉન હોમલેસ પીપલને કારણે ઓળખાય એ કેવી વિટંબણા! અહીંની ફૂટપાથો પર અનેક સ્થળોએ બેઘર લોકો તાડપત્રી કે તંબુ બાંધીને રહે છે!ભૂતકાળમાં આપણે ક્યારેય આવા અમેરિકન શહેરોની કલ્પના નથી કરી. આજકાલ આ જ સત્ય છે. અમુક સ્ટ્રીટસમાં તો ફૂટપાથ પર ચાલવાની જગ્યા ન મળે, એ હદે લોકોની ભીડ વસવાટ કરે છે. ઈલેક્ટ્રિસિટી અને પાણીપુરવઠા વિના આ લોકો કઈ રીતે જીવતા હશે? અહેવાલ મુજબ અહીં ૨,૦૦૦ લોકો વચ્ચે માત્ર ૯ ટોઈલેટ્સ છે, જેમાં ટોઈલેટ પેપરની હંમેશાં તાણ રહે છે! આ બધું વાંચીને તમને પ્રાથમિક વિચાર એવો આવશે કે આ બધા બેઘર લોકો પૈકી મોટા ભાગના યેન કેન પ્રકારેણ અમેરિકામાં ઘૂસી ગયેલા ઈમિગ્રન્ટ્સ વધુ હશે.ના એ માન્યતા ખોટી છે.પ્રાપ્ય ડેટા કહે છે કે શહેરમાં ૭૨,૦૦૦ લોકો બેઘર અવસ્થામાં ફૂટપાથ પર જીવે છે. આ પૈકીના ૫૩.૧ ટકા તો મૂળે કેલિફોર્નિયાના જ છે! ૨૭ ટકા લોકો યુએસએના બીજા રાજ્યોમાંથી આવેલા અમેરિકનસ જ છે. બાકીના અઢાર-વીસ ટકા જ બીજા દેશોમાંથી આવ્યા છે. આ બધામાં ય સૌથી વધુ લોકો ૨૫ થી ૫૪ વર્ષના વયજૂથમાં આવે છે. માણસ જીવનના આ કાળમાં જ સૌથી વધુ પ્રોડક્ટિવ સાબિત થતો હોય છે, ત્યાં આ લોકો લાચાર અવસ્થામાં રખડે છે-સબડે છે!

અહીં બીજો પ્રશ્ન એ થાય કે જો મોટા ભાગના લોકો અમેરિકન્સ જ હોય તો એ લોકો સરકારી શેલ્ટર હોમ્સમાં રહેવા શા માટે નથી જતા? તકલીફ એ છે કે શેલ્ટર હોમ્સ તો પહેલેથી જ હાઉસ ફૂલ થઈ ગયા છે. વળી ફૂટપાથ વાસીઓ પાસે પોતાના કોઈ ડોક્યુમેન્ટ્સ નથી હોતા. કેટલાક નસીબદાર લોકોને શેલ્ટર હોમમાં જગ્યા મળી જાય તો ય એમણે જેલના કેદીની માફક વસવાટ કરવો પડે છે. એમાં વળી સામાન ચોરી થઈ જવાની ઘટના તો સાવ સામાન્ય ગણાય!

ન્યાય ખાતર કહેવું જોઈએ કે સ્થાનિક સરકારે આ પ્રશ્નના ઉકેલ માટે અબજો ડોલર્સ ખર્ચી નાખ્યા છે, તેમ છતાં આ સમસ્યાનો સંપૂર્ણ હલ મળી શક્યો નથી. હા, છેલ્લા બે વર્ષથી હોમલેસ પીપલની સંખ્યામાં થોડો ઘટાડો જરૂર થયો છે. કોરોનાકાળ વખતે બેકારીને કારણે ઘરવિહોણા લોકોની સંખ્યામાં ઉછાળો આવેલો. એ સમયે લોકો પાસે વિવિધ બિલ્સ અને હોમ રેન્ટ ભરવા માટે નાણા જ નહોતા, એટલે માથે છાપ ક્યાંથી પરવડે! જો ફરી કોઈક મોટી મંદી આવશે તો ઘરવિહોણા લોકોની સમસ્યા લોસ એન્જલસ સામે ફરી મોં ફાડીને ઊભી રહેશે એ નક્કી છે.

ન્યૂયોર્ક અને લોસ એન્જલસ જેવા ઈન્ટરનેશનલ મહત્ત્વ ધરાવતા મેગા સિટીઝ જ નહિ, પણ એરિઝોનાના ફિનીક્સ સિટીમાં પણ આ જ પ્રકારના પ્રશ્નો માથાનો દુખાવો બની ચૂક્યા છે. કેટલાક લોકો આજકાલ ફિનીક્સને સિટી ઓફ ટેન્ટ્સ' અનેસિટી ઓફ ઘોસ્ટ્સ'ની ઉપમા આપી રહ્યા છે.લેટેસ્ટ સર્વેના આંકડાઓ મુજબ અહીં નોકરીઓ અને નાણાના અભાવે આશરે દસેક હજાર લોકો બેઘર અવસ્થામાં જીવી રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષોમાં આ સમસ્યાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. મોટા ભાગના બેઘર લોકો 'ધ ઝોન' તરીકે ઓળખાતા વિસ્તારમાં રહે છે. અહીં વારંવાર ઝગડા, હિંસા, અનૈતિક પ્રવૃત્તિઓ વગેરેની ફરિયાદ ચાલુ જ રહે છે.

અમેરિકન શહેરોની બેઘરપણાની સમસ્યાએ બીજી કેટલીક જટિલ સમસ્યાઓને જન્મ આપ્યો છે. એમાં ડ્રગ્સ અને વેશ્યાવૃત્તિ મુખ્ય છે. પેટનો ખાડો ભરવા અને નશાની લત સંતોષવા આ ફૂટપાથિયા લોકો આસાનીથી ડ્રગ પેડલર બનવા તૈયાર થઇ જાય છે. સ્ત્રીઓ માટે તો દેહવ્યાપારનો વિકલ્પ હાથવગો હોવાનો જ.

પરિણામે આ વિસ્તારમાં જેન્યુઈન રીતે ચાલતી બીજી આર્થિક પ્રવૃત્તિઓને અસર થઇ રહી છે. અહીંની દુકાનોમાં વારંવાર ચોરી-લૂંટફાટ થતા જ રહે છે. સવાર પડતાની સાથે જ દુનિયા આખીની ચિંતા કરતા ને ચોતરફ, ટૅરિફની ફેંકાફેંક કરતા ટ્રમ્પબાબુને ય અમેરિકન શહેરોમાં વિકરાળ બની રહેલી ઘરવિહોણા લોકોની સમસ્યા વિશે જાણ હશે જ ને?

# કૃતિ સેનને વળતરમાં મહિલાઓ સાથે ભેદભાવની ટીકા કરી



**મહિલા-આધારિત ફિલ્મ 'ક્રૂ'ની સફળતાનો ઉલ્લેખ કરી નિર્માતાઓને સ્ત્રી-પુરુષ કરતાં વાર્તાઓના આધારે વધુ નિર્ણય લેવા વિનંતી કરી. ૨૦૨૪ની ફિલ્મ ક્રૂમાં કૃતિએ તબ્બુ અને કરીના કપૂર સાથે અભિનય કર્યો હતો. આ ફિલ્મે વર્લ્ડ વાઇડ ૧૫૭ કરોડની કમાણી કરી હતી**

એક્ટ્રેસ કૃતિ સેનને તાજેતરમાં એક કાર્યક્રમમાં બોલિવૂડમાં સ્ત્રી અને પુરુષ કલાકારોના વેતનમાં અસમાનતાના ચાલી રહેલા મુદ્દા વિશે ખુલીને વાત કરી હતી. પુરુષ અને સ્ત્રી કલાકારોને સમાન વેતન આપવાની ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી ચાલતી અનિચ્છા પર પ્રકાશ પાડતા, ક્રિતિએ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે કામ અને મહેનત સમાન રહે છે ત્યારે વળતર કેમ અલગ હોવું જોઈએ?

એક કાર્યક્રમમાં આ અંગે વાત કરતાં કૃતિએ કહ્યું, "ખરેખર, અન્ય તમામ ઉદ્યોગોને ધ્યાનમાં લેતાં, મને સમજાતું નથી કે વળતરમાં સમાનતા શા માટે નથી. કારણ કે ચોક્કસ પ્રકારની ભૂમિકાઓ માટે, ચોક્કસ પ્રકારના રોલ માટે, પછી ભલે તમે પુરુષ હો કે સ્ત્રી, આ બાબતે વાંધો ન હોવો જોઈએ સમાન વળતર હોવું જોઈએ. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અમે ખૂબ જ લાંબા સમયથી આ ચર્ચાઓ કરી રહ્યાં છીએ અને મારી વાત નહીં માનો પણ બીજાં કોઈ કરતાં અમને જ એ વાત સૌથી વધુ ખુંચે છે. ક્રિતિએ કહ્યું, "ભલે તે કોઈ મહિલાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ હોય, પણ મને લાગે છે કે તેને પુરુષ દ્વારા ડિરેક્ટ કરાયેલી ફિલ્મ જેટલું બજેટ મળતું નથી. આ સ્થિતિ એટલા માટે છે કે પ્રોડ્યુસર્સને ડર છે કે તેમને એટલા પૈસા પાછા નહીં મળે. તેથી મને લાગે છે કે આ એક એવું ચક્ર છે જ્યાં સ્ત્રી-નિર્દેશિત ફિલ્મો પુરુષ-નિર્દેશિત ફિલ્મો જેટલી કમાણી કરતી નથી અને પછી એવું લાગે છે કે 'ઓહ, એટલે જ તેની ફી વધુ છે અથવા તેની ફી ઓછી છે." પડકારો હોવા છતાં, કૃતિએ ઈન્ડસ્ટ્રીના વલણ સામે ધીમાં પરંતુ નોંધપાત્ર પરિવર્તન વિશે આશાવાદ વ્યક્ત કર્યો છે.

મહિલા-આધારિત ફિલ્મ 'ક્રૂ'ની સફળતાનો ઉલ્લેખ કરી નિર્માતાઓને સ્ત્રી-પુરુષ કરતાં વાર્તાઓના આધારે વધુ નિર્ણય લેવા વિનંતી કરી. ૨૦૨૪ની ફિલ્મ ક્રૂમાં કૃતિએ તબ્બુ અને કરીના કપૂર સાથે અભિનય કર્યો હતો. આ ફિલ્મે વર્લ્ડ વાઇડ ૧૫૭ કરોડની કમાણી કરી હતી અને ગયા વર્ષે સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મોમાંની એક હતી. જો કૃતિના કામની વાત કરવામાં આવે તો, તે ઘણી મોટી રિલીઝ માટે તૈયારી કરી રહી છે. તે આગામી સમયમાં આનંદ એલ. રાયની 'તેરે ઈશ્ક મેં'માં ધનુષ સાથે જોવા મળશે, ત્યારબાદ હોમી અડાજાનિયા દ્વારા દિગ્દર્શિત 'કોકટેલ ૨' માં શાહિદ કપૂર અને રશ્મિકા મંદાના સાથે જોવા મળશે.

# સની અને બોબી દેઓલ 'અપને ૨' માટે ફરી સાથે આવશે, સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ

## સની દેઓલ અને બોબી દેઓલની 'અપને ૨' અપેક્ષા કરતાં વહેલા રિલીઝ થવાની તૈયારીમાં છે. દિગ્દર્શક અનિલ શર્માએ જણાવ્યું કે ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર છે

સની દેઓલ અને બોબી દેઓલની 'અપને ૨' ટૂંક સમયમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. ૨૦૦૭માં મૂળ ફિલ્મનું દિગ્દર્શન કરનાર અનિલ શર્માએ બે દાયકા પછી રિલીઝ થનારી સિક્વલ માટે ફરીથી દિગ્દર્શકની ખુરશી સંભાળી છે. ફિલ્મ વિશેના નવા અપડેટમાં, ફિલ્મ નિર્માતાએ જાહેરાત કરી છે કે આગામી સિનેમેટિક ભાગની સ્ક્રિપ્ટ તૈયાર છે.


ન્યૂઝ ૧૮ સાથેની એક મુલાકાતમાં, શર્માએ ખુલાસો કર્યો કે તેઓ હાલમાં અનેક સ્ક્રિપ્ટો પર કામ કરી રહ્યા છે, જેમાં દેઓલ ભાઈઓ અભિનીત એક સ્ક્રિપ્ટનો પણ સમાવેશ થાય છે. જ્યારે 'અપને ૨' આગામી ફિલ્મ નહીં હોય, તે ચોક્કસપણે પાઈપલાઈનમાં છે.

અનિલ શર્મા અપને ૨ વિશે અપડેટ્સ શેર કરે છે

મીડિયા પોર્ટલ સાથે વાતચીત કરતી વખતે, શર્માએ ખુલાસો કર્યો, "અપને ૨ ચોક્કસપણે બની રહી છે. સ્ક્રિપ્ટિંગ પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ છે. મારી પાસે હમણાં ઘણી બધી સ્ક્રિપ્ટો છે. મેં લગ હુવા હૂં કી સબ કર શકૂં."

વધુમાં, ફિલ્મ નિર્માતાએ શેર કર્યું કે, સની, બોબી દેઓલ અને ધર્મેન્દ્રને ફિલ્મ અને વિચાર સાથે જોડવાનું ખૂબ મુશ્કેલ નહોતું. તેમણે સમજાવ્યું, "તેમને અપને માટે સાથે આવવા માટે મનાવવા મુશ્કેલ નહોતા. તે ત્રણેય સાથે ફિલ્મ કરવા માંગતા હતા અને તેઓ ઈચ્છતા હતા કે હું તે કરું. જે દિવસે અપનેની વાર્તા મને સંભળાઈ, તે દિવસે તેઓ ખૂબ ખુશ થયા. જ્યારે મેં ધરમજીને વાર્તા કહી, ત્યારે તેઓ રડી પડ્યા. જ્યારે બોબીએ સ્ક્રિપ્ટ સાંભળી, ત્યારે તેમણે મને ગળે લગાવી દીધી."

શર્માએ ઉમેર્યું કે ગદર અભિનેતાને તેના પિતા અને ભાઈ સાથે જોડાયા હોવાની જાણ થયા પછી, તે પણ સહમત થઈ ગયા. દેઓલ પરિવાર સાથેના પોતાના સંબંધો વિશે વાત કરતા, ફિલ્મ નિર્માતાએ આગળ કહ્યું, "દેઓલ પરિવાર સાથે મારો સંબંધ ખૂબ જ સારો છે, સ્ક્રીનની બહાર પણ. અમારી




વચ્ચે એવો સંબંધ છે જેમાં અમે એકબીજા પર વિશ્વાસ રાખી શકીએ છીએ. હુમારે બીચ બહોત પ્યાર ઔર મોહબ્બત હૈ."અનિલ શર્મા અને દેઓલ પરિવાર વચ્ચે લાંબા સમયથી કામનો સંબંધ છે. દિગ્દર્શકે સૌપ્રથમ ૧૯૮૭ માં આવેલી ફિલ્મ "હુકુમત" દરમિયાન પીઢ અભિનેતા ધર્મેન્દ્ર સાથે કામ કર્યું હતું.

# અક્ષયની 'રાઉડી રાઠોડ ૨' ત્રણ વર્ષે પડતી મુકાઈ

## સ્ક્રિપ્ટને હવે એક સ્વતંત્ર ફિલ્મમાં ફરીથી બનાવવામાં આવશે

'રાઉડી રાઠોડ ૨' હવે બનશે નહી. ઈન્ડસ્ટ્રીના સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્માતાઓ શબીના ખાન અને સંજય લીલા ભણસાલીએ ત્રણ વર્ષના સતત પરંતુ નિરર્થક પ્રયાસો પછી આ ફિલ્મની સિક્વલને રદ કરી દીધી છે. સિક્વલ માટે લખાયેલ સ્ક્રિપ્ટનો ઉપયોગ હવે એક સ્વતંત્ર ફિલ્મ બનાવવા માટે કરવામાં આવશે.

રોની સ્ક્રુવાલાએ યુટીવી મોશન પિક્ચર્સ હસ્તગત કર્યા પછી, ડિઝની ઈન્ડિયા, જે મૂળ રાઉડી રાઠોડ (૨૦૧૨)ના ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના અધિકારો ધરાવે છે, તેમને પ્રારંભિક ચર્ચાઓ છતાં સિક્વલને લીલીઝંડી આપવામાં ખાસ રસ નથી. "ડિઝની આ ફિલ્મ માટે કોઈ ઉત્સાહ દર્શાવવા તૈયાર ન હોવાથી, શબીના ખાન અને સંજય લીલા ભણસાલીએ 'રાઉડી રાઠોડ ૨'ના વિચારને સંપૂર્ણપણે રદ કરવાનો અને સ્ક્રિપ્ટને એક સ્વતંત્ર મનોરંજનમાં ફરીથી રજૂ કરવાનો નિર્ણય લીધો છે."



અનુભવી સ્ક્રિપ્ટ રાઈટર વી. વિજયેન્દ્ર પ્રસાદ દ્વારા લખાયેલી આ સ્ક્રિપ્ટમાં હવે નોંધપાત્ર સુધારા કરવામાં આવી રહ્યા છે. જેથી તેને એક નવી, હાઈ-ઓક્ટેન કોપ ડ્રામા બનાવી શકાય. સાથે સાથે ૨૦૧૨ની એક્શન બ્લોકબસ્ટર ફિલ્મની મનોરંજન અપીલ જાળવી રાખી શકાય, જેણે

બોક્સ ઓફિસ પર શ્રેણીબદ્ધ નિષ્ફળતાઓ પછી અક્ષય કુમારને ફરીથી બોલિવૂડ ચાર્ટમાં ટોચ પર પહોંચાડ્યો હતો.

એવા પણ અહેવાલો છે કે જાણીતા તમિલ ફિલ્મ પ્રોડ્યુસર પી.એસ. મિથ્રનને ફિલ્મનું દિગ્દર્શન કરવા માટે સાઈન કરવામાં આવ્યા છે, તે આવતા વર્ષની શરૂઆતમાં તેનું શૂટિંગ શરૂ કરવાનું વિચારે છે. મિથ્રન વિશાલ અને સામંથા રૂથ પ્રભુની ટેક્નો-થ્રિલર, 'ઈરુમ્બુ થિરાઈ'(૨૦૧૮); શિવકાર્તિકેયનની ૨૦૧૯ની સુપરહીરો ફિલ્મ 'હીરો' અને કાર્તિની જાસૂસી એક્શન થ્રિલર 'સરદાર'(૨૦૨૨) જેવી સ્ટાઈલિશ અને બોક્સ ઓફિસ પર સફળ તમિલ ફિલ્મોનું ડિરેક્શન કરવા માટે જાણીતા છે. તેમની આગામી ફિલ્મ 'સરદાર ૨'માં કાર્તિ, એસજે સૂર્યા અને માલવિકા મોહનન લીડ રોલમાં છે, તે ડિસેમ્બર ૨૦૨૫માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

હવે નવી સ્ક્રિપ્ટ મુજબ એકદમ નવી એક્શન ફિલ્મની કાસ્ટિંગ હજુ સુધી નક્કી કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો સૂચવે છે કે સિદ્ધાર્થ મલ્હોત્રા, જે શરૂઆતમાં ફિલ્મનું મુખ્ય પાત્ર બનવા માટે ચર્ચામાં હતા, તે હવે તેમાં સામેલ નહી થાય. તેના બદલે, તેઓ એક નવા, સક્ષમ સ્ટારની શોધમાં છે જે એક ગંભીર, કઠોર મોટા પોલીસ અધિકારીની ભૂમિકા ભજવે.

# કન્નડ ડિરેક્ટર સાથે હોરર કોમેડી બનાવવાની અજયની ઈચ્છા

## અજય દેવગન કોઈ યોગ્ય હોરર કોમેડીનો ભાગ બનવાની રાહમાં હતો






અજય દેવગન ભારતીય ફિલ્મ ઉદ્યોગના સૌથી વ્યસ્ત કલાકારોમાંનો એક છે, જેની પાસે આગામી બે વર્ષ માટે એક મજબૂત લાઈન-અપ છે. અજય હાલમાં ડિરેક્ટર જગન શક્તિ સાથે રેન્જર માટે શૂટિંગ કરી રહ્યો છે. પછી તેની બે કલ્ટ ફ્રેન્ચાઈઝી - દ્રશ્યમ ૩ અને ગોલમાલ ૫ માટે શૂટિંગ કરવાનો છે. બંને ફિલ્મો લેખન તબક્કામાં છે અને ઓક્ટોબર અને જાન્યુઆરીમાં ફ્લોર પર જવાની છે. હવે, અજય દેવગન તાજેતરની કન્નડ બ્લોકબસ્ટર, સુ ફ્રોમ સોના ડિરેક્ટર સાથે ચર્ચામાં હોવાના અહેવાલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજય દેવગન દ્રફદ્ર પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત હોરર કોમેડી માટે જેપી તુમિનાડુ સાથે વાતચીત કરી રહ્યો છે. "અજય દેવગન હંમેશા સર્જકોની વાર્તાઓ સાંભળવા માટે તૈયાર રહે છે અને તેમને જેપી તુમિનાડુ દ્વારા રજૂ કરાયેલો વિચાર ખૂબ ગમ્યો છે. તેમણે ફિલ્મની ટીમને સંપૂર્ણ સ્ક્રિપ્ટ સાથે પાછા આવવા કહ્યું છે, આગામી મીટિંગ એક મહિના પછી થશે. અજયે હજુ સુધી કોઈ યોગ્ય હોરર કોમેડી ફિલ્મ કરી નથી અને આ ફિલ્મ તેની ગણતરીમાં ફિટ બેસે છે." આ ફિલ્મનું નિર્માણ કેવીએન પ્રોડક્શન્સ દ્વારા કરવામાં આવશે અને ટીમ ૨૦૨૬ની શરુઆતમાં ફ્લોર પર લઈ જવાનું વિચારે છે. સુત્રે જણાવ્યું, "કેવીએન પ્રોડક્શન હિન્દીમાં બે ફિલ્મો બનાવી રહ્યું છે - એક અક્ષય કુમાર અને સૈફ અલી ખાન સાથે 'હૈવાન' અને બીજી એક હોરર કોમેડી છે જેમાં અજય દેવગન મુખ્ય ભૂમિકામાં છે. "કેવીએન પ્રોડક્શન હાલ યશના નેતૃત્વ હેઠળની ટોક્સિક ફિલ્મનું પણ નિર્માણ કરી રહ્યું છે.

# માતાપિતાએ યુઝવેન્દ્ર ચહલ સાથેના લગ્નનો અંત લાવવા માટે મને વિનંતી કરી

ધનશ્રી વર્મા અને ચહલ અલગ થયાં પછી ધનશ્રીએ ઘણા ટ્રોલિંગ અને આરોપનો સામનો કર્યો છે. તાજેતરમાં તેણે આ અંગે ખુલીને વાત કરી છે. ધનશ્રીએ કહ્યું કે યુઝવેન્દ્ર ચહલ સાથેના તેના છૂટાછેડા કેવી રીતે 'મૂંઝવણભર્યા' અને ભાવનાત્મક રીતે થાકી જવાય એવા હતા, તેણે જણાવ્યું કે તેના માતાપિતાએ સામાજિક દબાણનો સામનો કેવી રીતે કર્યો અને તેને આગળ વધવા માટે શક્તિ આપી.

તાજેતરના ઈન્ટરવ્યુમાં, ડાન્સર અને કોરિયોગ્રાફર ધનશ્રીએ કહ્યું કે, તે ઓનલાઈન ટ્રોલિંગને અમુક હદ સુધી નિયંત્રિત કરી શકતી હતી, પરંતુ તેનાં માતાપિતાએ સૌથી વધુ સંઘર્ષ કર્યો હતો. "મારા માતા-પિતાને સારું લાગે તે માટે મારે મજબૂત રહેવું પડ્યું. આપણે આ પેઢીના છીએ, તેથી અમે નકારાત્મક કોમેન્ટ્સ પર ધ્યાન ન આપવાનું જાણીએ છીએ, પરંતુ તમે તમારા માતા-પિતાને આ કેવી રીતે સમજાવશો?

ધનશ્રીએ ખુલાસો કર્યો કે ઘરની પરિસ્થિતિ ભારે થઈ ગઈ હતી. એવા દિવસો હતા જ્યારે તેની માતા ભાંગી પડતી



હતી, અને તેના માતા-પિતા સંબંધીઓ અને મિત્રોના સતત પ્રશ્નોને કારણે ફોન કોલ્સ ઉપાડવાનું ટાળતા હતા. કોરિયોગ્રાફરે તેના માતાપિતાને તેની પડખે મજબૂત રીતે ઊભા રહેવા અને તેને હિંમત આપવાનો શ્રેય આપ્યો. તેઓ તેને દરરોજ યાદ અપાવતા હતા કે લગ્નમાંથી છુટી જવું એ યોગ્ય નિર્ણય હતો. "તમે એવી વ્યક્તિ સાથે છો જે તમારા કરતાં વધુ શક્તિશાળી છે, એ જાણવા છતાં તે સાથ છોડી દેવાના નિર્ણય પર આવવા માટે પણ ઘણી હિંમતની જરૂર પડે છે, મારા માતાપિતાએ મને દરરોજ આ વાત યાદ અપાવી. તેઓ મને કહેતા રહ્યા કે મેં આ નિર્ણય લીધો છે તેનો તેમને કેટલો ગર્વ છે. તે સરળ નથી,"

ધનશ્રીએ તેના લગ્ન અને છૂટાછેડાના સમાધાન વિશે ટ્રોલિંગ અને ખોટી અફવાઓનો સામનો કરવા વિશે પણ વાત કરી. તેણે કહ્યું કે તેણે પોતાની શાંતિ જાળવવા માટે મૌન પસંદ કર્યું હતું. આપણે 'વ્યક્તિગત જીવન' કેમ કહીએ છીએ તેનું એક કારણ છે. તે ખાનગી હોવું જોઈએ. સિક્કાની બે બાજુઓ હોય છે. તમે એક હાથે તાળી પાડી શકતા નથી.

# એશિયન શૂટિંગમાં મનુ ભાકર ચોથા સ્થાને રહી, જુનિયર્સમાં સફળતા



ઓલિમ્પિક્સમાં ભારત માટે બે મેડલ જીતનારી સ્ટાર શૂટર મનુ ભાકર એસિયન શૂટિગં ચેમ્પિયનશિપમાં ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં સોમવારે ચોથા ક્રમે રહી હતી પરંતુ જુનિયર્સમાં ભારતીય શૂટર્સે સપાટો બોલાવી દીધો હતો. ૨૫ મીટર પિસ્તોલની આઠ શૂટરની ફાઈનલમાં ભાકર અને તેની ભારતીય સાથી ઈશા સિંઘ અનુક્રમે ચોથા અને છઠ્ઠા ક્રમે રહી હતી. વિયેતનામની બ્રોન્ઝ મેડલ વિજેતા થાઉ વિન્હના ૨૯ પોઈન્ટની સરખામણીએ ભાકર ૨૫ શોટ હાંસલ કરી શકી હતી. જોકે જુનિયર્સમાં ૨૫ મીટર પિસ્તોલમાં ભારતને શાનદાર સફળતા મળી હતી જેમાં પાયલ ખત્રીએ ૩૬ પોઈન્ટના શોટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો તો નાયમા કપૂર (૩૦ શોટ) અને તેજસ્વિની (૨૭) એ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યાં હતાં. આ જ ટીમે ૧૭૦૦ પોઈન્ટ સાથે ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે કોરિયાએ ગોલ્ડ અને કઝાકસ્તાનની ટીમે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો.

નાયમા અને તેજસ્વિની ક્વોલિફાયરમાં મોખરાના બે ક્રમે રહી હતી જ્યારે પાયલ છઠ્ઠા ક્રમે રહીને જુનિયર્સની ફાઈનલમાં પ્રવેશી હતી પરંતુ ફાઈનલ્સમાં પાયલે કમાલ કરી દીધી હતી. અગાઉ સોમવારના દિવસ દરમિયાન ચીની શૂટર્સ યુઈયૂ ઝાંગ અને જીરુક્ષિયાનુ ક્ષિયાઓએ સિનિયર વિમેન્સમાં ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ જીત્યો હતો. જીરુક્ષિયાનુ ૩૯ પોઈન્ટને અંતે ૪-૩થી પાછળ હતી પરંતુ અહીંથી તેણે આગેકૂચ શરૂ કરી હતી. ભારતની ભાકર, ઈશા અને સિમરનપ્રિત કૌર બ્રારની બનેલી ટીમે ૧૭૪૯ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો જ્યારે ચીને ગોલ્ડ અને સાઉથ કોરિયાએ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.

વિમેન્સ ૨૫ મીટર ક્વોલિફિકેશનમાં ઈશા મોખરે રહી હતી જ્યારે ભાકર બીજા અને ચીનની બે શૂટર ત્રીજા અને ચોથા ક્રમે હતી પરંતુ બંને ચીની ખેલાડીઓએ મેડલ જીતી લીધા હતા. અગાઉ ભાકરે ૧૦ મીટર એક પિસ્તોલમાં વ્યક્તિગત અને ટીમ બંને ઈવેન્ટમાં ભારત માટે બ્રોન્ઝ જીત્યો હતો જ્યારે ઈશા ત્યાર પછીના ક્રમે રહીને સિલ્વર જીતી ગઈ હતી પરંતુ ૨૫ મીટર પિસ્તોલમાં તે બંને પાછળ રહી ગઈ હતી અને મેડલથી વંચિત રહી હતી.

# ટેસ્ટ ક્રિકેટ પડકારજનક રમત છે, સાતત્ય જરૂરી:રોહિત




ટેસ્ટ ક્રિકેટનું ફોર્મેટ ''પડકારજનક અને કંટાળાજનક'' બંને છે પરંતુ તેણે તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની માંગણીઓનો સામનો કરવાનું શીખી લીધું છે. તેમ વર્ષની શરૂઆતમાં પોતાની ટેસ્ટ કારકિર્દીના કેટલાક પાસાઓ પર વિચાર કરતા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની રોહિત શર્માએ સોમવારે જણાવ્યું હતું. ૩૭ ટેસ્ટમાં ૪૩૦૧ રન ફટકારનારા ૩૮ વર્ષીય રોહિત શર્માએ ટી૨૦ ઈન્ટરનેશનલ્સમાંથી નિવૃત્તિ લીધા બાદ આ જ વર્ષે મે મહિનામાં ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હતી. તેની આગેવાનીમાં ભારતને ટી૨૦ ફોર્મેટમાં વર્લ્ડ કપનો ખિતાબ મળ્યો હતો.

એક ઈવેન્ટ દરમિયાન રોહિતે પોતાની કારકિર્દીના કેટલાક પાસાઓને યાદ કર્યા હતા. તેણે મેગા ઈવેન્ટ માટેની તૈયારીઓ વિશે વાત કરી હતી. રોહિતે જણાવ્યું હતું કે તમારે આ માટે સજ્જ રહેવું જોઈએ કેમ કે આ રમત લાંબા સમયની તૈયારી માગી લે છે. ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં તમારે પાંચ દિવસ ટકી રહેવાનું હોય છે. માનસિક રીતે આ બાબત પડકારજનક છે અને તે તમને નીચોવી નાખે છે. પરંતુ તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ માટે જ તૈયાર કરવામાં આવતો હોય છે.જ્યારે મેં કારકિર્દીની શરૂઆત કરી અને મુંબઈ માટે ક્લબ ક્રિકેટમાં પણ રમતો હતો ત્યારે મેચો બે દિવસની રહેતી હતી. આમ અમે એ ધ્યાનમાં રાખીને જ ઘડાયા છીએ આ બાબત તમને મેચની પરિસ્થિતિમાં કેવી રીતે રમત દાખવવી તે શીખવે છે તેમ રોહિતે ઉમેર્યું હતું.તેણે ઉમેર્યું હતું કે કારકિર્દીના પ્રારંભે તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટના મહત્વને સમજી શકતા નથી પરંતુ તેઓ ધીમે ધીમે તે શીખી જાય છે. તમે આગળ વધો અને વયજૂથના ક્રિકેટ અને ત્યાર બાદ સિનિયર પ્લેયર અને કોચ સાથે સંકળાઓ ત્યાર બાદ તમે ધીમે ધીમે તેનું મહત્વ સમજતા થઈ જાઓ છો અને એ રીતે પરિપક્વ બનતા જાઓ છો.તમે યુવાન હોવ છો ત્યારે તૈયારીનું મહત્વ જાણતા નથી અથવા તો સમજતા હોતા નથી પરંતુ આગળ વધો, ઉંમરમાં ફરક પડે ત્યાર બાદ સમજી જાઓ છો કે તમારે શું કરવાનું છે અને કેવી રીતે તૈયારી કરવાની છે તેમ ભારતના આ સફળ સુકાનીએ ઉમેર્યુ હતું.તેણે વધુમાં જણાવ્યું હતું કે તમે ટેસ્ટ ફોર્મેટમાં રમો ત્યારે તમારી પાસેથી ઘણી અપેક્ષા રખાતી હોય ચે અને ખાસ કરીને સાતત્ય દાખવવું સૌથી મહત્વની બાબત છે. તમારે ઉંચા દરજ્જાનું પ્રદર્શન કરવાનું હોય છે અને તમારી પાસેથી એવી જ અપેક્ષા રખાતી હોય છે.

# ચેમ્પિયન આર્યના સબાલેન્કાએ વિજય સાથે અભિયાનનો પ્રારંભ કર્યો

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્યના સબાલેન્કાએ પોતાની પહેલી મેચમાં પડકારજનક પ્રથમ સેટમાં મુકાબલાનો સામનો કર્યા બાદ યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. મોખરાના ક્રમની ખેલાડીએ રવિવારે રાત્રે સ્વિસ ખેલાડી રેબેકા માસારોવાને ૭-૫, ૬-૧થી હરાવી હતી. પરંતુ તે સંઘર્ષ વિનાનો




વિજય ન હતો. સબલેન્કાએ પ્રથમ સેટની શરૂઆતમાં બ્રેક માર્યો હતો અને બંને ખેલાડીઓને ૫-૫ના ડેડલોકમાંથી બહાર કાઢવામાં સફળ થયા ત્યાં સુધી તેઓ એકબીજા સાથે ટકરાતા રહ્યા હતા.ત્યારબાદ સબલેન્કાએ બીજા સેટમાં પ્રભુત્વ મેળવ્યું હતું. તેણે અંતિમ જીત તરફ આગળ વધતાં માત્ર એક જ ગેમ ગુમાવી હતી. મેચ બાદ સબાલેન્કાએ જણાવ્યું હતું કે મને લાગે છે કે મેં પહેલી ગેમમાં મારી શ્રેષ્ઠ શરૂઆત કરી ન હતી, પરંતુ પછી મને મારી લય મળી. આજે હું જે સ્તરે રમી તેનાથી ખુશ છું.'' તેણે આર્થર એશ સ્ટેડિયમમાં હાજર દર્શકોને તેના કટોકટીભર્યા પહેલા સેટમાંથી બહાર નીકળવામાં મદદ કરવા બદલ શ્રેય આપ્યો. ''જ્યારે મેં સેટ પોઈન્ટ જીત્યો અને તમે મને ઉત્સાહિત કરી રહ્યા હતા, ત્યારે હું બેઠી હતી ત્યારે મારી રૂંવાટી ઊભી થઈ ગઈ'' તેમ સબાલેન્કાએ કોર્ટ પર કહ્યું હતું. તેણે ઉમેર્યું હતું કે ''તમારો ટેકો મારા માટે ઘણું મહત્વ ધરાવે છે, અને તમારો ખૂબ ખૂબ આભાર.'' ત્રણ વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન આ વર્ષના ચાર ગ્રાન્ડ સ્લેમમાંથી ત્રણ ટાઈટલ જીતી શકી નથી. ''મને ગ્રાન્ડ સ્લેમ અને વિશ્વ નંબર ૧ સાથે સીઝનનો અંત કરવો ગમશે,'' તેમ તેણે મેચ બાદ જણાવ્યું હતું. જોકે મને લાગે છે કે જો આ લક્ષ્ય પ્રાપ્ત ન થાય, તો પણ હું વિચારીશ કે આ સિઝન મારા માટે ખરેખર અદ્ભૂત રહી છે.

# વિરાટ કોહલીનો ખાસ મિત્ર એ. બી. ડીવિલિયર્સે આરસીબીનો કોચ બનવા તૈયાર




દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ દિગ્ગજ બેટર એ. બી. ડીવિલિયર્સે IPL ૨૦૨૬ પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુમાં વાપસી કરવાનો સંકેત આપ્યો છે. તેણે ભવિષ્યમાં RCBના કોચ અથવા મેંટોર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. નોંધનીય છે કે ડીવિલિયર્સે તેના કરિયરમાં સૌથી વધુ સમય RCBમાં વિતાવ્યો હતો. વિકેટકીપર બેટરે IPL કારકિર્દીની શરૂઆત ૨૦૦૮માં દિલ્હી ડેરડેવિલ્સ (હવે દિલ્હી કેપિટલ્સ) સાથે કરી હતી. ત્રણ સિઝન દિલ્હીની ટીમમાં રમી તે વર્ષ ૨૦૧૧માં RCBની ટીમમાં જોડાયો હતો.

વર્ષ ૨૦૨૧માં ક્રિકેટના બધા જ ફોર્મેટમાં નિવૃત્તિ લેનારા ડીવિલિયર્સે હવે કહ્યું છે કે લીગમાં પૂર્ણ રીતે સમય આપવો મુશ્કેલ છે, પણ RCB સાથે મારા સંબંધ ખૂબ સારા છે. જો RCBની ફ્રેન્ચાઈઝીને મારી જરૂર તો હું પણ તૈયાર છું. ડીવિલિયર્સે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે,' હું ભવિષ્યમાં જુદી ભૂમિકામાં IPL ફરીવાર જોડાઈ શકું છું, પણ વ્યાવસાયિક રીતે પૂર્ણ-સમય સામેલ થવું મુશ્કેલ છે. મારુ દિલ હંમેશા RCBની સાથે છે અને રહેશે. જો ફ્રેન્ચાઈઝી ઈચ્છે કે હું કોચ કે મેંટોર બની શકું છું તો હું જરૂર મારા સમય પ્રમાણે RCBની ટીમમાં વાપસી કરીશ'.

નોંધનીય છે કે એ બી ડીવિલિયર્સે IPLમાં ૧૫૭ મેચ રમી હતી, જેમાં ૪૫૨૨ રન બનાવ્યા હતા. તેની એવરેજ ૪૧.૧૦ની રહી હતી અને સ્ટ્રાઈક રેટ ૧૫૮.૩૩નો રહ્યો છે. તે દરમિયાન ડીવિલિયર્સે RCB માટે બે સેન્ચુરી અને ૩૭ હાફ સેન્ચુરી ફટકારી હતી. એબી ડીવિલિયર્સના નામે આઈપીએલ ઈતિહાસમાં સૌથી મોટો પાર્ટનરશિપનો રેકોર્ડ નોંધાયો છે. તેણે ૨૦૧૬માં ગુજરાત લાયન્સ સામે વિરાટ કોહલી સાથે ૨૨૯ રનની પાર્ટનરશિપ બનાવી હતી. તે સિઝનમાં ડીવિલિયર્સે ૬૮૭ રન બનાવ્યા હતા.એબી ડીવિલિયર્સે તેની IPLની કારકિર્દીમાં કુલ ૧૮૪ મેચ રમી, જેમાં ૧૫૧.૬૮ના સ્ટ્રાઈક રેટથી ૫૧૬૨ રન બનાવ્યા. જેમાં ત્રણ શતક અને ૪૦ અશતક્નો સમાવેશ થાય છે. ૨૦૨૨માં એબીડીને ક્રિસ ગેલ સાથે RCB હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાંઆ આવ્યો હતો.





# કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગમાં ગોલ્ડ સાથે મિરાબાઈ ચાનુનું પુનરાગમન

ભારતની મોખરાના લિફ્ટર મિરાબાઈ ચાનુએ તેની પાસેથી રખાયેલી અપેક્ષામાં પાર ઉતરીને અહીં યોજાયેલી કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં સોમવારે વિક્રમજનક પ્રદર્શન કર્યું હતું અને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

ટોક્યો ઓલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતનારી મિરાબાઈ ચાને સોમવારે અહીંના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સના સ્ટેડિયમ ખાતે વિમેન્સ ૪૮ કિલોગ્રામ વજન જૂથમાં સ્નેચ, ક્લીન એન્ડ જર્કમાં મળીને ૧૯૩ કિલો વજન ઉંચકીને રેકોર્ડ સર્જ્યો હતો. તેણે સ્નેચમાં ૮૪ કિલો, તથા ક્લીન એન્ડ જર્કમાં ૧૦૯ કિલો વજન લિફ્ટ કર્યું હતું. આમ મિરાબાઈએ કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં નવો વિક્રમ સર્જ્યો હતો.

૩૧ વર્ષીય મિરાબાઈ ઈજાને કારણે લગભગ એક વર્ષ સુધી રમતથી દૂર રહી હતી પરંતુ તેણે પોતાનું પ્રદર્શન યાદગાર બનાવીને ઉપસ્થિત અમદાવાદી પ્રેક્ષકોની અપેક્ષા સાચી પુરવાર કરી દીધી હતી. પ્રેક્ષકોએ તેના આગમન સાથે જ તેને વધાવી લીધી હતી.

મિરાબાઈએ તેના પ્રથમ પ્રયાસમાં ૮૪ કિલોગ્રામ વજન ઉંચકતી વખતે ફાઉલ નોંધાવ્યો હતો તે વખતે તેના જમણા ઢીંચણમાં સમસ્યા હોય તેમ જણાતું હતું પકંતુ બીજા પ્રયાસમાં તેણે એટલું જ વજન જરાય તકલીફ વિના લિફ્ટ કર્યું હતું. જોકે ત્રીજા પ્રયાસમાં તેણે ૮૯ કિલોનો પ્રયાસ કર્યો હતો જેમાં તે નિષ્ફળ રહી હતી. આમ છતાં તે મેડલની દાવેદાર તો રહી જ હતી.

આ ઈવેન્ટમાં ચાનુની સ્પર્ધા કરી શકે તેવી કોઈ હરીફ તેના વજનજૂથમાં જોવા મળી ન હતી. આમ જોઈએ તો ચાનુ પોતાની જાત સામે જ હરિફાઈ કરી રહી હતી તેમ લાગતું હતું. ક્લીન એન્ડ જર્કમાં તેણે ૧૦૫ કિલોથી શરૂઆત કરી હતી અને અંતે ૧૦૯ કિલો સુધી પહોંચી હતી. ત્યાર બાદ ૧૧૩ કિલોગ્રામનો અંતિમ પ્રયાસ કરી શકી ન હતી. મલેશિયાની ઈરાને હેનરીએ કુલ ૧૬૧ કિલો (૭૩+૮૮) સાથે સિલ્વર મેડલ જીત્યો હતો તો વેલ્સની નિકોલે રોબર્ટ્સે ૧૫૦ કિલોગ્રામના કુલ વજન (૭૦+૮૦ કિગ્રા) સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આ ઈવેન્ટ સાથે ચાનુએ ૪૮ કિલોગ્રામ કેટેગરીમાં પુનરાગમન કર્યું હતું. તેણે આ જ કેટેગરીમાં અગાઉ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ તથા બે વાર કોમનવેલ્થ ગેમ્સ મેડલ જીત્યો હતો પરંતુ ૨૦૧૮ બાદ તે પહેલી વાર આ કેટેગરીમાં ભાગ લઈ રહી છે.

દરમિયાન જુનિયર કેટેગરીમાં ભારતની સૌમ્યા દળવીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. કોમનવેલ્થ ગેમ્સમાં આ વખતે ૩૦ કોમનવેલ્થ રાષ્ટ્રના ૨૯૦થી વધારે લિફ્ટર્સ ભાગ લઈ રહ્યા છે. સોમવારે ૪૪ કિલોગ્રામ કેટેગરીમાં ભારતની પ્રતિસ્મિતા ભોઈએ ૧૫૦ કિલો વજન લિફ્ટ કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે કેનેડાની લેક્સી ફુંગે સિલ્વર અને શ્રીલંકાની યાશિનીએ બ્રોન્ઝ જીત્યો હતો. યૂથ કેટેગરીમાં ભારતના ધર્મજ્યોતિએ ૫૬ કિલોગ્રામ વજનજૂથમાં નવા કોમનવેલ્થ રેકોર્ડ સાથે ૨૨૪ કિગ્રા વજન ઉંચકીને ગોલ્ડ મેડલ જીત્યો હતો તો શ્રીલંકાના હિમાંશ પેડિગેએ સિલ્વર જીત્યો હતો તેણે ૧૭૩ કિગ્રા વજન ઉંચક્યું હતું.

# ૭ છગ્ગા, ૪૨ બોલમાં સેન્ચુરી... રિંકુ બાદ સંજુ સેમસનની તોફાની બેટિંગ




ભારતીય પસંદગીકારોએ એશિયા કપ ૨૦૨૫ માટે ભારતીય ટીમની પસંદગી કરી છે. જેમાં વિકેટકીપર અને બેટર સંજુ સેમસન પણ ટીમનો ભાગ છે. જોકે, શુભમન ગિલની એન્ટ્રી બાદ સેમસનનું સ્થાન જોખમમાં છે. આવી સ્થિતિમાં હવે તેમણે આ બધી ચર્ચાઓ જવાબ બેટથી આપ્યો છે. એશિયા કપ ૨૦૨૫ પહેલા સંજુ સેમસને કેરળ પ્રીમિયર લીગ ૨૦૨૫માં શાનદાર સદી ફટકારી. તેણે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં એરીઝ કોલ્લમ સેલર્સ સામે કોચી બ્લુ ટાઈગર્સ માટે ૫૧ બોલમાં ૧૨૧ રન બનાવ્યા, જેમાં ૧૪ ચોગ્ગા અને ૭ છગ્ગાનો સમાવેશ થાય છે.

કેરળ ક્રિકેટ લીગ ૨૦૨૫માં સંજુ સેમસન કોચી બ્લુ ટાઈગર્સ માટે બેટિંગ શરૂ કરવા માટે ઉતર્યો. ટીમ ૨૩૭ રનના લક્ષ્યનો પીછો કરી રહી હતી. આ દરમિયાન સંજુ સેમસને પહેલા ૧૬ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. ત્યારબાદ તેણે ફક્ત ૪૨ બોલમાં સદી ફટકારી દીધી હતી. આ ઈનિંગમાં સંજુ સેમસને ૫૧ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૭ છગ્ગા સાથે ૧૨૧ રન બનાવ્યા હતા અને તેની આ ઈનિંગને કારણે જ ટીમને જીત મળી હતી.

# આ ૫ ભારતીય ખેલાડીઓ પહેલીવાર એશિયા કપમાં રમશે

એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. સૂર્યકુમાર યાદવ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે શુભમન ગિલ ઉપ-કેપ્ટન રહેશે. ટીમમાં અભિષેક શર્માથી લઈને હાર્દિક પંડ્યા સુધી, જસપ્રીત બુમરાહ અને હર્ષિત રાણાને પણ ટીમમાં સ્થાન મળ્યું છે, પરંતુ ભારતીય ટીમમાં કેટલાક ખેલાડીઓ એવા છે જે પહેલીવાર એશિયા કપ રમશે.

**અભિષેક શર્મા**

ઓપનર અભિષેક શર્માએ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું, જ્યારે છેલ્લો એશિયા કપ ૨૦૨૩માં રમ્યો હતો. અભિષેકનો ૨૦ ક્રિકેટમાં સ્ટ્રાઈક રેટ ૧૯૪ છે અને તેણે અત્યાર સુધીની ૧૭ મેચની T20 કારકિર્દીમાં બે સદી પણ ફટકારી છે.




**વરુણ ચક્રવર્તી**

વરુણ ચક્રવર્તીએ ૨૦૨૧નો T20 વર્લ્ડ કપ રમ્યો હતો, પરંતુ તે પછી તેને ટીમમાંથી ડ્રોપ કરવામાં આવ્યો હતો. ૨૦૨૪માં વાપસી કર્યા પછી તેણે ૧૨ મેચમાં ૩૧ વિકેટ લીધી છે. તે એશિયા કપમાં ટીમ ઈન્ડિયાનો મુખ્ય અને સૌથી ઘાતક સ્પિન બોલર સાબિત થઈ શકે છે.

**સંજુ સેમસન**

સંજુ સેમસનએ ૨૦૧૫ માં આંતરરાષ્ટ્રીય સ્તરે પદાર્પણ કર્યું હતું, પરંતુ ટીમમાં વારંવાર સમાવેશ અને ડ્રોપ થવાને કારણે તે એશિયા કપ રમી શક્યો નહતો. તે ઈંગ્લેન્ડ સામે સારો દેખાવ કરી શક્યો ન હતો, પરંતુ તે પહેલાં તેણે ૫ ઈનિંગ્સમાં ૩ સદી ફટકારીને પસંદગીકારોનો વિશ્વાસ જીત્યો હતો.

**રિંકુ સિંહ**

ભારતીય ટીમમાં ફિનિશરની ભૂમિકા ભજવતા રિંકુ સિંહને એશિયા કપ ટીમમાં સ્થાન મળવાની આશા ન હતી. તેમ છતાં, તેને ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો અને પસંદગીના થોડા દિવસો પછી તેણે યુપી T20 લીગમાં ૪૮ બોલમાં ૧૦૮ રનની તોફાની ઈનિંગ્સ રમીને દાવો કર્યો છે કે, એશિયા કપ પહેલા તેની તૈયારીઓ યોગ્ય છે.

**જીતેશ શર્મા**

આ વિકેટકીપર બેટ્સમેન IPL ૨૦૨૫માં RCB માટે ઘણી તોફાની ઈનિંગ્સ રમીને એશિયા કપ ટીમમાં પહોંચી ગયો છે. જોકે, વિકેટકીપર તરીકે તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે કે નહીં તે સ્પષ્ટ નથી. ખાસ કરીને શુભમન ગિલના ટીમમાં આગમન પછી, પ્લેઈંગ ઈલેવન કોમ્બિનેશનમાં ફેરફાર નિશ્ચિત માનવામાં આવે છે.



## શારીરિક સ્વાસ્થ્ય જાળવણીના સંદેશ સાથે

# પોલીસ અધિકારી-કર્મચારીઓની ‘સન્ડે ઓન સાઈકલ’ રેલી યોજાઇ

### ‘ફિટનેસ કી ડોઝ , આધા ઘંટા રોજ’ થીમ સાથે પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે યોગ, ઝૂંબા અને રોપ સ્કિપિંગમાં પોલીસકર્મીઓ જોડાયા

સુરત, તા.૨૬

જિલ્લામાં નેશનલ સ્પોર્ટ્સ ડે અંતર્ગત આગામી તા.૨૯ થી તા.૩૧ ઓગસ્ટ ત્રણ દિવસ દરમિયાન શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થનાર છે, જેમાં તા.૩૧ ઓગસ્ટના રોજ ‘ફીટ ઈન્ડિયા’ અભિયાન અંતર્ગત સાઈકલ રેલી યોજાશે. જેના અનુસંધાને વિવિધ કચેરીઓ, સંસ્થાઓ દ્વારા જાહેર જનતા સુધી રમતોનું મહત્વ તથા શારીરિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતો સંદેશો પહોચાડવાના હેતુથી વહેલી સવારે ‘સન્ડે ઓન સાઈકલ’ રેલી યોજાઈ હતી. નાણાવટી મેક્સ હોસ્પિટલથી થઈ સોસીયો સર્કલ, નવજીવન સર્કલ, વાય જંક્શન થઈ આ રૂટ પરથી વાઈટ વિંગ્સ ઝેનોન સુધી આયોજિત સાઈકલોથોનમાં પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલોત, આર્થિક ગુના નિવારણ શાખાના ના.પો.કમિ. ડૉ. કરણરાજ વાઘેલા, ના.પો.કમિ. (ઝોન-૪) ડો. નિધિ ઠાકુર, સાયબર સેલના ના.પો.કમિ. વિશાખા જૈન, મ.પો.કમિ.(પો.મુ.મથક(તાલીમ સુરત શહેર) શ્રી એમ.કે. રાણા સહિત ૫૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓ જોડાયા હતા. સાયકલ ચલાવવાના અગણિત ફાયદા વિષે સમજ અપાઈ હતી. આ ઉપરાંત, ના.પો.કમિ. (પોલીસ મુખ્ય મથક અને એડમિન.) ભક્તિબા ડાભીની દોરવણી હેઠળ ‘ફિટનેસ કી ડોઝ , આધા ઘંટા રોજ" થીમ સાથે સવારે ૭.૦૦ વાગ્યે પોલીસ મુખ્ય મથક સ્થિત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે યોગાભ્યાસ, ઝૂંબા અને રોપ સ્કિપિંગનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦૦ જેટલા અધિકારી- કર્મચારીઓ જોડાયા હતા.

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ૧૦૦મી

# રાષ્ટ્રીય કોન્ફરન્સ નિમિત્તે રાજ્યની નર્સિંગ કોલેજોમાં અંગદાનનો સંકલ્પ

### સુરતમાં નર્સિંગ વિદ્યાર્થીઓ, પ્રોફેસર, ફેકલ્ટીઝ, એડમિન સ્ટાફ તથા વિનસ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફે અંગદાન શપથ ગ્રહણ કર્યા



સુરત, તા.૨૬

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ૧૦૦મી રાષ્ટ્રીય કોન્ફરન્સ નિમિત્તે રાજ્યની નર્સિંગ કોલેજોમાં અંગદાન સંકલ્પ અભિયાન અંગદાન અંગે જાગૃતતા વધે તેમજ બહોળા પ્રમાણમાં અંગદાન સંકલ્પ લેવાય તે માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડો.અનિલ નાયકના માર્ગદર્શન હેઠળૈંસ્છ (ગુજરાત બ્રાન્ચ) તેમજ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી રાજ્યની તમામ નર્સિંગ કોલેજોમાં અંગદાન સંકલ્પ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે શેઠ દલીચંદ વિરચંદ શ્રોફ અશકતાશ્રમ ટ્રસ્ટ સંચાલિત ટી.એન્ડ ટી.વી. ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, વિનસ હોસ્પિટલ, રામપુરા ખાતે નર્સિંગ વિદ્યાર્થીઓ, પ્રોફેસર, ફેકલ્ટીઝ, એડમિન સ્ટાફ તથા વિનસ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ સહિત ૪૭૮ વ્યક્તિઓએ અંગદાન શપથ ગ્રહણ કર્યા હતા. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભી અને ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલાએ સામૂહિક શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલાએ જણાવ્યું કે, ગુજરાત ઓર્ગન ડોનેશનમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપદાદા દેશમુખના વડપણ હેઠળ રાજ્યમાં અંગદાન પ્રવૃત્તિ વેગવાન બની છે, અને બ્રેઈનડેડ થવાના કિસ્સામાં મહત્તમ અંગદાન થાય એવા સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ખાસ કરીને સરકારી હોસ્પિટલોમાં વધુ પ્રમાણમાં અંગદાન થાય એવા સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, ત્યારે માનવતાના આ મહાયજ્ઞમાં એક વિદ્યાર્થી અન્ય ૧૦૦ લોકોને અંગદાન શપથ લેવડાવે અને અંગદાન જનજાગૃત્તિ માટે પ્રેરિત કરે. અંગદાન અભિયાન જનઆંદોલન બને અંગદાનની પ્રવૃત્તિઓ જનજન સુધી પહોંચે અને મહત્તમ અંગદાન થકી અંગોની જરૂરિયાત ધરાવતા વ્યક્તિઓને નવજીવન મળે એવા અમારા પ્રયાસો છે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભીએ કહ્યું કે, નર્સિંગ સ્ટાફ દર્દીઓ અને આરોગ્ય સેવામાં સેતુરૂપ છે. પ્રત્યેક નર્સિંગ સ્ટુડન્ટ ઓનલાઈન શપથ પણ લે એ માટે ક્યુ.આર.કોડની સમજ આપી હતી. નોંધનીય છે કે, ઈન્ડિયન મેડિકલ એસો.ના પ્રેસિડેન્ટ ડો.અનિલ નાયકના માર્ગદર્શનમાં આ અભિયાનના સંકલન અને આયોજનની જવાબદારી ગુજરાત નર્સિંગ કાઉન્સિલના શ્રી ઈકબાલ કડીવાલા નિભાવી રહ્યા છે. સ્વાગત પ્રવચન ટી.એન્ડ ટી.વી.ઈન્સ્ટીટ્યુટના પ્રિન્સીપાલ પ્રો.કિરણ દોમડીયાએ અને આભારવિધિ આસિ.પ્રોફેસર કુ.ચિત્રા કંથારિયાએ કરી હતી. વાઈસ પ્રિન્સિપાલ જિમ્મી મોગરિયા, પ્રો. તન્વી ભાટીયા સહિત ફેકલ્ટીઝ, એડમિન સ્ટાફ, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# સાયણ સુગર પ્રા. શાળામાં બેગલેસ ડે વિશે મોટીવેશનલ સેમિનાર યોજયો

### ગુડ ટચ-બેડ ટચ અને સ્ત્રી શક્તિકરણ વિષયે વિસ્તૃત માર્ગદર્શન

સુરત, તા.૨૬

ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત સાયણ સુગર પ્રાથમિક શાળામાં શનિવારનાં રોજ ’બેગલેસ ડે’ અંતર્ગત ધોરણ- ૬ થી ૮ નાં બાળકો માટે મોટીવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતનાં શ્રીમતી નીતાબેન ગામીત દ્વારા બાળકોને ’તંદુરસ્ત જીવનશૈલી અંતર્ગત વિચારોથી પરિવર્તન’ વિષય પર નિઃશુલ્ક તાલીમ આપવામાં આવી હતી. જેમાં માનસિક મજબૂતી, એંગર કંટ્રોલ, યોગ્ય ખોરાક, ગુડ ટચ બેડ ટચ અને સ્ત્રી સશક્તિકરણ જેવાં વિષયો પર સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતી નીતાબેન ગામીતે અંગત જીવનમાં કેટલાક સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે. જેનું ભાથુ તેઓ બાળકોને આપવા માંગે છે, જેથી સમાજમાં સારા વિચારો ફેલાય. એ માટે તેઓ નિઃશુલ્ક ઝુંબેશ ચલાવી રહ્યાં છે જે નોંધનીય બાબત છે. અંતમાં શાળાનાં આચાર્ય જગદીશચંદ્ર પ્રજાપતિએ શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.



**વદ બીજના રોજ લાલાદુલ્લભ સંતપત ભીમપોર પુજા નું ભવ્ય આયોજન કરવા માં આવ્યું હતું સતપંથ ગુરૂવર્ય ૧૦૦૮ મહામંડલેશ્વર જનાર્દન મહારાજના જ્ઞાનેશ્વર મહારાજ આશીર્વાદ થી પુજા સમાપન થયું હતું મખી મહારાજ બટી દ્વારા પૂજા વિધિ કરવામાં આવી હતી અખિલ ભારતીય કોળી સમાજના આગેવાન શ્રી લક્ષ્મીકાંત પટેલ. સુરેશભાઈ પટેલ અર્પણ પટેલ કનયૈ પટેલ ચિનટુ પટેલ વૈભવ પટેલ કનુભાઈ પટેલ મહેશ પટેલ શનિ પટેલ નિતુ પટેલ પરિમલ પટેલ દિનેશ પટેલ અનુપ પટેલ નિમેષ પટેલ અમ મોટી સખ્ય માં લોકો જોડાયા હતા.**

# આરટીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ સીરીઝમાં પસંદગીના નંબરોનું રી-ઓકશાન

સુરત, તા.૨૬

સુરતના પાલ આરટીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ સીરીઝ(HGV)ના GJ05BZ, GJ05CU, GJ05CW, GJ05CY સિરીઝના ગોલ્ડન અને સિલ્વર પસંદગીના નંબરોનું રિ- ઓક્શન શરૂ કરવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન તા.૨૮ થી ૩૦ ઓગસ્ટના રોજ સુધી થશે. જ્યારે હરાજી તા.૩૦ ઓગસ્ટ થી ૦૧ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને જેમાં http:/parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરવું. જેનો યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીના નિયત સૂચનાઓ મુજબ ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહિ મેળવે અથવા ઉપલબ્ધ નબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહિ તો અરજી તારીખથી ગણતા ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. આ ૬૦ દિવસની મર્યાદા અરજદારને માત્ર વધુ ઓક્શનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે.

## સુરત નવી સિવિલ હોસ્પિટલથી ૭૭મુ અંગદાન

# મહારાષ્ટ્રના ખૂટવાડા ગામના ૧૪ વર્ષીય કિશોરના લીવર, હૃદય, બે કિડનીનું દાન

### નવી સિવિલના તબીબોના પ્રયાસોના પરિણામે ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને મળશે નવજીવન



સુરત, તા.૨૬

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડના મહત્તમ કિસ્સાઓમાં અંગદાન થઈ રહ્યા છે. મૂળ મહારાષ્ટ્રના ખૂટવાડા ગામના ૧૪ વર્ષીય બ્રેઈનડેડ અમિત રોહિદાસ પાવરાના લીવર, હૃદય અને બે કિડનીના દાનથી ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે. નવી સિવિલ હોસ્પિટલથી આ સાથે ૭૭મુ સફળ અંગદાન થયું છે. મૂળ મહારાષ્ટ્રના ખુટવાડા રાજબરડી, તા.દંડગાંવ, જિ.નંદુરબારના વતની અમિત પાવરા તા.૨૨મી ઓગસ્ટના રોજ સાંજે ૭.૦૦ વાગ્યે બાઈક લઈને દંડગાંવ જઈ રહ્યો હતો, ત્યારે સામે આવતી બાઈક સાથે અકસ્માત થતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં નજીકના દંડગાંવ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં સારવાર બાદ સ્વાસ્થ્યમાં સુધાર ન જણાતા નંદુરબાર હોસ્પિટલમાં અને ત્યારબાદ તબીબની સલાહથી તા.૨૩મીએ બપોરે ૧.૨૫ વાગ્યે ૧૦૮ સેવા મારફતે સુરતની નવી સિવિલમાં ઈમરજન્સી વોર્ડમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર બાદૈંઝેમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. તા.૨૫મી ઓગસ્ટે આર.એમ.ઓ ડો.કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડીયા, ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિ, મેડિકલ ઓફિસર (ટ્રીટીંગ) ડૉ.રિચા બી. મિસ્ત્રીએ અમિતને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. સોટોની ટીમના ડો.કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ પિતા રોહિદાસ શંકરભાઈ, માતા ચિમીબાઈ, ભાઈ અજીત અને બહેન અનિતાને અંગદાનનું મહત્વ સમજાવ્યું. પરિવારે અંગદાનના પૂણ્યકાર્યમાં સંમતિ આપીને માનવતાની ફરજ નિભાવી હતી. પરિવારે સમંતિ આપતા અંગદાન પ્રક્રિયા કરવામાં આવી હતી. હૃદય યુ.એન.મહેતા કિડની હોસ્પિટલ- અમદાવાદ તેમજ લીવર, બે કિડની અમદાવાદનીંદ્ભઢઈઝ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. નવી સિવિલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ તબીબી અને નર્સિંગ સ્ટાફ, સિક્યુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ જાગૃત્ત સ્વયંસેવકોએ સફળ અંગદાન માટે જહેમત ઉઠાવી હતી.




**વિદેશથી આયાત થનારા કપાસ પરની તમામ પ્રકારની ડ્યુટી નાબૂદ કરવાના ભારત સરકારના નિર્ણયથી સ્થાનિક કપાસના ઉત્પાદનના ભાવો ગગડી જતા આજે સુરત આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના ખેડૂતોના હિતમાં જિલ્લા કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.**

# આઝાદીની ચળવળ દરમ્યાન ગોરાઓ શ્રીગણેશોત્સવથી થરથર ધ્રુજતા અને ખૂબ ગભરાતા હતા!

ગણેશ ચતુર્થી જેને વિનાયક ચતુર્થી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હિન્દુ દેવ ગણેશના જન્મદિવસની ઉજવણી કરતો એક હિન્દુ તહેવાર છે.આ તહેવાર ઘરોમાં ખાનગી રીતે અને જાહેરમાં વિસ્તૃત પંડાલો પર ગણેશ મૂર્તિઓની સ્થાપના દ્વારા ચિહ્નિત થાય છે. ધાર્મિક વિધિઓમાં વૈદિક સ્તોત્રો અને હિન્દુ શાસ્ત્રોનો જાપ, જેમ કે પ્રાર્થના અને વ્રતનો સમાવેશ થાય છે. દૈનિક પ્રાર્થનામાંથી મળેલા પ્રસાદ અને પ્રસાદનું વિતરણ પંડાલમાંથી સમુદાયમાં કરવામાં આવે છે.આ તહેવાર શરૂ થયા પછી દસમા દિવસે સમાપ્ત થાય છે, જ્યારે મૂર્તિને સંગીત અને સમૂહ મંત્રોચ્ચાર સાથે જાહેર શોભાયાત્રામાં લઈ જવામાં આવે છે, પછી અનંત ચતુર્દશીના દિવસે નજીકના નદી કે સમુદ્ર જેવા પાણીમાં, જેને વિસર્જન કહેવાય છે, વિસર્જન કરવામાં આવે છે. એકલા મુંબઈમાં, વાર્ષિક આશરે ૧૫૦,૦૦૦ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. તે ભારતના મહારાષ્ટ્ર રાજ્યનો એક રાજ્ય તહેવાર છે. ગણેશ ચતુર્થીની ઉત્પત્તિ અજાણ હોવા છતાં, ૧૮૯૩ માં મહારાષ્ટ્રમાં પ્રખ્યાત વસાહતી વિરોધી સ્વાતંત્ર્ય સેનાની, લોકમાન્ય બાલ ગંગાધર તિલક દ્વારા જાહેર ઉજવણી શરૂ કરવામાં આવ્યા પછી તે વધુને વધુ લોકપ્રિય બન્યું. તે હિન્દુ રાષ્ટ્રવાદી ઓળખ બનાવવા અને બ્રિટિશ શાસન સામે બળવો કરવાનું એક માધ્યમ હતું.લોકમાન્ય ટિળક તરીકે જાણીતા બાળ ગંગાધર ટિળક ભારતની આઝાદીની લડતના પ્રથમ લોકપ્રિય આગેવાન, સ્વાતંત્ર્ય સેનાની, શિક્ષક અને સમાજ સુધારક હતા. અંગ્રેજ વસાહતી હોદ્દેદારો તેમનું અપમાન કરવા અને તેમને નીચા પાડવા "ભારતીય અશાંતિના જનક" એવા નામે બોલાવતાં, જ્યારે ભારતીય લોકોએ તેમને સન્માનથી ’લોકમાન્ય’નું વિશેષણ આપ્યું હતું. ટિળક સ્વરાજ્યની માંગણી કરનાર પ્રથમ પેઢીના નેતા હતા. "સ્વરાજ્ય એ મારો જન્મ સિદ્ધ અધિકાર છે, અને તે હું મેળવીને જ જંપીશ" એ વાક્ય આજે પણ ભારતીય લોકોને સારી રીતે યાદ છે!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

**ભારત પર**

**પહેલા પાનાનું ચાલુ**

ભારત તેમાં ટેરીફ દુર કરે પણ તેનાથી દેશના ખેડૂતો નાના વ્યાપારીઓને અસર થઈ શકે છે અને રાજકીય રીતે પણ મોદી સરકાર માટે તે આત્મઘાતી પુરવાર થઈ શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમેરિકી દબાણ સામે નહી ઝુકવાની નીતિ અપનાવી છે તથા દેશના હિતો સાથે સમાધાન નહી તે મકકમતા દર્શાવી છે.

**ટ્રમ્પ**

**પહેલા પાનાનું ચાલુ**

તેઓનો આ ભેદભાવવાળા કાનૂન કે નિયમનો ઉપરાંત ટેક્ષ દુર નહી કરે. તે દેશ પર વધારાના ટેરીફ લાદવામાં આવશે તથા અત્યંત ઉચ્ચ ટેકનોલોજીની નિકાસ પણ રોકવામાં આવશે.

**આપના નેતા**

**પહેલા પાનાનું ચાલુ**

ઈન્કાર કર્યો હતો. આરોપ હતો કે વર્ષ ૨૦૧૮-૧૯માં ૫૫૯૦ કરોડ રુપીયાના ખર્ચની ૨૪ હોસ્પિટલ પરિયોજનાઓ (૧૧ ગ્રીન ફીલ્ડ અને ૧૩ ગ્રાઉન્ડ ફીલ્ડ) સ્વીકૃત કરવામાં આવી હતી.

તેમાં મોટા પ્રમાણમાં હેરાફેરીનો આરોપ છે. ૬૮૦૦ના કુલ બંડની ક્ષમતા વાળી ૭ આઈસીયુ હોસ્પિટલને ૨૦૨૧થી ૬ મહીનામાં પુર્વ એન્જીનીયર સંરચનાઓના ઉપયોગ કરીને નિર્માણ માટે રૂ.૧૧૨૫ કરોડના ખર્ચની મંજુરી અપાઈ હતી. ત્રણ વર્ષથી વધુ સમય વિત્યા બાદ પણ ૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચની સાથે માત્ર ૫૦ ટકા કામ પુરૂ થયું છે.

**તાવી નદી**

**પહેલા પાનાનું ચાલુ**

દાવો કરવામાં આવ્યો છે કે ભારતે સિંધુ જળ સંધિ હેઠળ પાકિસ્તાનને સંભવિત પૂર વિશે જાણ કરી છે.જીઓ ન્યૂઝ અને ધ ન્યૂઝ ઈન્ટરનેશનલે સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે ભારતે ૨૪ ઓગસ્ટની સવારે જમ્મુમાં તાવી નદીમાં પૂરની શક્યતા અંગે ઈસ્લામાબાદને ચેતવણી આપી હતી.પહેલગામ હુમલા બાદ ભારતે સંધિ રદ કરી દીધી હતી. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે ૧૯૬૦માં પાકિસ્તાન સાથે થયેલી સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી.

**અમેરિકાનો ધ્વજ**

**પહેલા પાનાનું ચાલુ**

મહિના પહેલા, લોસ એન્જલસમાં વિરોધીઓએ અમેરિકન ધ્વજ સળગાવ્યા હતા અને મેક્સીકન ધ્વજ લહેરાવ્યા હતા, જેનાથી ટ્રમ્પ ગુસ્સે થયા હતા. અમેરિકામાં કેશલેસ જામીન પ્રણાલી હેઠળ, ન્યાયાધીશો કોઈપણ પૈસા જમા કરાવ્યા વિના આરોપીઓને છોડી શકે છે. ટ્રમ્પે આ પ્રણાલીને ખૂબ જ લવચીક ગણાવી અને તેને નાબૂદ કરવાનો આદેશ આપ્યો. તેમણે પામ બોન્ડીને એવા રાજ્યો અને શહેરો ઓળખવા કહ્યું છે જ્યાં કેશલેસ જામીન લાગુ કરવામાં આવે છે. આ સ્થળોએ કેન્દ્રીય ભંડોળ (સરકારી નાણાં) રોકી અથવા સમાપ્ત કરી શકાય છે. ટ્રમ્પના આદેશમાં ખાસ કરીને રાજધાની વોશિંગ્ટન ડી.સી. પર ભાર મૂકવામાં આવ્યો છે, જ્યાં ટ્રમ્પ વહીવટીતંત્રે પહેલાથી જ કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

**હિમાચલમાં**

**પહેલા પાનાનું ચાલુ**

વિભાજે આગે અને આવતીકાલે જમ્મુ વિસ્તારના આઠ જિલ્લામાં રેડ એલર્ટ અને કાશ્મીરના ત્રણ જિલ્લામાં એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન વાદળ ફાટવા, પુર અને ભૂસ્ખલનનો ખતરો છે.બીજી બાજુ ભારે વરસાદથી ઉધમપુર અને રિયાસી જિલ્લામાં કાચા મકાનોને નુકસાન થયું છે. કાશ્મીરમાં અમરનાથ ગુફા અને જોજીલામાં બરફવર્ષા થઈ છે. વરસાદના કારણે હાઈવે ક્ષતિગ્રસ્ત થતા ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા સ્થગીત કરી દેવાઈ છે.હિમાચલ અને જમ્મુમાં થઈ રહેલા વરસાદના કારણે પઠાનકોટમાં આવેલ રણજીત સાગર ડેમના બધા દરવાજા વર્ષ ૨૦૦૭ બાદ પહેલીવાર ખોલવામાં આવ્યા છે. જેના કારણે નદીમાં પાણી વધતા આસપાસના ગામોમાં પુર આવ્યુ છે.

**રૂના ભાવ**

**પહેલા પાનાનું ચાલુ**

ગાળામાં વધુ ત્રણ લાખ ગાંસડીનો સ્ટોક ઉભો થવાનું અનુમાન છે. નિકાસકારોને રાહત આપવાના પગલાથી વિપરીત અસર હેઠળ લોકલ માર્કેટમાં રૂ-કપાસનાં ભાવ ઘટી ગયા છે તેને કારણે ખેડુતોમાં ગણગણાટ છે. આ સાઈડ ઈફેકટ દુર કરવા માટે ટેકાના ભાવે કપાસની ખરીદી મોટા પ્રમાણમાં અને અમર્યાદિત ધોરણે કરવાની તૈયારી કરવામાં આવી છે. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના મેનેજીંગ ડાયરેકટર લલીતકુમાર ગુપ્તાએ કહ્યું કે આ વર્ષે એજન્સી વધુ સક્રિય રહેશે. ખરીદીમાં કોઈ મર્યાદા રાખવામાં નહિં આવે. ગત વર્ષે એક કરોડ ગાંસડીની ખરીદી કરી હતી. કોરોના વર્ષમાં બે કરોડ ગાંસડી ખરીદવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આયાત જકાત રદ કરાતા રૂના ભાવમાં સરેરાશ ચાર ટકાનો ઘટાડો છે.માર્કેટ યાર્ડોમાં કપાસના ભાવ ૧૩૦૦ થી ૧૬૫૦ આસપાસ કવોટ થઈ રહ્યા છે. વધુ ઘટાડો થશે કે કેમ તેના પર મીટ છે.

**બિહારમાં**

**પહેલા પાનાનું ચાલુ**

કરોડ રૂપિયાથી વધુ રોકાણ કરનારા ઔદ્યોગિક એકમોને ૨૫ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓને ૧૦ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે. જાહેરાત અનુસાર, આ ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ હેઠળ લાભ મેળવવા માટે, રોકાણકારોએ ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલાં અરજી કરવી ફરજિયાત રહેશે. આ નવું ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ ૫ વર્ષમાં ૧ કરોડ યુવાનોને નોકરીઓ અને રોજગાર પ્રદાન કરવામાં મદદ કરશે.

**વોટ અધિકાર**

**પહેલા પાનાનું ચાલુ**

આ દરમિયાન ભીડે ’વોટ ચોર-ગદ્દી છોડ’ ના નારા લગાવ્યા. પ્રિયંકા ગાંધી હાથ જોડીને લોકોનું સ્વાગત કરતા દેખાયા હતા.

આ યાત્રા સુપૌલ થઈને મધુબનીમાં એન્ટ્રી કરશે. આ પછી, લોહિયા ચોક ખાતે એક જાહેર સભાનું આયોજન કરવામાં આવશે. યાત્રા દરમિયાન, સિજૌલિયા ખાતે એક અતિ પછાત સંમેલનનું આયોજન કરવામાં આવશે, જ્યાં લંચ બ્રેક થશે.આ પછી, રાહુલ ગાંધીનો કાફલો મોહન ચોક થઈને આગળ વધશે. સાકરીમાં જાહેર સભા પછી, રાહુલ ત્યાં રાત્રિ રોકાણ કરશે. તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડી આજની યાત્રામાં જોડાયા છે.અહીં, પટનાથી સુપૌલ જતી વખતે તેજસ્વીએ કહ્યું, ’યાત્રાને લઈને લોકોમાં ઘણો ઉત્સાહ છે, મહાગઠબંધનને લોકોનો પ્રેમ મળી રહ્યો છે. જેના કારણે NDAના લોકો બેચેન થઈ રહ્યા છે. અમે પહેલા પણ કહ્યું હતું કે NDAનો અર્થ ’નહી દેંગે અધિકાર’ છે.

**ચેમ્બરમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

એસજીસીસીઆઈ બિઝનેસ કનેક્ટના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ વકતા શ્રી ભૌતિકકુમારનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તેમણે આગામી ૨ મીટિંગનાં આયોજનની વિગતો જાહેર કરી હતી. એસબીસીના કો - ચેરમેનો શ્રી કેતન શાહ અને શ્રી વિશાલ બક્ષીએ સભ્યોનું ૨૫ સેકન્ડનું અસરકારક પ્રેઝન્ટેશનનું સંચાલન કર્યું હતું.

આ મિટીગમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલા, એસબીસી કમિટીના એડવાઈઝરો શ્રી ચિરાગ દેસાઈ અને સુશ્રી સ્નેહા જરીવાલા તથા સભ્યો ઉપસ્થિત રહયા હતા. એસબીસીના સભ્ય સુશ્રી અંકિતા વાલંદે આભારવિધિ કરી હતી.

**પાવર ગ્રીડ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

છે. જેથી આ જાહેરનામું કોઈ ચોકકસ જૂથને લાભ કરાવવા માટે સદર પ્રોજેકટનાં અધિકારીઓ દ્વારા ઈરાદાપૂર્વક ખોટી અને અધૂરી માહિતી આપવામાં આવેલ હોય એવું સ્પષ્ટ પણે જણાય આવે છે.

વધુમાં એ બાબતે પણ આપશ્રીનું ધ્યાન દોરીએ છીએ કે સદર જાહેરાતમાં દર્શાવેલ બ્લોક નંબરો પૈકી ફક્ત ૧૧ બ્લોક નંબર ખેતીનાં છે અને બાકીનાં ૨૩ બ્લોક નંબરો બીનખેતીનાં થયેલ છે. અને બીનખેતીના ૨૩ બ્લોક નંબર પૈકી ૧૫ બ્લોક નંબરો જાન્યુઆરી ૨૦૨૫ પછી બિનખેતી થયેલા હોય એવું રેવન્યુ રેકોર્ડ ઉપરથી સ્પષ્ટ જણાય છે. પાવરગ્રીડ ઓલપાડ સાઉથ ટ્રાન્સમિશન કંપની લી એ ભારત સરકારની માલિકીની પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમીટેડ ની ૧૦૦ સબસીડીયરી કંપની હોય પાવરગ્રીડ સાઉથ ઓલપાડ ટ્રાન્સમિશન કંપનીનાં અધિકારી તેમજ રાજકીય વગધરાવતા ચોકકસ જૂથને લાભ કરવા માટે દેશનાં ટેક્ષ ભરતા નાગરિકોનાં નાંણાનો દૂરઉપયોગ થઈ રહયો હોય એવું લાગે છે.

**વ્યારા કોલેજ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કોલેજ વ્યારા જિ. તાપીના દ્ગજીજી श દ્ગઝ્રઝ્ર સેલના સંયુક્ત ઉપક્રમે અને ન.પ્રા. શિ. સમિતિના સભ્ય કુ. સ્વાતિ બેન સોસાના સહયોગથી અંગદાન જાગૃતિ સેમીનારનું સુંદર આયોજન કોલેજનાં આચાર્યશ્રી ડો એચ.વાય ખરવાસીયા સર દ્વારા કરવામાં આવ્યું. તેમાં શ્રી દિલીપભાઈ દેશમુખ દાદા દ્વારા અંગદાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેમણે કહ્યું કે, " આપના સમાજમાં અંગદાન જાગૃતિના અભાવે અનેક લોકો અંગોની પ્રતીક્ષામાં છે માટે આપણે અંગદાન જાગૃતિ માટે પ્રયાસ કરીએ. અનેક લોકોએ આ વિસ્તારમાંથી પણ અંગદાન કર્યું છે. ઉપરાંત તેમણે કહ્યું કે, આજે જેમ આ કૉલેજના અનેક વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રી સ્તરે શિક્ષણની કારણે આગળ વધી રહ્યા છે એમ જ આજે અંગદાન માટે જે માન્યતાઓ પ્રવર્તે છે.

તેમાંથી આપણે બહાર આવવું પડશે. અને આપના સમાજમાં વિસ્તારમાં અંગદાન જાગૃતિ લાવવી પડશે." આ સિવાય કૉલેજના દ્ગઝ્રઝ્ર અને દ્ગજીજી ના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને કાર્યક્રમના અંતે અંગદાન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું આ કાર્યક્રમમાં પ્રા. શ્રી વસંત ભાઈ ગામિત, કુ. સ્વાતિ બેન સોસા, શ્રી કિશોર ભાઈ સોસા, શ્રી વિક્રમ ભાઈ તરસાલીયા, શ્રી જેનિસ ભાઈ શાહ, કુ. કરન ભાઈ સોસા તેમજ શ્રી મકરંદ ભાઈ જોશી અને કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ, તાપી જિલ્લાના આગેવાનો અને બહોળી સંખ્યામાં કૉલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા અને કોલેજના આચાર્ય શ્રી ખરવાસીયા સાહેબ અંગદાનના અભિયાનને વેગ આપવા સૌને આવાહન કર્યું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૬ ઓગષ્ટ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# નવસારીમાં કરૂણાંતિકા : વીજ કરંટ લાગતા બેનાં મોત

## જલાલપોરના કરાડી ગામે શ્રીજી શોભાયાત્રા વેળા હાઈટેન્શન વાયરને લોખંડના પાઈપથી ઊંચું કરવા જતા કરંટ પ્રસર્યો : પાંચ જણાં ઈજાગ્રસ્ત

**પ્રતાપ પ્રતિનિધિ, નવસારી, તા. ૨૬**

નવસારીમાં ગઈકાલે કરૂણાંતિકા સર્જાઈ હતી. શ્રી ગણેશજીની પ્રતિમાની પધરામણી માટે વાજતે ગાજતે શોભાયાત્રા જલાલપોરના કરાડી ગામે નીકળી હતી. ત્યારે શ્રીજીની પ્રતિમાને નડતરરૂપ ઈલેક્ટ્રીક વાયરોને ખસેડવા માટેના લોખંડનો પાઈપ હાઈટેન્શન વાયરને અડી જતા કરંટ લાગવાથી બેના મોત થયા હતા. જ્યારે પાંચ જણાં દાઝી ગયા હતા. આ ઘટનાને પગલે શોભાયાત્રામાં હડકંપ મચી ગયો હતો.

નવસારીના જલાલપોર તાલુકાના કરાડી ગામમાં સોમવારે ગણપતિ મહોત્સવને લઈને મૂર્તિ લઈને આવતી વખતે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ગણેશ મૂર્તિ લઈ જતી વખતે લોખંડના પાઈપથી હાઈટેન્શન લાઈન ઊંચી કરતા ૭ લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં બેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં છે જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, જલાલપોરના કરાડી ગામે ગણપતિની મૂર્તિ લઈ જતી વખતે લોખંડના પાઈપથી હાઈટેન્શન લાઈન ઊંચી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વાયર જોઈન્ટ થઈ જતાં ૭ લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં પ્રિતેશ પટેલ અને મિતુલ પટેલનું મોત નિપજ્યું છે. જ્યારે કેયુર પટેલ, નિશાંત પટેલ, વિજય પટેલ, કરીશ પટેલ અને નિલેશ પટેલને ગંભીર ઈજાઓ થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલ જલાલપોર પોલીસે આ ઘટના અંગે તપાસ શરૂ કરી છે.

સુરત સહિત ગુજરાતભરમાં લોકો શ્રીજીમય બન્યાં છે. નવ નવ ફૂટ જેટલી ઊંચી મૂર્તિઓની સ્થાપના થઈ રહી છએ. ત્યારે ઊંચી મૂર્તિઓને કારણે શહેરમાં પથરાયેલી આકાશી ઈલેક્ટ્રીક વાયરોને કારણે ગંભીર ઘટના બને છે. આવી જ ઘટના આ જલાલપોરના કરાડી ગામે બની હતી. પ્રશાસન દ્વારા ઊંચી મૂર્તિ પર પ્રતિબંધ છતા ઊંચી મૂર્તિઓ બનાવવામાં આવી રહી છે.

**ઘટનામાં દાઝી ગયેલા અને મૃતકની નામાવલી**

**મૃતક** : પ્રિતેશ પટેલ, મિતુલ પટેલ

**દાઝેલા** : કેયુર પટેલ, નિશાંત પટેલ, વિજય પટેલ, હરીશ પટેલ, નિલેશ પટેલ

# રેગિંગ મુક્ત કેમ્પસ બનાવવા વીર નર્મદ યુનિ.માં સેમિનાર યોજાયો

## સન્માનજનક શૈક્ષણિક વાતાવરણ માટે કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાની પહેલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લોક પ્રશાસન વિભાગ દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ "શિક્ષકો અને વિદ્યાર્થીઓની દ્રષ્ટિ: રેગિંગને કેવી રીતે અટકાવવી" વિષયક એક જાગૃતિ પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. આ પહેલ દરેક વિદ્યાર્થી માટે એક સલામત, સમાવેશયુક્ત અને સન્માનજનક શૈક્ષણિક વાતાવરણ બનાવવા માટે વિભાગની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓએ રેગિંગના માનસિક, સામાજિક અને કાનૂની અસરોને દર્શાવતી એક પ્રેરણાદાયક ડોક્યુમેન્ટરી જોઈ હતી. આ ડોક્યુમેન્ટરી વિદ્યાર્થીઓને રેગિંગના દૂષ્પ્રભાવો અંગે જાગૃત કરવા અને રેગિંગમુક્ત કેમ્પસ બનાવવા માટે સામૂહિક જવાબદારીની મહત્વતાને સમજાવવા માટે યોજવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો અને તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ પોતાના વ્યક્તિગત અનુભવો બતાવીને શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગ રોકવા માટે અસરકારક ઉપાય સૂચવ્યા હતા. તેમની ભાગીદારીએ આ મુદ્દાની ગંભીર સમજ અને સ્વસ્થ અને સુરક્ષિત વિદ્યાર્થી સંસ્કૃતિ બનાવવા માટેની ઈચ્છા દર્શાવી હતી. આ ઉપરાંત વિભાગમાં એન્ટી રેગિંગના સંદર્ભમાં પોસ્ટરો પણ લગાડવામાં આવ્યા છે. વિભાગીય સંયોજક ડૉ. મધુ એમ. થવાનીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને આપસી સહયોગ અને સમજ અને સમયસર હસ્તક્ષેપનું મહત્વ સમજાવ્યું અને તેમણે વિદ્યાર્થીઓને એકબીજાનું સમર્થન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. દીપિકા ગુપ્તા, ડૉ. નિલમ પટેલ, ડૉ. મમતા ભક્કડ અને શ્રીમતી મમતા મીના સહિતના ફેકલ્ટી સભ્યોએ રેગિંગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમના સંદેશમાં વિદ્યાર્થીઓએ જવાબદારીપૂર્વક વર્તવું અને સકારાત્મક, સન્માનજનક વાતાવરણ જાળવી રાખવું તે અંગે ધ્યાન દોર્યું હતું.

# પનીર વેચાણના રૂા.૪.૫૩ લાખ લઈને ડ્રાઈવર-હમાલી ગાયબ

## મુંબઈ પનીર વેચી પરત ફરતી વેળા ગોડાદરા પાસે સુપરવાઈઝરને ઉંઘતો મુકી ફરાર થયાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

મુંબઈથી ટેમ્પોમાં રૂ.૪.૫૩ લાખનું પનીર લઈ આવી વાપી અને સેલવાસમાં તેની ડિલીવરી કરી સુપરવાઈઝર તેમજ ટેમ્પો ચાલક અને હમાલી કામ કરતો યુવાન ગોડાદરા સાંઈધામ પાસે ટેમ્પો પાર્ક કરી સુપરવાઈઝર સુઈ ગયા હતા તે સમયે ડ્રાઈવર અને હમાલી પનીર વેચાણના રૂ.૪.૫૩ લાખ ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરીયાદ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મુળ યુપીનો વતની અને હાલ કડોદરા અંતરોલી ગામ ખાતે રહેતો અશોક દુબે ડેરી પ્રોડક્ટ કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે નોકરી કરે છે. તેણે ગઈકાલે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર રામનારાયણ નરેશસિંગ તેમજ હમાલી કામ કરતા પંકજ નામના યુવાન સામે નોકર ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર ગઈ તા.૨૪મીના રોજ સુપરવાઈઝર રવી સાથે ટેમ્પો ચાલક રામનારાયણ તથા હમાલીનું કામ કરતો પંકજ મુંબઈ ખાતેથી પનીર ભરીને તેની વાપી અને સેલવાસમાં ડિલીવરી કરી હતી. જેના રૂ.૪.૫૩ લાખ લઈ ત્રણેય જણા ગોડાદરા સાંઈધામ પાસે આવ્યા હતા અને ટેમ્પો પાર્ક કરી ઉંઘી ગયા હતા આ સમયે ડ્રાઈવર અને હમાલી પનીર વેચાણના એક બેગમાં મુકેલા રૂપીયા તફડાવીને ફરાર થઈ ગયા હતા.



આગામી દિવસોમાં શ્રીજીના વિસર્જન યાત્રા વખતે કોઈ દુર્ઘટના ન બને એ માટે તંત્ર દ્વારા તૈયારી કરવાની હોય છે પરંતુ તસ્વીરમાં નજરે પડે તેમ રિંગરોડ પર વરસાદને કારણે ખાડાઓ પડી ગયા છે એ વિસર્જનને ધ્યાનમાં રાખીને આ ખાડાઓનું રિકાર્પેટ કરવાની તસ્દી હજુ સુધી મનપા તંત્ર દ્વારા લેવામાં આવી નથી. (તસવીર : હનીફ મલેક)



દુદાળા દેવ શ્રી ગણેશજીની પ્રતિમાના વિસર્જન માટે સુરત મહાનગરપાલિકાએ કૃત્રિમ તળાવો બનાવી દીધા છે. પ્રસ્તુત તસ્વીર નાનપુરા શનિવારી બજાર નદી કિનારે કૃત્રિમ તળાવની છે. (તસવીર : હનીફ મલેક)

# અડાજણના સોપારીના વેપારી પાસે રૂા. પાંચ લાખની ખંડણી મંગાઈ

## છરો બતાવી ધમકી આપનાર બે જણાં સામે ગુનો દર્જ થયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

અડાજણ પાટીયા લીંક કોર્નર એપાર્ટમેન્ટમાં રહેતા અને સોપારીનો વેપાર કરતા વેપારીને અને તેના કાકાના દિકરાને રાંદેરમાં રહીને સોપારીનો ધંધો કરો છો તો અમને ૫ લાખ આપવા પડશે તેમ કહી રેમ્બો છરો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી બળજબરીથી રૂ.૬ લાખ પડાવી લીધા હતા. ઈમ્તીયાઝ બચાવ અને ફૈસલ બચાવ વિરૂધ્ધ આ મામલે વેપારીએ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ચોકબજાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ રાજકોટના ધોરાજીના વતની અને હાલ રાંદેર અડાજણ પાટીયા સામે લીંક કોર્નર એપાર્ટમેન્ટમાં રહેતા અબ્દુલમુનાફ અબ્દુલસતાર નૌનપુરવાલા ઉ.વ.૪૭ સોપારીનો વેપાર કરે છે. દરમિયાન ગઈ કાલે સાંજે અબ્દુલમુનાફ તેના કાકાના પુત્ર સાથે વેડરોડ રહેમતનગર ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા ત્યારે ચંદ્રશેખર આઝાદ બ્રીજ પાસે અલફેશાની ટાવરમાં રહેતા ઈમ્તીયાઝ ઉર્ફે સદામ ઈકબાલ બચાવ અને ફૈસલ ઈકબાલ બચાવે અબ્દુલમુનાફ અને તેના કાકાના પુત્રને રાંદેરમાં રહેતા હૈ ઓર સોપારી કા ધંધા કરતા હૈ, સોપારી કા ધંધા કરના હૈ તો હમે પાંચ લાખ દેના પડેગા તેમ કરી કોઈપણ મેટરમાં ફસાવી દેવાની ધમકી આપી છરો બતાવી બળજબરીથી રૂ.૬ લાખ પડાવી લીધા હતા. અને આ બાબતે કોઈને જાણ કરશે તો પરિવાર સહિત જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે ગઈકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આ બંને આરોપીની પોલીસે શોધખોળ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# લવ પ્રોબ્લેમનું નિરાકરણ કરાવવા જતાં ઉમરપાડાનો યુવક છેતરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

ઉમરપાડા વિસ્તારમાં રહેતા યુવકને લવ પ્રોબલેમનું નિરાકરણ લાવી આપવાની ખાતરી આપી ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારક મૌલાના અહેમદ અલીએ યુવાન પાસેથી રૂ.૫૭ હજાર પડાવી લીધા હોવાની ફરીયાદ ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. યુવક-યુવતીઓ પોતાને મન ગમતુ પાત્ર મેળવવા માટે ક્યારેક એટલી હદ સુધી જતા હોય છે કે તેનું પરિણામ કેટલીક વાર ગંભીર પરિસ્થિતિ ઉભી કરી દેતું હોય છે. કોઈક રૂપીયા ગુમાવે છે તો કોઈક કાયદાના સકંજામાં પણ સપડાય જતા હોય છે. આવો જ એક કિસ્સો ઉમરપાડા તાલુકામાં બન્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ઉમરપાડા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ઉમરપાડાના ઝરપણ ગામ ખાતે રહેતા યુવાને તેના લવ પ્રોબલેમ બાબતે ઈન્સ્ટાગ્રામ ઉપર એક આઈડી જોઈ હતી. આઈડીના ધારક મૌલાના અહેમદ અલીએ ચોવીસ કલાકમાં કોઈપણ તકલીફ હોય તે તેનો નિકાલ થઈ જશે અને રીઝલ્ટ જોયા પછી ફી આપવાનું પણ પોતાની આઈડી ઉપર લખ્યું હતું. આ જાહેરાત જોઈને ઉમરપાડાના યુવાને મોલાના અહેમદ અલી નામના ઈન્સ્ટાગ્રામ આઈડી ધારકનો સંપર્ક કર્યો હતો અને પોતાના લવ પ્રોબલેમનું નિરાકરણ લાવવા માટે તેમને જણાવ્યું હતું. દરમિયાન મૌલાના અહેમદ અલીએ યુવાન પાસેથી ફી પેટે રૂ.૫૭ હજાર પડાવી લીધા હતા. જોકે પ્રેમ અંગેની સમસ્યા દૂર નહીં થતા છેતરાયેલા યુવાને ઉમરપાડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

**મૌલાના અહેમદ અલીએ રૂા.૫૭ હજાર ખંખેરી લીધા**

# પાલ ગૌરવ પથ રોડ પર ડમ્પરે વધુ એકનો ભોગ લીધો

## ડમ્પર ડિવાઈડર સાથે અથડાતાં ક્લીનર પટકાઈને કચડાઈ ગયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

આજે વહેલી સવારે સુરત શહેરમાં ફરી એક વખત ડમ્પર ચાલકની લાપરવાઈના કારણે વધુ એક નિર્દોષ વ્યક્તિનો ભોગ લેવાયો હતો. પાલ ગૌરવપથ રોડ ઉપર વહેલી સવારે ડમ્પર ચાલકે ગફલત ભરી રીતે હંકારી રહ્યો હતો. ત્યારે તેણે સ્ટેયરીગ ઉપરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે ભટકાવી દીધી હતી. આ અકસ્માતમાં ડમ્પરમાં બેસેલ ક્લીનીર નીચે પટકાઈને ટાયર નીચે આવી જતા તેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

સુરતમાં શહેરમાં વારંવાર ટ્રક ચાલકોની બેફિકરાઈથી અકસ્માતો સર્જાઈ રહ્યા છે. જેમાં મોટાભાગના અકસ્માતમાં નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. ગંભીર બાબત એ છે કે, મોટા ભાગના અકસ્માતો ડમ્પર અને ટ્રક ચાલકોના કારણે થઈ રહ્યા છે. તે સમયે ડમ્પર અને ટ્રક ચાલકોને સુરત શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ છે. છતાં સુરત પોલીસની લાલિયાવાડીના કારણે ડમ્પર અને ટ્રક ચાલકો સુરત શહેરમાં પ્રવેશીને બેફામ હંકારી અકસ્માતો કરી રહ્યા છે.

આજે જે અકસ્માત થયો હતો, તે વહેલી સવારે ૭ વાગ્યાની આસપાસનો હતો. પાલ ગૌરવપથ રોડ ટાટા શો રૂમની સામે પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રહેલા ડમ્પરના ચાલકે સ્ટેયરીગ ઉપરથી કાબુ ગુમાવ્યો હતો. જેમાં ડમ્પર ડિવાઈડર સાથે ભટકાતા ડમ્પરમાં બેસેલ ક્લીનીર નીચે પટકાયો હતો અને સીધો ટ્રક નીચે આવી ગયો હતો. જેમાં તેને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું હતું.

# ગણપતિ બાપ્પા મોર્યા, કાલથી ગણેશોત્સવનો શુભારંભ

## હજારોની સંખ્યામાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના થશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

આવતીકાલથી ગૌરીપુત્ર ગણેશજીની વાજતેગાજતે ઠેર ઠેર સ્થાપના થશે દશ દિવસ શ્રીજીની પૂજા-અર્ચના કરી દશ દિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવણી થશે. શહેરમાં દોઢ દિવસના ગૌરીપુત્રના વિસર્જન માટેની પણ તૈયારી કરી દીધી છે. ૧૦ દિવસીય ગણેશોત્સવનો પ્રારંભ ભાંદ્રપદ મહિનાના શુકલ પક્ષની ચતુર્થી તિથિએ થાય છે. ગણપતિની મૂર્તિની સ્થાપના માટે મુખ્ય શુભ મહુર્ત સવારે ૧૧.૦૫થી ૧.૩૯ સુધીનું રહેશે. તા.૬ સપ્ટેમ્બરે બાપ્પાને વિદાય અપાશે.

આવતીકાલે ગણેશોત્સવના પ્રારંભ સાથે ઘરે શ્રીજીની પ્રતિમા સ્થાપવા માટે શ્રીજીની પ્રતિમા વેચાણ કેન્દ્રો પર ભીડ જામી છે. તેમજ શણગાર માટેની દુકાનો પર પણ બરોબર ખરીદી જામી છે.

# લાલ દરવાજા પાસે કારે બાઈકને ટક્કર મારી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

શહેરના લાલ દરવાજા વિસ્તારમાં આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક ઓલા બાઈક ચાલકને પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવતી સ્કોર્પિયો કારે પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક અને તેના પેસેન્જરને સામાન્ય ઈજાઓ થઈ હતી.

ઘટનાની વિગત મુજબ, અડાજન પાલનપુર જકાતનાકા સ્થિત શાંતિકુંજ સોસાયટીમાં રહેતા ગણેશ ચૌહાણ (ઉ.વ. ૫૨), જે ઓલા બાઈક ચલાવી રહ્યા હતા, ગણેશ ચૌહાણ તેમના પેસેન્જરને પાછળ બેસાડી લાલ દરવાજાથી અમીશા ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે મને જીજ્ઞેશ દિપક ધામેલ નામના ૨૮ વર્ષીય યુવકે તેની સ્કોર્પિયો કાર (રજી.નં. GJ-05-RT-3855, રહે. ગાયત્રીનગર સોસાયટી ગણેશ પૂરા, અમરોલી) વડે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક કારની આગળ ફસાઈ ગયું અને આશરે ૫૦ મીટર સુધી ઢસડાયું.

અકસ્માત બાદ આજુબાજુના લોકોએ કાર ચાલકને પકડી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે કાર ચાલક જીજ્ઞેશ ધામેલ નશાની હાલતમાં હતો.

ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને પક્ષને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસે જીજ્ઞેશ ધામેલ વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અને નશાની હાલતમાં અકસ્માત કરવા બદલ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાણચોરી કેસમાં દુબઈના રિઝવાનને કોફેપોસામાં હાઈકોર્ટમાંથી રાહત મળી

## કોફેપોસા અટકાયતી પગલાં સામે હાઈકોર્ટમાં દાદ મગાઈ હતી : હાઈકોર્ટમાં અટકાયત સામે વચગાળાનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૬**

રૂ.૨૩ કરોડથી વધુના સોનાની દાણચોરીના કેસમાં મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા દુબઈના રીઝવાન લિંબાડા વિરૂદ્ધ પસાર થયેલા કોફેપોસા એક્ટ અન્વયે હાઈકોર્ટ તરફથી વચગાળાની રાહત મળી હતી. કોફેપોસા એક્ટ અન્વયે ડીઆરઆઈ આરોપી લિંબાડાની એક મહિના માટે અટકાયત નહી કરી શકે તે સંદર્ભે હાઈકોર્ટે વચગાળાનો હુકમ ફરમાવ્યો હોવાનું બચાવ પક્ષના વકીલ ઝફર બેલાવાલાએ જણાવ્યું હતું. જેથી ટૂંકમાં આરોપી લિંબાડા આગોતરા જામીનની શરતોને આધીન દુબઈથી સુરત આવી ડીઆરઆઈ સમક્ષ હાજર રહેશે.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૩ના જુલાઈ માસમાં ડીઆરઆઈએ સુરત એરપોર્ટ ઉપરથી ૨૩ કરોડથી વધુના સોનાની દાણચોરીનો કેસ પકડ્યો હતો. જેમાં ભરૂચના રીઝવાન લિંબાડા(હાલ રહે.દુબઈ)ની સંડોવણી બહાર આવી હતી. આ કેસમાં રીઝવાન લિંબાડા મુખ્ય લાભાર્થી, ફાઈનાન્સર અને સિન્ડિકેટનો મુખ્ય સૂત્રધાર હોવાનું ડીઆરઆઈની તપાસમાં ખુલ્યું હતું. દરમિયાન આ દાણચોરીના કેસ અંતર્ગત ભારત સરકારના સંયુક્ત સચિવે કોફેપોસાની કલમ ૩(૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી આરોપી લિંબાડાને માલની દાણચોરી કરતા અટકાવવા તેને અટકાયતમાં લેવાનો આદેશ પસાર કર્યો હતો. આ અટકાયતનો આદેશ આરોપી લિંબાડાની પત્નીના વોટ્સએપ દ્વારા બજાવવામાં આવ્યો હતો.

દરમિયાન આરોપી લિંબાડાએ સ્પેશ્યલ સિવિલ અરજી કરી કોફેપોસા હેઠળ અટકાયતમાં લેવાના આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, જે-તે સમયે લિંબાડા તરફથી આ સ્પેશ્યલ સિવિલ અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી. બાદમાં આ દાણચોરીના કેસમાં આરોપી લિંબાડાએ સુરતના સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલા મારફતે સુરત સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા ગત જુન માસમાં શરતો લાદીને આગોતરા જામીન મંજુર કરવામાં આવી હતી. બાદમાં કોફેપોસા હેઠળ અટકાયતમાં લેવાના આદેશને ફરીથી હાઈકોર્ટમાં પડકારી વચગાળાનો સ્ટે માગવા રજૂઆત કરી હતી. બચાવ પક્ષના વરિષ્ઠ વકીલ દેવેન પરીખે રજૂઆત કરી હતી કે, ફોજદારી કાર્યવાહી અને નિવારક અટકાયનો આદેશ સંગઠિત દાણચોરી પ્રવૃત્તિઓના સમાન આરોપ પર છે. સેશન્સ કોર્ટે આપેલ આગોતરા જામીનની શરતો મુજબ ડીઆરઆઈ સમક્ષ હાજર રહેવા નિર્દેશ આપ્યો છે. જેથી સેશન્સ કોર્ટના આદેશનું પાલન કરવા માટે અટકાયતના આદેશપર વચગાળાનો સ્ટે આપવા માગ કરી હતી. બંને પક્ષની દલીલો ધ્યાને લીધા બાદ કોર્ટે અટકાયતના આદેશ પર એક મહિના માટે રોક લગાવી છે.

સાંધ્ય દૈનિક
**પ્રતાપ દર્પણ**

**પ્રતાપ દર્પણને શ્રીજીની સ્થાપનાનો ફોટો મોકલો**

**ગૌરીપુત્ર શ્રી ગણેશજીની ઠેર ઠેર સ્થાપના કરવામાં આવે છે. વિવિધ મંડળો, શેરી-મહોલ્લાના શ્રીજીની પ્રતિમાનો ફોટો પ્રતાપ દર્પણમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી ગણેશ આયોજકોએ વ્હોટ્સએપ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫ ઉપર શ્રીજીની પ્રતિમા, મંડળનું નામ, વિસ્તાર લખીને મોકલવા.**